قَالَ فَمَا خَطْبُكُمْ أَيُّهَا الْمُرْسَلُونَ ﴿٣١﴾ قَالُوا إِنَّا
أُرْسِلْنَا إِلَىٰ قَوْمٍ مُجْرِمِينَ ﴿٣٢﴾ لِنُرْسِلَ عَلَيْهِمْ حِجَارَةً
مِنْ طِينٍ ﴿٣٣﴾ مُسَوَّمَةً عِنْدَ رَبِّكَ لِلْمُسْرِفِينَ ﴿٣٤﴾ فَأَخْرَجْنَا
مَنْ كَانَ فِيهَا مِنَ الْمُؤْمِنِينَ ﴿٣٥﴾ فَمَا وَجَدْنَا فِيهَا غَيْرَ
بَيْتٍ مِنَ الْمُسْلِمِينَ ﴿٣٦﴾ وَتَرَكْنَا فِيهَا آيَةً لِلَّذِينَ
يَخَافُونَ الْعَذَابَ الْأَلِيمَ ﴿٣٧﴾ وَفِي مُوسَىٰ إِذْ أَرْسَلْنَاهُ
إِلَىٰ فِرْعَوْنَ بِسُلْطَانٍ مُبِينٍ ﴿٣٨﴾ فَتَوَلَّىٰ بِرُكْنِهِ وَقَالَ سَاحِرٌ
أَوْ مَجْنُونٌ ﴿٣٩﴾ فَأَخَذْنَاهُ وَجُنُودَهُ فَنَبَذْنَاهُمْ فِي الْيَمِّ وَهُوَ
مُلِيمٌ ﴿٤٠﴾ وَفِي عَادٍ إِذْ أَرْسَلْنَا عَلَيْهِمُ الرِّيحَ الْعَقِيمَ ﴿٤١﴾
مَا تَذَرُ مِنْ شَيْءٍ أَتَتْ عَلَيْهِ إِلَّا جَعَلَتْهُ كَالرَّمِيمِ ﴿٤٢﴾ وَفِي
ثَمُودَ إِذْ قِيلَ لَهُمْ تَمَتَّعُوا حَتَّىٰ حِينٍ ﴿٤٣﴾ فَعَتَوْا عَنْ أَمْرِ

**ઇબ્રાહીમે કહ્યું ; 'તો (પછી) અય ફરિશ્તાઓ ! તમે ક્યા કામે આવ્યો છો ?'[1] (૩૧) બોલ્યા ; અમે એક અપરાધી કોમ તરફ મોકલાયા છીએ[2] (૩૨) કે તેમની ઉપર ગારાના બનાવેલા પથ્થરો છોડીએ (૩૩) જે તમારા પરવરદિગાર પાસે હદનું ઉલ્લંઘન કરનારાઓ માટે નિશાનીઓ કરીને મૂકેલા છે'[3] (૩૪) તો અમે તે શહેરમાં જે ઇમાનવાળા હતા તેમને કાઢી લીધા (૩૫) તો અમે ત્યાં એક જ ઘર મુસલમાન ભાળ્યું[4] (૩૬) અમે તેમાં[5] જેઓ દુ:ખદાયક અઝાબથી ડરે છે[6] તેમના માટે ચિન્હ બાકી રાખ્યું (૩૭) અને મૂસા (ના બનાવ) માં[7] (પણ નિશાની છે) જ્યારે અમે તેને સ્પષ્ટ આધાર લઇને ફિરઔન પાસે મોકલ્યો[8] (૩૮) તો (ફિરઔન) પોતાના સૈન્ય સહીત ફરી બેઠો[9] અને બોલ્યો ; 'જાદૂગર છે કે ગાંડો' (૩૯) તો અમે તેને અને તેના સૈન્ય ને પકડીને સમુદ્રમાં નાખી દીધા એવી હાલતમાં કે પોતે જ પોતાને ઠપકો આપી રહ્યો હતો[10] (૪૦) અને આદ (ના બનાવ) માં (પણ નિશાની છે)[11] જ્યારે અમે તેમની ઉપર સુક્કો વંટોળ મોકલ્યો[12] (૪૧) (કે તે) જે વસ્તુ પર પસાર થતો તેને કોહી ગએલી વસ્તુની જેમ (કરીને પડતી) મૂકતો[13] (૪૨) અને ષમૂદ (ના બનાવ) માં (પણ નિશાની છે)[14] જ્યારે તેમને કહેવામાં આવ્યું કે ; એક સમય મર્યાદા સુધી વાપરી લો[15] (૪૩) તો તેમણે પોતાના રબના હુકમ સામે**

૧. અર્થાત આ ખુશખબર સિવાય તમારૂ બીજું શું કામ છે ?

૨. અર્થાત લૂતની કોમ તરફ.

૩. તે પથરાઓ પર નિશાનીઓ હતી તેથી જણાતું હતું કે એ દુનિયાના પથ્થરોમાંથી હતા નહિ. અમુક તફસીરકારોએ કહ્યું છે કે દરેક પથ્થર પર તેનાથી જેનો નાશ થવાનો હતો તેનું નામ લખાએલું હતું.

૪. અર્થાત એક જ ઘરના માણસો અને તે હઝરત લૂત અલયહિસ્સલામ અને આપની બન્ને દીકરીઓ હતી.

૫. અર્થાત લૂતની કોમના તે શહેરમાં તેમનો વિનાશ કર્યા પછી.

૬. જેથી તેઓ બોધ ગ્રહણ કરે અને તેમની જેવાં કાર્યો કરવાથી વેગળા રહે. અને તે ચિન્હ તેમનાં ઉજ્જડ પડેલાં ગામો (અથવા ઘરો) હતાં અથવા તે પથ્થરો જેના વડે તેમનો વિનાશ કરાયો હતો અથવા તે કાળુ ગંધાતુ પાણી જે તે ધરતીમાંથી નીકળ્યું હતું.

૭. અર્થાત હઝરત મૂસા અલયહિસ્સલામના બનાવમાં પણ નિશાની છે.

૮. સ્પષ્ટ આધાર (સુલ્તાનુલ-મુબીન) નો મતલબ હઝરત મૂસા અલયહિસ્સલામના તે મુઅજિઝાઓ છે જે આપે ફિરઔન અને ફિરઔનીઓ સમક્ષ રજુ કર્યા.

૯. અર્થાત ફિરઔને પોતાના માણસો સહિત હઝરત મૂસા અલયહિસ્સલામ પર ઇમાન લાવવાનો ઇન્કાર કર્યો.

૧૦. કે તે કેમ હઝરત મૂસા અલયહિસ્સલામ પર ઇમાન લાવ્યો નહિ અને શા માટે તેમનામાં એબો કાઢી.

૧૧. અર્થાત આદની કોમના વિનાશમાં પણ બોધ ગ્રહણ કરવા માત્ર નિશાનીઓ છે.

બંડખોરી કરી[૧૬] તો તેમની દ્રષ્ટિ સમક્ષ તેમને ગર્જના એ ભરખી લીધા[૧૭] (૪૪) તો તેઓ ન તો ઉભા થઇ શક્યા[૧૮] અને ન તો બદલો લઇ શકતા હતા (૪૫) અને તેમની આગળ નૂહની કોમનો વિનાશ કર્યો. બેશક તેઓ ફાસિક લોકો હતા (૪૬) અને આકાશને અમે હાથો વડે બનાવ્યું[૧૯] અને બેશક અમે વિસ્તૃત કરનાર છીએ[૨૦] (૪૭) અને પૃથ્વીને અમે પથારી બનાવી તો અમે કેટલા ઉત્તમ પાથરનાર (છીએ) (૪૮) અને અમે દરેક વસ્તુને સજોડે બનાવી[૨૧] કે જેથી તમે મનન કરો[૨૨] (૪૯) તો અલ્લાહ તરફ નાસતા આવો[૨૩] બેશક હું તેના તરફથી તમને સ્પષ્ટ ડર સંભળાવનાર છું (૫૦) અને અલ્લાહ સાથે બીજા મઅબૂદ ઠેરવો નહિ. બેશક હું તેના તરફથી તમને સ્પષ્ટ ડર સંભળાવનાર છું. (૫૧) આવી જ રીતે[૨૪] જ્યારે એમના આગલાઓ પાસે કોઇ રસૂલ પધાર્યો તો એવું જ બોલ્યા કે; જાદૂગર અથવા ગાંડો છે (૫૨) શું પરસ્પર એક બીજાને એ વાત કહીને મર્યા છે ? બલ્કે તેઓ બંડખોર લોકો છે[૨૫] (૫૩) તો તમે એમનાથી મોઢું ફેરવી લો તમારા પર કશો આક્ષેપ નથી[૨૬] (૫૪) અને સમજાવો કે સમજાવવું મુસલમાનોને લાભ આપે છે (૫૫) અને મેં જિન્નાત અને માનવી એટલા માટે જ બનાવ્યાં છે કે (તેઓ) મારી બંદગી કરે[૨૭] (૫૬) હું તેમની પાસે કશી

قال فما خطبكم ٢٧ الذريٰت ٥١

رَبِّهِمْ فَأَخَذَتْهُمُ الصَّاعِقَةُ وَهُمْ يَنْظُرُونَ ﴿٤٤﴾ فَمَا اسْتَطَاعُوا
مِنْ قِيَامٍ وَمَا كَانُوا مُنْتَصِرِينَ ﴿٤٥﴾ وَقَوْمَ نُوحٍ مِنْ قَبْلُ
إِنَّهُمْ كَانُوا قَوْمًا فَاسِقِينَ ﴿٤٦﴾ وَالسَّمَاءَ بَنَيْنَاهَا بِأَيْدٍ وَإِنَّا
لَمُوسِعُونَ ﴿٤٧﴾ وَالْأَرْضَ فَرَشْنَاهَا فَنِعْمَ الْمَاهِدُونَ ﴿٤٨﴾ وَمِنْ
كُلِّ شَيْءٍ خَلَقْنَا زَوْجَيْنِ لَعَلَّكُمْ تَذَكَّرُونَ ﴿٤٩﴾ فَفِرُّوا
إِلَى اللَّهِ إِنِّي لَكُمْ مِنْهُ نَذِيرٌ مُبِينٌ ﴿٥٠﴾ وَلَا تَجْعَلُوا مَعَ اللَّهِ
إِلَٰهًا آخَرَ إِنِّي لَكُمْ مِنْهُ نَذِيرٌ مُبِينٌ ﴿٥١﴾ كَذَٰلِكَ مَا أَتَى
الَّذِينَ مِنْ قَبْلِهِمْ مِنْ رَسُولٍ إِلَّا قَالُوا سَاحِرٌ أَوْ مَجْنُونٌ ﴿٥٢﴾
أَتَوَاصَوْا بِهِ بَلْ هُمْ قَوْمٌ طَاغُونَ ﴿٥٣﴾ فَتَوَلَّ عَنْهُمْ فَمَا
أَنْتَ بِمَلُومٍ ﴿٥٤﴾ وَذَكِّرْ فَإِنَّ الذِّكْرَىٰ تَنْفَعُ الْمُؤْمِنِينَ ﴿٥٥﴾
وَمَا خَلَقْتُ الْجِنَّ وَالْإِنْسَ إِلَّا لِيَعْبُدُونِ ﴿٥٦﴾ مَا أُرِيدُ مِنْهُمْ

૧૨. જેમાં જરા પણ ખૈર અને બરકત હતી નહિ એ વિનાશ વેરનાર પવન હતો.

૧૩. પછી તે આદમી હોય કે જાનવર હોય કે મિલ્કત હોય જે વસ્તુને અડી ગઇ તેને એવી કરી મૂકી જાણે કે વરસોની નાશ પામેલી કોહી ગએલી હોય.

૧૪. અર્થાત ષમૂદની કોમના વિનાશમાં પણ નિશાનીઓ છે.

૧૫. અર્થાત મૃત્યુના સમય સુધી જીવી લો એટલો સમય જ તમારી મહેતલનો છે.

૧૬. અને હઝરત સાલિહ અલયહિસ્સલામને જૂઠાડયા તેમ જ ઊંટણીની ઘુંટીઓ કાપી નાખી.

૧૭. અને ભયાનક ગર્જનાથી હલાક કરી દેવાયા.

૧૮. અઝાબના ઉતરાણ સમયે નાસી જઇ શક્યા નહિ.

૧૯. પોતાની કુદરતના હાથ વડે.

૨૦. તેને એટલું બધું કે પૃથ્વી પોતાના અવકાશ સહિત તેમાં એવી રીતે સમાય જાય છે જે રીતે કે એક મોટા મેદાનમાં કોઇ દડો પડેલો હોય. અથવા એ અર્થ છે કે અમે પોતાની મખ્લૂક પર રોજી વિસ્તારનાર છીએ.

૨૧. જેવાં કે આકાશ અને ધરતી, સૂર્ય અને ચંદ્ર, રાત્રી અને દિવસ, સમુદ્ર અને જમીન, ગરમી અને ઠંડી, જિન્નાત અને માનવી, અજવાળું અને અંધારૂ, ઇમાન અને કુફ્ર, સદભાગ્ય અને કુભાગ્ય, સત્ય અને અસત્ય, નર અને માદા.

૨૨. અને સમજો કે આ તમામ જોડાંઓનો સર્જક એક જ છે ન તો તેના જેવું અન્ય કોઇ છે ન તેનો કોઇ

مِّن رِّزْقٍ وَمَا أُرِيدُ أَن يُطْعِمُونِ ﴿٥٧﴾ إِنَّ اللَّهَ هُوَ الرَّزَّاقُ
ذُو الْقُوَّةِ الْمَتِينُ ﴿٥٨﴾ فَإِنَّ لِلَّذِينَ ظَلَمُوا ذَنُوبًا مِّثْلَ
ذَنُوبِ أَصْحَابِهِمْ فَلَا يَسْتَعْجِلُونِ ﴿٥٩﴾ فَوَيْلٌ لِّلَّذِينَ كَفَرُوا
مِن يَوْمِهِمُ الَّذِي يُوعَدُونَ ﴿٦٠﴾

سُورَةُ الطُّورِ مَكِّيَّةٌ وَهِيَ تِسْعٌ وَّأَرْبَعُونَ آيَةً وَّفِيهَا رُكُوعَانِ

بِسْمِ اللَّهِ الرَّحْمَٰنِ الرَّحِيمِ

وَالطُّورِ ﴿١﴾ وَكِتَابٍ مَّسْطُورٍ ﴿٢﴾ فِي رَقٍّ مَّنشُورٍ ﴿٣﴾ وَالْبَيْتِ
الْمَعْمُورِ ﴿٤﴾ وَالسَّقْفِ الْمَرْفُوعِ ﴿٥﴾ وَالْبَحْرِ الْمَسْجُورِ ﴿٦﴾
إِنَّ عَذَابَ رَبِّكَ لَوَاقِعٌ ﴿٧﴾ مَّا لَهُ مِن دَافِعٍ ﴿٨﴾ يَوْمَ تَمُورُ
السَّمَاءُ مَوْرًا ﴿٩﴾ وَتَسِيرُ الْجِبَالُ سَيْرًا ﴿١٠﴾ فَوَيْلٌ يَوْمَئِذٍ
لِّلْمُكَذِّبِينَ ﴿١١﴾ الَّذِينَ هُمْ فِي خَوْضٍ يَلْعَبُونَ ﴿١٢﴾

**રોજી માંગતો નથી[૨૮] અને ન તો એવું ઇચ્છું છું કે તેઓ મને ખાવા આપે[૨૯] (૫૭) બેશક અલ્લાહ જ મહાન રોજી આપનાર શક્તિશાળી કુદરતવાળો છે[૩૦] (૫૮) તો બેશક એ જાલિમો માટે[૩૧] અઝાબનો એક ભાગ છે[૩૨] જેવો કે તેમના સાથીદારો માટે એક ભાગ હતો[૩૩] તો મારી પાસે ઉતાવળ કરો નહિ[૩૪] (૫૯) તો કાફિરોની ખરાબી છે તેમના તે દિવસથી જેનો વાયદો તેમને આપવામાં આવે છે[૩૫] (૬૦)**

## અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૩૬]

**તૂરની કસમ[૩૭] (૧) અને તે લખાણ[૩૮] ની (૨) જે ખુલ્લા દફતરમાં લખાએલું છે (૩) અને બયતે મઅમૂરની[૩૯] (૪) અને બુલંદ છત[૪૦] ની (૫) અને સળગાવાએલા સમુદ્રની[૪૧] (કસમ) (૬) બેશક તારા પરવરદિગારનો અઝાબ જરૂર થવાનો જ છે[૪૨] (૭) તેને કોઇ ટાળનાર નથી (૮) જે દિવસે આકાશ હલવા જેવું હલશે[૪૩] (૯) અને પર્વતો ચાલવા જેવું ચાલશે[૪૪] (૧૦) તો તે દિવસે જૂઠાડનારાઓની ખરાબી છે[૪૫] (૧૧) તેઓ જે કાર્યરત[૪૬] માં રમી રહ્યા છે (૧૨)**

શરીક (ભાગીદાર) છે ન તો તેની વિરૂધ્ધ સમતુલા ધરાવતું કોઇ છે ન તેનો કોઇ વિકલ્પ છે. તે જ ઇબાદતને પાત્ર છે.

૨૩. તેની સિવાય અન્યોને ત્યજીને તેની જ ઇબાદત કરો.

૨૪. જેવી રીતે કે આ કાફિરોએ આપને જૂઠાડયા અને આપને જાદુગર અને ગાંડા (મુઆઝલ્લાહ) કહ્યા તેવી જ રીતે.

૨૫. અર્થાત આગલા કાફિરોએ તેમના પાછલાઓને ક્યાંક એવી વસિય્યત તો કરી નથી કે તમે નબીઓને જૂઠાડજો અને તેમના વિષે આવી આવી વાતો કહેજો. પરંતુ બંડખોરી અને હદોનું ઉલ્લંઘન કરવાની ટેવ બન્નેમાં સરખી છે તેથી ગુમરાહીમાં બન્ને સરખા જ રહ્યા.

૨૬. કારણ કે આપ રિસાલતનો સંદેશો પહોંચાડી ચૂક્યા અને અલ્લાહ તરફ બોલાવવા તેમ જ નસીહત કરવામાં પુરેપુરો પ્રયાસ કરી ચૂક્યા અને આપે આપની કોશિશમાં જરા પણ કચાશ રાખી નથી.

**શાને નુઝૂલ** :- જ્યારે આ આયત ઉતરી ત્યારે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ ગમગીન થયા અને આપના સહાબાને ઘણુ દુ:ખ થયું કે જ્યારે હુઝૂરને મોઢું ફેરવી લેવાનો હુક્મ થયો તો પછી હવે વહી શા માટે આવશે ? અને જ્યારે નબીએ ઉમ્મતને સારી રીતે સંદેશ પહોંચાડી આપ્યો અને ઉમ્મત બંડખોરીથી અટકી નહિ અને રસૂલને તેમની તરફથી મોઢું ફેરવી લેવાનો હુક્મ થયો તો હવે સમય આવી લાગ્યો છે કે તેમની ઉપર અઝાબ ઉતારે. ત્યારે તે આયત ઉતરી જે આયત પછી છે અને એમાં તસલ્લી આપવામાં આવી કે વહીનો સિલસિલો બંધ કરવામાં આવ્યો નથી, સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની નસીહત ભાગ્યશાળીઓ માટે ચાલુ રહેશે. જેમકે ફરમાવવામાં આવ્યું.....

**જે દિવસે જહન્નમ તરફ ધકેલવામાં આવશે ધક્કાઓ મારીને[૪૭] (૧૩) આ છે તે આગ જેને તમે જૂઠાડતા હતા[૪૮] (૧૪) તો શું આ જાદૂ છે ? કે પછી તમને સુઝતું નથી ?[૪૯] (૧૫) એમાં જાવ. હવે ચાહે સબર કરો કે ન કરો તમારા માટે બધું સરખું જ છે.[૫૦] તમને તેનો જ બદલો (મળ્યો છે) જે તમે કરતા હતા[૫૧] (૧૬) બેશક પરહેઝગારો બગીચાઓ અને અમનચેનમાં છે (૧૭) પોતાના રબની દેણ બદલ ખુશ ખુશ[૫૨] અને તેમને તેમના પરવરદિગારે આગના અઝાબથી ઉગારી લીધા[૫૩] (૧૮) ખાવ અને પીઓ ખુશ થઇને તમારા આમાલનો બદલો[૫૪] (૧૯) લાઇનસર પથરાએલા તખતો પર તકિયા લગાવીને. અને અમે મોટી આંખો વાળી હૂરો સાથે તેમને પરણાવ્યા (૨૦) અને જેઓ ઇમાન લાવ્યા અને તેમની ઔલાદે ઇમાન સાથે તેમનું અનુસરણ કર્યું (તો) અમે તેમની ઔલાદ (પણ ત્યાં) તેમની ભેગી કરી આપી[૫૫] અને તેમના અમલમાં તેમને કંઇક ઉણપ આપી નહિ.[૫૬] બધા જ માનવીઓ પોતાના કર્મોમાં સપડાએલા છે[૫૭] (૨૧) અને અમે તેમની મદદ કરી મેવા અને માંસ વડે, જે (તેઓ) ઇચ્છે[૫૮] (૨૨) એક બીજા પાસેથી એવા જામ લે છે જેમાં ન તો બેહુદાપણું છે ન ગુન્હાખોરી[૫૯] (૨૩) અને તેમના સેવક છોકરાઓ તેમની આજુબાજુ**

قال فما خطبكم ٢٧ الطور ٥٢

يَوْمَ يُدَعُّونَ إِلَىٰ نَارِ جَهَنَّمَ دَعًّا ﴿١٣﴾ هَٰذِهِ النَّارُ الَّتِي
كُنتُم بِهَا تُكَذِّبُونَ ﴿١٤﴾ أَفَسِحْرٌ هَٰذَا أَمْ أَنتُمْ لَا تُبْصِرُونَ ﴿١٥﴾
اصْلَوْهَا فَاصْبِرُوا أَوْ لَا تَصْبِرُوا سَوَاءٌ عَلَيْكُمْ إِنَّمَا تُجْزَوْنَ
مَا كُنتُمْ تَعْمَلُونَ ﴿١٦﴾ إِنَّ الْمُتَّقِينَ فِي جَنَّاتٍ وَنَعِيمٍ ﴿١٧﴾
فَاكِهِينَ بِمَا آتَاهُمْ رَبُّهُمْ وَوَقَاهُمْ رَبُّهُمْ عَذَابَ الْجَحِيمِ ﴿١٨﴾
كُلُوا وَاشْرَبُوا هَنِيئًا بِمَا كُنتُمْ تَعْمَلُونَ ﴿١٩﴾ مُتَّكِئِينَ عَلَىٰ
سُرُرٍ مَّصْفُوفَةٍ وَزَوَّجْنَاهُم بِحُورٍ عِينٍ ﴿٢٠﴾ وَالَّذِينَ آمَنُوا
وَاتَّبَعَتْهُمْ ذُرِّيَّتُهُم بِإِيمَانٍ أَلْحَقْنَا بِهِمْ ذُرِّيَّتَهُمْ وَمَا أَلَتْنَاهُم
مِّنْ عَمَلِهِم مِّن شَيْءٍ كُلُّ امْرِئٍ بِمَا كَسَبَ رَهِينٌ ﴿٢١﴾
وَأَمْدَدْنَاهُم بِفَاكِهَةٍ وَلَحْمٍ مِّمَّا يَشْتَهُونَ ﴿٢٢﴾ يَتَنَازَعُونَ
فِيهَا كَأْسًا لَّا لَغْوٌ فِيهَا وَلَا تَأْثِيمٌ ﴿٢٣﴾ وَيَطُوفُ عَلَيْهِمْ

૨૭. અને (એનાથી તેમને) મારી ઓળખ થાય.

૨૮. કે મારા બંદાઓને રોજી આપે અથવા બધાંની નહિ તો પોતાની જ રોજી પોતે પેદા કરે કારણ કે રોજી આપનાર તો હું છું અને બધાંને રોજી આપવાનું કામ મારૂં જ છે.

૨૯. મારી મખ્લૂક માટે.

૩૦. સર્વને તે જ આપે છે અને તે જ પાલવે છે.

૩૧. જેમણે રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને જૂઠાડીને પોતાના પ્રાણો પર જુલ્મ કર્યો છે.

૩૨. નસીબ અને ભાગ છે.

૩૩. અર્થાત આગલી ઉમ્મતોના કાફિરો માટે જેઓ નબીઓને જૂઠાડવામાં એમના સાથીદારો હતા તેમનો પણ અઝાબ અને વિનાશમાં હિસ્સો હતો.

૩૪. અઝાબ ઉતારવાની.

૩૫. અને તે કયામતનો દિવસ છે.

૩૬. સૂરએ તૂર મક્કામાં ઉતરેલી છે. એમાં બે રૂકૂઅ ૪૯ આયતો ૩૧૨ શબ્દો અને ૧૫૦૦ અક્ષરો છે.

૩૭. અર્થાત તે પર્વતની કસમ જેના પર અલ્લાહ તઆલાએ હઝરત મૂસા અલયહિસ્સલામને વાતચીત થી સન્માન્યા.

૩૮. એ લખાણનો મતલબ યા તો તવરાત છે યા કુરઆન યા લવહે મહફૂઝ અથવા આમાલ લખનાર ફરિશ્તાઓનાં દફતરો.

غِلْمَانٌ لَّهُمْ كَأَنَّهُمْ لُؤْلُؤٌ مَّكْنُونٌ ﴿٢٤﴾ وَأَقْبَلَ بَعْضُهُمْ
عَلَىٰ بَعْضٍ يَتَسَاءَلُونَ ﴿٢٥﴾ قَالُوا إِنَّا كُنَّا قَبْلُ فِي
أَهْلِنَا مُشْفِقِينَ ﴿٢٦﴾ فَمَنَّ اللَّهُ عَلَيْنَا وَوَقَانَا عَذَابَ
السَّمُومِ ﴿٢٧﴾ إِنَّا كُنَّا مِن قَبْلُ نَدْعُوهُ إِنَّهُ هُوَ الْبَرُّ
الرَّحِيمُ ﴿٢٨﴾ فَذَكِّرْ فَمَا أَنتَ بِنِعْمَتِ رَبِّكَ بِكَاهِنٍ
وَلَا مَجْنُونٍ ﴿٢٩﴾ أَمْ يَقُولُونَ شَاعِرٌ نَّتَرَبَّصُ بِهِ
رَيْبَ الْمَنُونِ ﴿٣٠﴾ قُلْ تَرَبَّصُوا فَإِنِّي مَعَكُم مِّنَ
الْمُتَرَبِّصِينَ ﴿٣١﴾ أَمْ تَأْمُرُهُمْ أَحْلَامُهُم بِهَٰذَا أَمْ هُمْ قَوْمٌ
طَاغُونَ ﴿٣٢﴾ أَمْ يَقُولُونَ تَقَوَّلَهُ بَل لَّا يُؤْمِنُونَ ﴿٣٣﴾
فَلْيَأْتُوا بِحَدِيثٍ مِّثْلِهِ إِن كَانُوا صَادِقِينَ ﴿٣٤﴾ أَمْ
خُلِقُوا مِنْ غَيْرِ شَيْءٍ أَمْ هُمُ الْخَالِقُونَ ﴿٣٥﴾ أَمْ خَلَقُوا

**ફરશે[૬૦] જાણે કે તેઓ સંતાડીને રાખેલાં મોતી છે[૬૧] (૨૪) અને તેમનામાંથી એકે બીજા તરફ પ્રશ્ન કરતાં જોયું[૬૨] (૨૫) બોલ્યા; બેશક આનાથી પહેલાં આપણે આપણાં ઘરોમાં બ્હી ગએલા હતા[૬૩] (૨૬) તો અલ્લાહે આપણી ઉપર ઉપકાર કર્યો[૬૪] આપણને લૂના અઝાબથી ઉગારી લીધા[૬૫] બેશક ! આપણે આપણા પહેલાંના જીવન[૬૬] માં તેની બંદગી કરી હતી બેશક તે જ ઉપકાર કરનાર મહેરબાન છે (૨૮) તો અય મહબૂબ ! તમે નસીહત કરો[૬૭] કે તમે તમારા પરવરદિગારની કૃપાથી ન તો જ્યોતિષી છો ન ગાંડા (૨૯) અથવા કહે છે;[૬૮] આ તો શાયર છે અમને એમની બાબત કાળચક્રનો ઇન્તેઝાર છે[૬૯] (૩૦) તમે ફરમાવો; રાહ જોતા રહો[૭૦] હું પણ તમારી સાથે રાહ જોઉં છું[૭૧] (૩૧) શું તેમની બુધ્ધિ તેમને એવું જ કહે છે[૭૨] અથવા તે બંડખોર લોકો છે ?[૭૩] (૩૨) અથવા કહે છે; 'એમણે[૭૪] આ કુરઆન ઉપજાવી કાઢયું છે' બલ્કે તેઓ ઇમાન ધરાવતા નથી[૭૫] (૩૩) તો આના જેવી એક વાત તો લઇ આવે[૭૬] જો સાચા હોય તો (૩૪) શું તેઓ કોઇ મૂળ માંથી બનાવવામાં નથી આવ્યા[૭૭] ? અથવા તેઓ પોતે જ સર્જકો છે ?[૭૮] (૩૫) અથવા આકાશ અને પૃથ્વી તેમણે**

૩૯. ''બયતુલ મઅમૂર'' સાતમા આસમાનમાં 'અર્શ'ની સામે ''કા'બા શરીફ''ની બિલ્કુલ ઉપર આવેલું છે. એ આસ્માનવાળાઓનો કિબ્લો છે દરરોજ ૭૦,૦૦૦ ફરિશ્તાઓ એમાં નમાઝ અને તવાફ માટે હાજર થાય છે અને જે એક વખત જાય છે તેને ફરીવાર જવાની તક મળતી નથી, દરરોજ નવા ૭૦,૦૦૦ હાજર થાય છે. મેઅરાજવાળી હદીષથી સચોટપણે સાબિત થાય છે કે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે સાતમા આસ્માનમાં ''બયતુલ મઅમૂર'' ને જોયું.

૪૦. એનો મતલબ આકાશ છે જે પૃથ્વી માટે છત સમાન છે અથવા અર્શ જે જન્નતની છત છે.

૪૧. બયાન કરવામાં આવ્યું છે કે કયામતના દિવસે અલ્લાહ તઆલા બધા જ સમુદ્રોને આગ બનાવી દેશે જેનાથી જહન્નમની આગમાં ઓર વધારો થઇ જશે.

૪૨. કાફિરોને જેનો વાયદો આપવામાં આવ્યો છે.

૪૩. ઘંટીની જેમ ફરશે અને એવી રીતે હાલશે કે એમના બધા ભાગો છુટા પડી જશે અને વેરાઇ જશે.

૪૪. જેવી રીતે કે ધૂળ પવનમાં ઉડે છે. તે દિવસ કયામતનો દિવસ હશે.

૪૫. જેઓ રસૂલોને જૂઠાડતા હતા.

૪૬. કુફ્ર અને બાતિલના.

૪૭. જહન્નમના ચોકિયાતો કાફિરોના હાથ બોચીઓ સાથે અને પગ પેશાનીઓ સાથે બાંધીને તેમને ઊંધા મોઢે જહન્નમમાં નાખશે અને તેમને કહેવામાં આવશે.....

૪૮. દુનિયામાં.

૪૯. તેમને આવું એટલા માટે કહેવાશે કે દુનિયામાં તેઓ સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને જાદુગર (મુઆઝલ્લાહ) કહેતા હતા અને કહેતા હતા કે અમારી નજર બાંધી દીધી છે.

૫૦. ક્યાંય ભાગી જઇ શકતા નથી ન તો અઝાબથી બચી શકો છો અને આ અઝાબ .....

૫૧. દુનિયામાં કુફ્ર અને જૂઠાડવું.

૫૨. તેની દેણ અને નેઅમત ભલાઇ અને સન્માન બદલ.

૫૩. અને તેમને કહેવાશે.

૫૪. જે તમે દુનિયામાં કર્યા કે ઇમાન લાવ્યા અને અલ્લાહ તેમ જ રસૂલના હુક્મોનું પાલન કર્યું.

૫૫. જન્નતમાં બાપ-દાદાઓના દરજ્જાઓ ઊંચા હશે તો પણ તેમની ઔલાદ તેમના ભેગી રાખવામાં આવશે તેમની ખુશીના કારણે. અને અલ્લાહ તઆલા પોતાની કૃપા અને મહેરબાનીથી ઔલાદને પણ તે દરજ્જાઓ આપશે.

૫૬. તેમને તેમના કર્મોનું પુરેપુરૂં વળતર આપ્યું અને ઔલાદના દરજ્જાઓ પોતાની કૃપા અને મહેરબાનીથી બુલંદ કર્યા.

૫૭. અર્થાત દરેક કાફિર પોતાના કુફ્રી કર્મોના કારણે દોઝખમાં સપડાએલો છે. (ખાઝિન)

૫૮. અર્થાત જન્નતવાળઓને અમે પોતાના ઉપકારથી દમ-બ-દમ વધારેને વધારે નેઅમતો આપી.

૫૯. જેવી કે દુનિયાની શરાબમાં જાત જાતની બુરાઇઓ હતી. કારણ કે જન્નતની શરાબ પીવાથી ન તો બુધ્ધિ બ્હેર મારે છે ન તો આદતો ખરાબ થાય છે ન તો પીનાર બેહુદો બકવાસ કરે છે ન ગુન્હેગાર થાય છે.

૬૦. સેવા માટે. અને તેમના રૂપ સ્વચ્છતા અને ચોખ્ખાઇની હાલત એવી છે.....

૬૧. જેમને કોઇ હાથ અડયો જ નથી. હઝરત અબ્દુલ્લાહ બિન ઉમરે કહ્યું છે કે; જન્નતીની સેવા માટે દોડધામ કરનાર છોકરાઓ હજારથી ઓછા નહિ હોય અને દરેક સેવક અલગ અલગ સેવા માટે નિયુક્ત થએલો હશે.

૬૨. અર્થાત જન્નતી જન્નતમાં એક બીજાને પૂછશે કે દુનિયામાં કેવી પરિસ્થિતિમાં હતા અને કેવા અમલ કરતા હતા ? અને આવા સવાલો અલ્લાહની નેઅમતોના એકરાર ખાતર હશે.

૬૩. અલ્લાહ તઆલાના ખોફથી અને એવી બ્હીકે કે ક્યાંક નફસ અને શયતાન ઇમાનમાં ખલેલ નાંખનાર બને નહિ અને નેકીઓ રોકાઇ જવાનો અને બદીઓની પકડ થવાનો પણ ખોફ હતો.

૬૪. મહેરબાની કરીને અને માફી આપીને.

૬૫. અર્થાત જહન્નમની આગના અઝાબથી જે શરીરોમાં પ્રવેશી જવાના કારણે ‘સમૂમ’ ના નામથી ઓળખાય છે.

૬૬. અર્થાત દુનિયામાં નિખાલસપણે માત્ર.....

૬૭. મક્કાના કાફિરોને અને તેમના જ્યોતિષી અને ગાંડા કહેવાના કારણે આપ નસીહત કરવાનું બંધ કરશો નહિ કારણ.....

૬૮. મક્કાના કાફિરો આપની બાબત કે...

૬૯. કે જે રીતે એમનાથી આગલા શાયરો મરી પરવાર્યા અને તેમના જુથો તુટી ગયાં એ જ હાલત આમની પણ થવાની છે (મુઆઝલ્લાહ). અને તે કાફિરો એવું પણ કહેતા હતા કે; એમના બાપનું મૃત્યુ

السَّمٰوٰتِ وَالْاَرْضَ ۚ بَلْ لَّا يُوْقِنُوْنَ ﴿٣٦﴾ اَمْ عِنْدَهُمْ
خَزَآئِنُ رَبِّكَ اَمْ هُمُ الْمُصَيْطِرُوْنَ ﴿٣٧﴾ اَمْ لَهُمْ سُلَّمٌ
يَّسْتَمِعُوْنَ فِيْهِ ۚ فَلْيَاْتِ مُسْتَمِعُهُمْ بِسُلْطٰنٍ مُّبِيْنٍ ﴿٣٨﴾
اَمْ لَهُ الْبَنٰتُ وَلَكُمُ الْبَنُوْنَ ﴿٣٩﴾ اَمْ تَسْـَٔلُهُمْ اَجْرًا فَهُمْ
مِّنْ مَّغْرَمٍ مُّثْقَلُوْنَ ﴿٤٠﴾ اَمْ عِنْدَهُمُ الْغَيْبُ فَهُمْ
يَكْتُبُوْنَ ﴿٤١﴾ اَمْ يُرِيْدُوْنَ كَيْدًا ۗ فَالَّذِيْنَ كَفَرُوْا هُمُ
الْمَكِيْدُوْنَ ﴿٤٢﴾ اَمْ لَهُمْ اِلٰهٌ غَيْرُ اللّٰهِ ۗ سُبْحٰنَ اللّٰهِ عَمَّا
يُشْرِكُوْنَ ﴿٤٣﴾ وَاِنْ يَّرَوْا كِسْفًا مِّنَ السَّمَآءِ سَاقِطًا
يَّقُوْلُوْا سَحَابٌ مَّرْكُوْمٌ ﴿٤٤﴾ فَذَرْهُمْ حَتّٰى يُلٰقُوْا يَوْمَهُمُ
الَّذِيْ فِيْهِ يُصْعَقُوْنَ ﴿٤٥﴾ يَوْمَ لَا يُغْنِيْ عَنْهُمْ كَيْدُهُمْ
شَيْـًٔا وَّلَا هُمْ يُنْصَرُوْنَ ﴿٤٦﴾ وَاِنَّ لِلَّذِيْنَ ظَلَمُوْا عَذَابًا

**બનાવ્યાં ?[૭૯] બલ્કે તેમને યકીન નથી[૮૦] (૩૬) અથવા તેમની પાસે તમારા પરવરદિગારના ભંડારો છે ?[૮૧] અથવા તેઓ સર્વસત્તાધિશ છે ?[૮૨] (૩૭) અથવા તેમની પાસે કોઇ દાદર છે[૮૩] જેના પર ચઢીને સાંભળી લે છે ?[૮૪] તો તેમનો સાંભળનાર કોઇ સ્પષ્ટ આધાર લાવે (૩૮) શું તેને પુત્રીઓ અને તમારે પુત્રો ?[૮૫] (૩૯) અથવા તમે તેમની પાસે[૮૬] કંઇ વળતર માંગો છો ? કે જેથી તેઓ દંડના વજન નીચે દબાએલા હોય ?[૮૭] (૪૦) અથવા તેમની પાસે ગૈબ છે જેના વડે તેઓ હુકમ લાગુ પાડે છે ?[૮૮] (૪૧) અથવા કોઇ પ્રપંચના ઇરાદામાં છે ?[૮૯] તો પ્રપંચ (અવળો) કાફિરો પર જ પડશે[૯૦] (૪૨) અથવા અલ્લાહ સિવાય તેમનો કોઇ બીજો ખુદા છે ?[૯૧] તેમના શિર્કથી અલ્લાહને પવિત્રતા છે (૪૩) અને જો આકાશમાંથી કોઇ ટુકડો પડતો જુએ તો કહેશે; પડદાર વાદળ છે[૯૨] (૪૪) તો તમે એમને પડતા મૂકો એટલે સુધી કે તેઓ પોતાના તે દિવસને પામે જેમાં મૂર્છિત થશે[૯૩] (૪૫) જે દિવસે તેમનું પ્રપંચ કશા ખપ લાગશે નહિ અને ન તો તેમની મદદ થાય[૯૪] (૪૬) અને બેશક જુલ્મીઓ માટે એનાથી પહેલાં (પણ) એક અઝાબ**

યુવાનીમાં થયું છે એમનું પણ એવું જ થશે. તે બાબત અલ્લાહ પોતાના હબીબને કહે છે...

૭૦. મારા મૃત્યુની...

૭૧. કે તમારા પર અલ્લાહનો અઝાબ આવે. જેમકે એવું જ બન્યું અને તે કાફિરો બદ્રમાં માર્યા ગયા અને કેદના અઝાબમાં સપડાયા.

૭૨. જે તેઓ હુઝૂર વિષે કહે છે શાયર જ્યોતિષી ગાંડા એવું કહેવું તદ્દન બુધ્ધિ વિરૂધ્ધનું છે અને કમાલની વાત એ છે કે શાયર, સાહિર, કાહિન પણ કહે છે અને પાછા પોતે અક્કલમંદ હોવાનો દાવો પણ ધરાવે છે.

૭૩. કે અદેખાઇમાં આંધળા બની ગયા છે અને કુફ્ર તેમ જ નાફરમાનીમાં હદ ઓળંગી ગયા છે.

૭૪. અર્થાત સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે પોતાના મનથી...

૭૫. અને દુશ્મની તેમ જ અંદરની ખબાષતના કારણે આવા આક્ષેપો મૂકે છે. અલ્લાહ તઆલા તેમની ઉપર વાત પુરવાર કરતાં ફરમાવે છે કે જો તેમના ખ્યાલ મુજબ કુરઆન જેવું કલામ કોઇ માનવી બનાવી શકતો હોય.....

૭૬. જે સરસતા અને શૈલી તેમજ ભાષાની ઉત્તમતામાં એના જેવી હોય.

૭૭. અર્થાત શું તેઓ માં-બાપ દ્વારા જન્મ્યા નથી ? જડ નિર્જીવ છે કે જેના સામે વાત પુરવાર ન કરી શકાય ? એવું તો નથી. અથવા એવો અર્થ છે કે શું તેઓ વિર્યથી નથી જન્મ્યા ? અને શું તેમને ખુદાએ નથી બનાવ્યા ?

**છે[૯૫] પરંતુ તેમનાંથી ઘણાઓને ખબર નથી[૯૬] (૪૭) અને અય મહબૂબ ! તમે પોતાના પરવરદિગારના હુકમ પર અટલ રહો[૯૭] કે બેશક તમે અમારી સંભાળમાં છો.[૯૮] અને પોતાના રબની તારીફ કરતાં કરતાં તેની પવિત્રતા વર્ણવો જ્યારે તમે ઉભા હોય[૯૯] (૪૮) અને થોડી રાત વિત્યે અને તારાઓના અસ્ત સમયે[૧૦૦] તેની પવિત્રતા બોલો (૪૯)**

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૧૦૧]**

**તે પ્યારા તારક (મોહંમદ) ની કસમ ! જ્યારે કે તે મેઅરાજ માંથી ઉતરે[૧૦૨] (૧) તમારા સાહેબ ન તો ભટકયા ન તો ખોટા માર્ગે ચાલ્યા[૧૦૩] (૨) અને તેઓ કોઇ વાત પોતાની ઇચ્છાથી નથી કરતા (૩) તે તો જે વહી તેમને કરવામાં આવે છે તેના સિવાય (બીજું કશું જ) નથી[૧૦૪] (૪) તેમને[૧૦૫] શિખવ્યું[૧૦૬] સખત તાકાતવાળા (૫) શક્તિશાળીએ.[૧૦૭] પછી તે જલ્વાએ ઇરાદો કર્યો[૧૦૮] (૬) અને તે આકાશની સર્વથી ઊંચી કિનારી પર હતો[૧૦૯] (૭) પછી નજીક આવ્યો તે જલ્વો[૧૧૦] અને ખૂબ ઉતરી આવ્યો[૧૧૧] (૮) તો તે જલ્વા અને મહબૂબ વચ્ચે બે હાથનું અંતર રહી ગયું બલ્કે એનાથી પણ ઓછું[૧૧૨] (૯) હવે વહી કરી પોતાના બન્દાને જે વહી કરી[૧૧૩] (૧૦) જે જોયું તે હૃદયે ખોટું કહ્યું નહિ[૧૧૪] (૧૧) તો શું તમે તેમની સાથે તેમના જોએલા બાબત ઝગડો છો ?[૧૧૫] (૧૨)**

قال فما خطبكم ٢٧ — النجم ٥٣

دُونَ ذَٰلِكَ وَلَٰكِنَّ أَكْثَرَهُمْ لَا يَعْلَمُونَ ﴿٤٧﴾ وَاصْبِرْ
لِحُكْمِ رَبِّكَ فَإِنَّكَ بِأَعْيُنِنَا ۖ وَسَبِّحْ بِحَمْدِ رَبِّكَ حِينَ
تَقُومُ ﴿٤٨﴾ وَمِنَ اللَّيْلِ فَسَبِّحْهُ وَإِدْبَارَ النُّجُومِ ﴿٤٩﴾

سورة النجم مكية وهي اثنتان وستون آية وثلث ركوعات

بِسْمِ اللَّهِ الرَّحْمَٰنِ الرَّحِيمِ

وَالنَّجْمِ إِذَا هَوَىٰ ﴿١﴾ مَا ضَلَّ صَاحِبُكُمْ وَمَا غَوَىٰ ﴿٢﴾
وَمَا يَنطِقُ عَنِ الْهَوَىٰ ﴿٣﴾ إِنْ هُوَ إِلَّا وَحْيٌ يُوحَىٰ ﴿٤﴾
عَلَّمَهُ شَدِيدُ الْقُوَىٰ ﴿٥﴾ ذُو مِرَّةٍ فَاسْتَوَىٰ ﴿٦﴾ وَهُوَ
بِالْأُفُقِ الْأَعْلَىٰ ﴿٧﴾ ثُمَّ دَنَا فَتَدَلَّىٰ ﴿٨﴾ فَكَانَ قَابَ
قَوْسَيْنِ أَوْ أَدْنَىٰ ﴿٩﴾ فَأَوْحَىٰ إِلَىٰ عَبْدِهِ مَا أَوْحَىٰ ﴿١٠﴾ مَا
كَذَبَ الْفُؤَادُ مَا رَأَىٰ ﴿١١﴾ أَفَتُمَارُونَهُ عَلَىٰ مَا يَرَىٰ ﴿١٢﴾

૭૮. કે તેમણે પોતે જ પોતાને સર્જી કાઢયા હોય. એ પણ અશક્ય છે. તો નાછૂટકે તેમને સ્વીકારવું જ પડશે કે તેમને અલ્લાહ તઆલાએ બનાવ્યા છે. પછી શું કારણ છે કે તેઓ તેની ઇબાદત કરતા નથી અને મૂર્તિઓને પૂજે છે ?

૭૯. એવું પણ નથી અને અલ્લાહ તઆલા સિવાય આકાશ અને પૃથ્વીના સર્જનની શક્તિ કોઇ ધરાવતું નથી તો પછી તેની ઇબાદત કેમ કરતા નથી ?

૮૦. અલ્લાહ તઆલાની તવહીદ અને તેની કુદરત અને તેના સર્જક હોવાનું. જો એનું યકીન હોત તો તેના નબી સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પર જરૂર ઇમાન લાવત.

૮૧. નબુવ્વત અને રોજી વિગેરેના. કે જેથી તેમને અધિકાર હોય કે જ્યાં ઇચ્છે ત્યાં વાપરે અને જેને ઇચ્છે તેને આપે.

૮૨. સર મુખ્ત્યાર કે જે ચાહે તે કરે કોઇ તેમને પુચ્છા કરનારૂં હોય નહિ.

૮૩. આકાશ તરફ ચઢતો.

૮૪. અને તેમને ખબર પડી જાય છે કે કોણ પહેલું નાશ પામશે અને કોની ફત્તેહ થશે. જો તેમને આવો દાવો હોય....

૮૫. આ તેમની મૂર્ખતાનું વર્ણન છે કે પોતાના માટે તો પુત્રો પસંદ કરે છે અને અલ્લાહ તઆલા માટે પુત્રીઓ ઠેરવે છે જેમને તેઓ પોતે સારી ગણતા નથી.

૮૬. દીનના શિક્ષણ બદલ.

૮૭. અને દંડના વજનની બ્હીકે ઇસ્લામ સ્વીકારતા ન હોય, એવું પણ નથી. પછી ઇસ્લામ સ્વીકારવા માટે તેમને કઇ વસ્તુ નડતરરૂપ છે ?

૮૮. કે મૃત્યુ પછી જીવંત થવાનું નથી અને જીવતા થઇશું તો પણ અઝાબ થવાનો નથી. એવું પણ નથી.

૮૯. દારૂન્નદવહમાં ભેગા થઇને અલ્લાહ તઆલાના નબી સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને કષ્ટ આપવાના અને કતલ કરવાના સલાહ મશ્વેરાઓ કરે છે.

૯૦. તેમના પ્રપંચોનો વબાલ તેમની ઉપર જ પડવાનો છે. જેમકે એવું જ થયું કે અલ્લાહ તઆલાએ પોતાના નબી સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને તેમના પ્રપંચોથી બચાવ્યા અને તેઓને (કાફિરોને) બદ્ર (ની લડાઇ)માં હલાક કરી નાખ્યા.

૯૧. જે તેમને રોજી આપે અને અલ્લાહના અઝાબથી બચાવે.

૯૨. આ વાત કાફિરોના તે કથનનો ઉત્તર છે જે તેમણે કહ્યું હતું કે; અમારી ઉપર આકાશનો કોઇ ટુકડો તોડી પાડીને (અમને) અઝાબ કરો. અલ્લાહ તઆલા તેના જવાબમાં ફરમાવે છે કે, તેમનું કુફ્ર અને અદેખાઇ એટલી હદે પહોંચેલાં છે કે જો તેમની ઉપર આકાશનો કોઇ ટુકડો તોડીને નાખવામાં પણ આવે અને તેઓ આકાશમાંથી તેને પડતો પણ જુએ તો પણ કુફ્રને ત્યજશે નહિ અને હઠના કારણે કહેશે કે; એ તો વાદળ છે એનાથી આપણને પાણી મળશે.

૯૩. એનો મતલબ પ્રથમ સૂરનો દિવસ છે.

૯૪. મતલબ કે કોઇ પણ રીતે આખેરતના અઝાબથી બચી શકશે નહિ.

૯૫. તેમના કુફ્રના કારણે આખેરતના અઝાબથી પહેલાં. અને તે અઝાબ યા તો બદ્ર(ની લડાઇ)માં માર્યા જવું છે યા ભૂખ અને દુકાળની સપ્તવર્ષિય મુસીબત (જે તેમના પર પડી હતી) અથવા કબ્રનો અઝાબ.

૯૬. કે તેઓ અઝાબમાં સપડાનાર છે.

૯૭. અને જે મહેતલ તેમને આપવામાં આવી છે તેનાથી દિલ તંગ બનશો નહિ.

૯૮. આપને તેઓ કશુ નુકસાન પહોંચાડી શકવાના નથી.

૯૯. નમાઝ માટે. એનો ઇશારો પહેલી તકબીર પછી ''ષના'' પઢવા તરફ છે. અથવા એ અર્થ છે કે જ્યારે સૂઇને ઉઠો ત્યારે અલ્લાહની તારીફ અને તસ્બીહ બોલો. અથવા એ અર્થ છે કે પ્રત્યેક બેઠકમાંથી ઉઠયા પછી હમ્દ અને તસ્બીહ કરો.

૧૦૦. અર્થાત તારાઓના અસ્ત થયા પછી. હેતુ એ છે કે એ સમયમાં અલ્લાહની હમ્દ (વખાણ) અને તસ્બીહ (પવિત્રતા) બોલો. અમુક તફસીરકારોએ કહ્યું છે કે ''તસ્બીહ''નો નિર્દેશ નમાઝ તરફ છે.

૧૦૧. સૂરએ નજમ મક્કીય્યહ છે. એમાં ૩ રૂકૂઅ ૬૨ આયતો ૩૬૦ શબ્દો અને ૧૪૦૫ અક્ષરો છે. આ પહેલી તે સૂરત છે જેનું હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે એલાન કર્યું અને હરમ શરીફમાં મુશરિકોની રૂબરૂમાં એને પઢી સંભળાવી.

૧૦૨. ''નજમ''(તારો)ની તફસીરમાં તફસીરકારોનાં ઘણા કથનો છે. અમુકે કહ્યું છે કે એ ''સુરય્યા'' છે જો કે 'સુરય્યા' ઘણા તારાઓનું જુથ છે પણ અરબ લોકો એ સમૂહને નજમ કહેવાની આદત ધરાવે છે. અમુકે કહ્યું છે કે; નજમ એટલે બધા જ તારાઓ. અમુકના મત મુજબ એનો મતલબ તે વનસ્પતી છે જે થડ ધરાવતી નથી અને વેલાઓ રૂપે જમીન પર પથરાય છે. અમુકે નજમનો મતલબ કુરઆન કહ્યો છે. પરંતુ સર્વમાં લિજ્જતદાર તફસીર તે છે જે હઝરત મુતરજિમે (આ'લા હઝરત) કરી છે કે નજમનો મતલબ સય્યિદે

અમ્બિયા મોહંમદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની ઝાતે ગિરામી છે. (ખાઝિન)

૧૦૩. ''સાહિબુકુમ'' એટલે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ. અર્થ એ છે કે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કદી સત્ય અને હિદાયતના માર્ગ સિવાય અન્ય માર્ગે પગ માંડયા નથી હમેશાં પોતાના પરવરદિગારની તવહીદ અને ઇબાદતમાં જ લાગેલા રહ્યા આપના પવિત્ર પાલવ પર કદીએ કોઇ અણગમતી બાબતની ધૂળ પણ લાગી નથી. અને 'અવળા માર્ગે કદીએ ચાલ્યા નથી' એનો અર્થ એ છે કે હુઝૂર હમેશાં હિદાયત અને સત્યની ઉચ્ચ મંઝિલ પર રહ્યા છે, ખોટી માન્યતાની ગંધ પણ કદી આપના ખ્યાલના ખૂણે પણ પહોંચી નથી.

૧૦૪. આગલા વાક્યની દલીલ છે કે હુઝૂરનું ખોટા માર્ગે ચાલવું અને ભટકવું શક્ય જ નથી કારણ કે આપ પોતાની ઇચ્છાથી કોઇ વાત કહેતા જ નથી જે ફરમાવે છે તે અલ્લાહ તરફની વહી જ હોય છે. અને એમાં હુઝૂરના ઉચ્ચ અખલાક અને આપના મોભા અને સન્માનનું બયાન છે નફસનો બધાંથી ઊંચો મરતબો એ છે કે તે પોતાની ઇચ્છા ત્યજી આપે. (કબીર) અને એમાં એવો ઇશારો પણ છે કે નબી અલયહિસ્સલાતો વસ્સલામ અલ્લાહ તઆલાની ઝાત સિફાત અને કામોમાં ફનાના એટલા ઊંચા દરજ્જે પહોંચેલા છે કે તેમનું પોતાનું કશું બાકી રહ્યુ નથી, અલ્લાહથી તજલ્લીનો (આપની ઉપર) આ સંપૂર્ણ ગલ્બો કહેવાય કે જે કંઇ ફરમાવે છે તે અલ્લાહની વહી હોય છે. (રૂહુલ બયાન)

૧૦૫. અર્થાત સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને.

૧૦૬. જે કંઇ અલ્લાહ તઆલાએ તેમની તરફ વહી ફરમાવી અને એ શિખવાડયું એટલે આપના મુબારક હૃદય સુધી પહોંચાડી આપવું છે.

૧૦૭. અમુક તફસીરકારઓનું કહેવું છે કે સખત તાકાતવાન શક્તિશાળી એટલે હઝરત જિબ્રઇલ અલયહિસ્સલામ. અને શિખવવાનો અર્થ અલ્લાહની તાલીમથી શિખવાડવું એટલે કે અલ્લાહની વહીને પહોંચાડી આપવી. હઝરત હસન બસરી રદીયલ્લાહુ તઆલા અન્હુએ ફરમાવ્યું કે; મહા તાકાતવાન શક્તિશાળીનો નિર્દેશ અલ્લાહ તઆલા તરફ છે તેણે પોતાની ઝાતને એ ગુણો સાથે વર્ણવી. અર્થ એ છે કે અલ્લાહ તઆલાએ હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને ડાયરેક્ટ (વગર માધ્યમે) તાલીમ આપી (રૂહુલ બયાન).

૧૦૮. આમ તફસીરકારો એ ''ફસ્તવા'' (પછી તે જલ્વાએ ઇરાદો કર્યો) ના કર્તા તરીકે પણ હઝરત જિબ્રઇલને વર્ણવ્યા છે અને એવો અર્થ ઘટાવ્યો છે કે હઝરત જિબ્રઇલ પોતાની મૂળ શિકલમાં દેખાયા. અને એનું કારણ એ છે કે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે તેમને તેમના અસલ રૂપમાં જોવાની ઇચ્છા કરી હતી તેથી હઝરત જિબ્રઇલ પૂર્વ તરફ હુઝૂરની સ્હામે પ્રગટ થયા અને તેમના અસ્તિત્વથી પૂર્વથી લઇને પશ્ચિમ સુધી (આખું આકાશ) ભરાઇ ગયું. એવું પણ કહેવાયું છે કે હઝરત જિબ્રઇલને તેમના મૂળ રૂપમાં હુઝૂર સલ્લલ્લાહુ તઆલા અલયહિ વસલ્લમ સિવાય બીજા કોઇએ જોયા નથી. ઇમામ ફખરૂદ્દીન રાઝી રહમતુલ્લાહિ અલયહ ફરમાવે છે કે; હઝરત જિબ્રઇલને દેખવાની વાત તો ખરી અને હદીષથી સાબિત છે પણ હદીષમાં એવું નથી કે આ આયતમાં હઝરત જિબ્રઇલને દેખવાનું વર્ણન છે બલ્કે જાહેરી તફસીરમાં મતલબ એ મુજબ છે કે ''ફસ્તવા'' માં સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની ઉચ્ચ પદવી અને આપના મહાન મોભામાં આપના સ્થાપિત થવાનું બયાન છે. (તફસીરે કબીર)

તફસીરે રૂહુલ બયાનમાં છે કે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે આકાશોની ઉપર ઇસ્તેવા

(સ્થાપિત થવું) ફરમાવ્યો અને હઝરત જિબ્રઇલ સિદરતુલ મુન્તહા પર રોકાઇ ગયા આગળ વધી શક્યા નહિ તેમણે કહ્યું કે; જો હું જરા પણ આગળ વધુ તો જલાલના કિરણો મને બાળી નાખે. હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ આગળ ધપ્યા. અને મુસ્તવાએ અર્શથી પણ આગળ વધી ગયા. અને હઝરત મુતરજિમ (આલા હઝરત)નો તરજુમો એ બાબત નિર્દેશ કરે છે કે ઇસ્તવાનો સંબંધ અલ્લાહ તઆલા સાથે છે અને હસન રદીયલ્લાહુ તઆલા અન્હુએ એવું જ કહ્યું છે.

૧૦૯. અહીં પણ સામાન્ય તફસીરકારોના કહેવા અનુસાર એ હાલત હઝરત જિબ્રઇલની છે પરંતુ ઇમામ રાઝી કહે છે કે; જાહેર એવું જ થાય છે કે આ હાલત હુઝૂર મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની છે કે આપ આકાશ પર હતા. જે રીતે કહેનાર કહે છે કે મેં છાપરા પર કે પર્વત પર ચંદ્ર જોયો એનો એવો અર્થ થતો નથી કે ચાંદ છાપરા પર કે પહાડ પર હતો બલ્કે એવો જ અર્થ થાય છે કે દેખનાર છાપરા પર કે પર્વત પર હતો. એવી જ રીતે અહીં એ અર્થ છે કે હુઝૂર આકાશો પર ગયા ત્યારે અલ્લાહની તજલ્લી આપના તરફ કેન્દ્રિત થઇ.

૧૧૦. એના અર્થ વિષે પણ તફસીરકારઓનાં ઘણા કથનો છે. એક એ કે એનો મતલબ હઝરત જિબ્રઇલનું હુઝૂરની નજીક જવું છે કે તેઓ પોતાની અસલી શિકલ દેખાડયા પછી હુઝૂરની નજીક થયા. બીજું એ કે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ અલ્લાહની નિકટતાથી પાવન થયા ત્રીજુ એ કે અલ્લાહ તઆલાએ પોતાના હબીબને પોતાની નજીકી વડે સન્માન્યા. અને એ વધારે ખરૂં છે.

૧૧૧. એ વિષે પણ ઘણા કથનો છે. એક એ કે નજીક થવાથી હુઝૂરની ચઢતી અને મેળાપ તરફ ઇશારો છે અને ઉતરી આવવાથી નીચે ઉતરાણ અને પરત આવવા પ્રતિ નિર્દેશ છે તો તારવણી એ નીકળી કે અલ્લાહ તઆલાની નિકટતા પ્રાપ્ત થઇ. પછી મેળાપની નેઅમતોથી લાભ મેળવ્યો અને પછી મખ્લૂક તરફ પાછા ફર્યા. અને તે નજીકીમાં ખૂબ વધારો કર્યો. ત્રીજું કથન એ છે કે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે અલ્લાહની બારગાહમાં નિકટતા પ્રાપ્ત થયા પછી સિજદો કર્યો. (રૂહુલ બયાન)

૧૧૨. આ અતિશય નિકટતા દર્શાવવાનો એક ઇશારો છે કે મેળાપ એની અંતિમ કક્ષાએ લાધી ગયો અને અદબવાળા મિત્રોમાં જેટલી નજીકી વિચારી શકાય છે તેટલી નજીકી પ્રાપ્ત થઇ.

૧૧૩. ઘણા ખરા તફસીરના આલિમો પાસે એનો અર્થ એ છે કે અલ્લાહ તઆલાએ પોતાના ખાસ બંદા હઝરત મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને વહી કરી. (જુમલ)

હઝરત જઅફર સાદિક રદીયલ્લાહુ અન્હુએ ફરમાવ્યું છે કે 'અલ્લાહ તઆલાએ પોતાના બંદાને જે વહી કરવી હતી તે કરી' એમાં બિલાવાસ્તા (વગર માધ્યમે) વહી કરવાનું બયાન છે કે અલ્લાહ અને તેના રસૂલ વચ્ચે કોઇ માધ્યન ન હતું. અને આ બાબત અલ્લાહ અને તેના રસૂલ વચ્ચેના ભેદોમાંનો એક ભેદ છે જેને તેમની સિવાય કોઇ સમજી શક્તું નથી. બકલ્લીએ કહ્યું છે કે; અલ્લાહ તઆલાએ એ ભેદને છુપો રાખ્યો અને જાહેર કર્યો નહિ અને કહ્યું નહિ કે શું વહી કરી. મહોબ્બત કરનાર અને જેની સાથે મહોબ્બત હોય તેમની વચ્ચે અમુક એવા ભેદો હોય છે જેમને તેઓ સિવાય કોઇ જાણતું હોતું નથી. (રૂહુલ બયાન)

ઉલમાએ એવું પણ કહ્યું છે કે; એ રાત્રે આપને જે વહી કરવામાં આવી તે કેટલાએ જાતનાં ઇલ્મો (જ્ઞાન) હતાં એક તો શરીઅત અને હુક્મોનું ઇલ્મ જેનો સંદેશ તમામને પહોંચાડાય છે, બીજું અલ્લાહની મઅરેફત (પિછાણ) કરાવતું ઇલ્મ જે ખાસ લોકોને શિખવાડાય છે, ત્રીજું હૃદયસ્પર્શી ઇલ્મની વાસ્તવિક્તા અને પરિણામો જે માત્ર ખાસુલખાસ લોકોને આપવામાં આવે છે. અને એક પ્રકાર તે ભેદોનો છે જે અલ્લાહ

અને તેના રસૂલ વચ્ચે મર્યાદિત છે કોઇ તેને બરદાશ્ત કરી શક્તું નથી. (રૂહુલ બયાન)

૧૧૪. આંખે. એટલે કે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના મુબારક હૃદયે જે આંખો વડે જોયું તેને કબૂલ કર્યું. અર્થ એ છે કે આંખે જોયું અને હૃદયે ઓળખ્યું અને એ જોવા બાબત અને ઓળખવા બાબત કોઇ જાતની કશી શંકા રહી નહિ. હવે એ વાત કે શું જોયું ? તો એ વિષે અમુક મુફસ્સિરોનું કહેવું છે કે હઝરત જિબ્રઇલને જોયા. પણ ખરો મઝહબ એ છે કે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે પોતાના પરવરદિગારનો દીદાર કર્યો, અને એ જોવું કેવું હતું ? માથાની આંખો વડે કે પછી દિલની આંખોથી ? એમાં તફસીરકારોનાં બન્ને કથનો છે. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હુમાનું કહેવું છે કે; હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે અલ્લાહ તઆલાને હૃદય ચક્ષુ વડે બે વાર નિહાળ્યો. (મુસ્લિમ) એક જમાઅત (વર્ગ)નું કહેવું છે કે; આપે (હુઝૂરે) પોતાના રબને વાસ્તવમાં મુબારક આંખો વડે નિહાળ્યો. એવું કહેનાર હઝરત અનસ બિન માલિક અને હસન અને અકરમા છે. અને હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું છે કે; અલ્લાહ તઆલાએ હઝરત ઇબ્રાહીમને ખુલ્લત(ગાઢ મૈત્રી)થી અને હઝરત મૂસાને કલામ (વાતચીત)થી અને સય્યિદે આલમ હઝરત મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને પોતાના દર્શનથી વિશેષતા આપી. કઅબે કહ્યું છે કે; અલ્લાહ તઆલાએ હઝરત મૂસા અલયહિસ્સલામ સાથે બે વાર વાત કરી અને હઝરત મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે અલ્લાહ તઆલાને બે વાર નિહાળ્યો. (તિરમિઝી) પરંતુ હઝરત આઇશહ રદીયલ્લાહુ તઆલા અન્હાએ આયતને હઝરત જિબ્રઇલને જોવાના અર્થમાં લઇને અલ્લાહને નિહાળવાનો ઇન્કાર કર્યો છે અને કહ્યું છે કે; જે કોઇ એવું કહે કે મોહંમદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે પોતાના રબને જોયો તેણે જૂઠું કહ્યું, અને દલીલ રૂપે ''લા તુદરિકુહુલ અબ્સાર'' (તેને આંખો ઘેરી શકતી નથી) વાળી આયત તિલાવત કરી. અહીં અમુક વાતો વિચારવા જેવી છે. પ્રથમ એ કે હઝરત આઇશહ રદીયલ્લાહુ અન્હાનું કથન નકારમાં છે અને ઇબ્ને અબ્બાસનું હકારમાં તો હકારવાળી વાતને પ્રાથમિકતા આપવામાં આવતી હોય છે, કારણ કે, નકાર કરનાર નકાર એટલા માટે કરતો હોય છે કે તેણે સાંભળેલું હોતું નથી અને સ્વીકારનારનો સ્વીકાર એટલા માટે હોય છે કે તેણે સાંભળેલું અને જાણેલું હોય છે, તો જાણકારી સ્વીકાર કરનાર પાસે હોય છે. તે સિવાય આ વાત હઝરત આઇશહ રદીયલ્લાહુ અન્હાએ હુઝૂર પાસેથી સાંભળીને કહી નથી બલ્કે આયતમાંથી હુક્મ તારવીને પુરતો ગણ્યો છે એટલે એ હઝરત સિદ્દીકહ રદીયલ્લાહુ અન્હાનું ''મંતવ્ય'' થયું અને આયતમાં ''ઇદરાક'' એટલે કે ઘેરી વળવાનો ઇન્કાર થયો છે ''રૂયત'' (જોવા)નો નહિ.

**મસઅલો** :- હકીકત એ છે કે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે અલ્લાહ તઆલાનો દીદાર કર્યો, મુસ્લિમ શરીફની મરફૂઅ હદીષથી પણ એવું જ પુરવાર થાય છે. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમા જેઓ ''હિબરૂલ ઉમ્મત'' (ઉમ્મતના મહાન આલિમ) છે તેમનું કહેવું પણ એવું જ છે. મુસ્લિમની હદીષમાં છે ''રઅયતુ રબ્બી બિઅયની વબિલક્લ્બી'' મેં મારા રબને મારી આંખ અને મારા હૃદય વડે જોયો. હઝરત હસન બસરી અલયહિર્રહમહ કસમ ખાતા હતા કે મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે મેઅરાજની રાત્રે પોતાના પરવરદિગારનાં દર્શન કર્યાં. હઝરત ઇમામ અહમદ રહમતુલ્લાહે અલયહ કહે છે કે; હું હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાની હદીષને માનનાર છું હુઝૂરે પોતાના રબને જોયો તેને જોયો તેને જોયો, ઇમામ સાહેબ એવું બોલાતા જ રહ્યા એટલે સુધી કે શ્વાસ તુટી ગયો.

**અને તેમણે તો એ જલ્વો બે વખત જોયો[૧૧૬] (૧૩) સિદરતુલ મુન્તહા પાસે[૧૧૭] (૧૪) તેની પાસે જન્નતુલ માવા છે (૧૫) જ્યારે સિદરહ પર છવાયું હતું જે છવાયું હતું[૧૧૮] (૧૬) આંખ કોઇ બાજુ ફરી નહિ ન તો હદથી વધી[૧૧૯] (૧૭) બેશક પોતાના રબની બહુ મોટી નિશાનીઓ જોઇ[૧૨૦] (૧૮) તો શું તમે લાત અને ઉઝઝા જોયાં ? (૧૯) અને એ ત્રીજા મનાતને ?[૧૨૧] (૨૦) શું તમારા માટે પુત્ર અને તેના માટે પુત્રી ?[૧૨૨] (૨૧) ત્યારે તો એ ખૂબ જ કદરૂપી વહેંચણી છે[૧૨૩] (૨૨) તે તો માત્ર અમુક નામો સિવાય બીજું કશું જ નથી જે તમે અને તમારા પૂર્વજોએ પાડી લીધાં છે,[૧૨૪] અલ્લાહે એનો કોઇ આધાર ઉતાર્યો નથી, તેઓ તો નર્યા ગુમાન (અનુમાન) અને મનેચ્છાની પાછળ છે.[૧૨૫] જો કે તેમની પાસે તેમના પરવરદિગાર પાસેથી માર્ગદર્શન આવ્યું[૧૨૬] (૨૩) શું માનવી ને તે જે કંઇ ઇચ્છા કરે તે મળી જશે ?[૧૨૭] (૨૪) તો આખેરત અને દુનિયા તમામનો માલિક અલ્લાહ જ છે[૧૨૮] (૨૫) અને આકાશોમાં કેટલાએ ફરિશ્તાઓ છે કે તેમની ભલામણ કશા ખપ લાગતી નથી પણ અલ્લાહની પરવાનગી પછી જેના માટે તે ઇચ્છે અને પસંદ કરે[૧૨૯] (૨૬)**

قال فما خطبكم ٢٧ النجم ٥٣

وَلَقَدْ رَاٰهُ نَزْلَةً اُخْرٰى ﴿١٣﴾ عِنْدَ سِدْرَةِ الْمُنْتَهٰى ﴿١٤﴾
عِنْدَهَا جَنَّةُ الْمَاْوٰى ﴿١٥﴾ اِذْ يَغْشَى السِّدْرَةَ مَا يَغْشٰى ﴿١٦﴾
مَا زَاغَ الْبَصَرُ وَمَا طَغٰى ﴿١٧﴾ لَقَدْ رَاٰى مِنْ اٰيٰتِ رَبِّهِ
الْكُبْرٰى ﴿١٨﴾ اَفَرَءَيْتُمُ اللّٰتَ وَالْعُزّٰى ﴿١٩﴾ وَمَنٰوةَ الثَّالِثَةَ
الْاُخْرٰى ﴿٢٠﴾ اَلَكُمُ الذَّكَرُ وَلَهُ الْاُنْثٰى ﴿٢١﴾ تِلْكَ اِذًا قِسْمَةٌ
ضِيْزٰى ﴿٢٢﴾ اِنْ هِيَ اِلَّآ اَسْمَآءٌ سَمَّيْتُمُوْهَآ اَنْتُمْ وَ
اٰبَآؤُكُمْ مَّآ اَنْزَلَ اللّٰهُ بِهَا مِنْ سُلْطٰنٍ اِنْ يَّتَّبِعُوْنَ
اِلَّا الظَّنَّ وَمَا تَهْوَى الْاَنْفُسُ وَلَقَدْ جَآءَهُمْ مِّنْ
رَّبِّهِمُ الْهُدٰى ﴿٢٣﴾ اَمْ لِلْاِنْسَانِ مَا تَمَنّٰى ﴿٢٤﴾ فَلِلّٰهِ الْاٰخِرَةُ
وَالْاُوْلٰى ﴿٢٥﴾ وَكَمْ مِّنْ مَّلَكٍ فِى السَّمٰوٰتِ لَا تُغْنِىْ شَفَاعَتُهُمْ
شَيْئًا اِلَّا مِنْ بَعْدِ اَنْ يَّاْذَنَ اللّٰهُ لِمَنْ يَّشَآءُ وَيَرْضٰى ﴿٢٦﴾

منزل ٧

ع ٢٥ ٥

૧૧૫. આ સંબોધન મુશરિકોને છે જેઓ મેઅરાજની રાતના બનાવોનો ઇન્કાર કરતા હતા અને એ બાબત ઝગડો કરતા હતા.

૧૧૬. કારણ કે (નમાઝમાં) હળવાશ કરવાની વિનંતીઓ માટે અમુક વખતે ચઢ-ઉતર થઇ. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ કહ્યું છે કે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે પોતાના હૃદય વડે પોતાના રબને બે વાર જોયો અને તેમણે જ એવું પણ કહ્યું છે કે; હુઝૂરે અલ્લાહનો આંખો વડે દીદાર કર્યો.

૧૧૭. ''સિદરતુલ મુન્તહા'' એક ઝાડ છે જેનું મૂળ છઠ્ઠા આસ્માનમાં છે અને તેની ડાળીઓ સાતમાં આકાશમાં ફેલાએલી છે અને ઉંચાઇમાં તે સાતમા આસ્માનને પણ વટાવી ગયું છે. ફરિશ્તાઓ અને શહીદો ની રૂહો તેમજ પરહેઝગારોની રૂહો તેનાથી આગળ વધી શકતી નથી.

૧૧૮. અર્થાત ફરિશ્તા અને નૂરનાં કિરણો.

૧૧૯. આમાં હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની સર્વોચ્ચ શક્તિનું બયાન છે કે એવા સ્થાને જ્યાં બુધ્ધિને ચક્કર આવે છે ત્યાં આપ સ્થિર રહ્યા અને જે નૂરનો દીદાર કરવાનો હેતુ હતો તેનાથી પાવન થયા ડાબી કે જમણી કોઇ બાજુ દ્રષ્ટિને હટવા દીધી નહિ અને આશય (મક્સૂદ) દેખવાથી આંખ ફેરવી લીધી નહિ અને ન તો હઝરત મૂસાની જેમ બેહોશ થયા બલ્કે તે મહાન જગ્યા પર સ્થિર રહ્યા.

૧૨૦. અર્થાત હુઝૂર સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે મેઅરાજની રાત્રે મલક વ મલકૂત (ફરિશ્તાઓ અને તેમનું આલમ)ની આશ્ચર્યજનક બાબતોને નિહાળી અને આપનું ઇલ્મ ગૈબ અને ગૈબી

إن الذين لا يؤمنون بالآخرة ليسمون الملائكة
تسمية الأنثى ﴿٢٧﴾ وما لهم به من علم إن يتبعون
إلا الظن وإن الظن لا يغني من الحق شيئا ﴿٢٨﴾ فأعرض
عن من تولى عن ذكرنا ولم يرد إلا الحياة الدنيا ﴿٢٩﴾
ذلك مبلغهم من العلم إن ربك هو أعلم بمن ضل
عن سبيله وهو أعلم بمن اهتدى ﴿٣٠﴾ ولله ما في السماوات
وما في الأرض ليجزي الذين أساءوا بما عملوا ويجزي
الذين أحسنوا بالحسنى ﴿٣١﴾ الذين يجتنبون كبائر
الإثم والفواحش إلا اللمم إن ربك واسع المغفرة
هو أعلم بكم إذ أنشأكم من الأرض وإذ أنتم أجنة
في بطون أمهاتكم فلا تزكوا أنفسكم هو أعلم

**બેશક તેઓ જે આખેરત પર ઇમાન ધરાવતા નથી[૧૩૦] તેઓ ફરિશ્તાઓનાં નામ સ્ત્રીઓ જેવાં રાખે છે[૧૩૧] (૨૭) અને તેમને એની કશી ખબર નથી તેઓ તો નર્યા અનુમાનની પાછળ છે અને બેશક અનુમાન ખાત્રી (યકીન) ના સ્થાને કશું કામ લાગતું નથી[૧૩૨] (૨૮) તો જે અમારી યાદથી ફરી બેઠો તમે તેનાથી મોઢું ફેરવી લો[૧૩૩] અને તેણે તો દુનિયાના જીવન સિવાય બીજું કશું ઇચ્છયું નથી[૧૩૪] (૨૯) એમના જ્ઞાનની દોડ આટલી જ છે.[૧૩૫] બેશક જે તેના માર્ગથી ભટકયો તેને તમારો રબ સારી રીતે જાણે છે અને જેણે માર્ગ મેળવ્યો તેને (પણ) તે ખૂબ જાણે છે (૩૦) અને જે કંઇ આકાશો અને જે કંઇ પૃથ્વીમાં છે તે બધું અલ્લાહનું જ છે, કે જેથી અનિષ્ટ આચારનારાઓ ને તેમની કરણીનો બદલો આપે અને નેકી કરનારાઓને ખૂબ સારો બદલો આપે (૩૧) તેઓ જે મોટા ગુન્હાઓ અને નિર્લજ્જતાથી બચે છે[૧૩૬] પરંતુ એટલું કે ગુન્હાની પાસે ગયા અને અટકી ગયા,[૧૩૭] બેશક તમારા રબની માફી અતિ વિસ્તૃત છે તે તમને ખૂબ ઓળખે છે તમને માટીમાંથી જન્માવ્યા અને જ્યારે તમે તમારી માતાઓ ના પેટોમાં ગર્ભ હતા.[૧૩૮] તો પોતે પોતાના પ્રાણોને (બહુ) સ્વચ્છ તરીકે ખપાવો નહિ[૧૩૯] જે પરહેઝગારો છે**

જગતની જાણકારીઓને ઘેરી વળ્યું જેવું કે હદીષ ઇખ્તેસામે મલાઇકહ તેમ જ બીજી હદીષોમાં વર્ણવાયું છે. (રૂહુલ બયાન)

૧૨૧. લાત, મનાત અને ઉઝઝા મૂર્તિઓ નાં નામો છે જેમને મુશરિકો પૂજતા હતા. આ આયતમાં ફરમાવવામાં આવ્યું કે; શું તમે એ મૂર્તિઓને જોઇ ? એટલે કે ધ્યાનપુર્વક અને ઇન્સાફની નજરે. જો એ રીતે દેખી હશે તો તમને જણાયું હશે કે એ માત્ર શક્તિ વિહોણી (વસ્તુઓ) છે અને સર્વસત્તાધિશ અલ્લાહ ને છોડીને આ શક્તિ વિહોણી મૂર્તિઓને પૂજવી અને તેની શરીક ઠેરવવી કેટલો મહાન જુલમ અને બુધ્ધિ વિરૂધ્ધનું કાર્ય છે ? અને મક્કાના મુશરિકો એવું કહેતા હતા કે આ મૂર્તિઓ અને ફરિશ્તાઓ અલ્લાહની પુત્રીઓ છે. તે બાબત અલ્લાહ ફરમાવે છે......

૧૨૨. જે તમારી દ્રષ્ટિએ એટલી ખરાબ વસ્તુ છે કે જ્યારે તમારામાંથી પુત્રી જન્મવાની ખબર આપવામાં આવે છે ત્યારે તેનું મોઢું ઉતરી જાય છે અને રંગ કાળો પડી જાય છે અને લોકોની નજરથી સંતાતો ફરે છે એટલે સુધી તમે પુત્રીઓને જીવતી દાટી દો છો છતાં પણ અલ્લાહ માટે દીકરીઓ ઠેરવો છો ?

૧૨૩. કે જે વસ્તુને ખરાબ સમજો છો તેને જ અલ્લાહ માટે ઠેરવો છો.

૧૨૪. અર્થાત કે મૂર્તિઓનાં નામો ઇલાહ અને મઅબૂદ તમે અને તમારા બાપ-દાદાઓએ જ પાડી લીધાં છે જે તદ્દન અસ્થાને અને ગલત છે હકીકતમાં તેઓ ન તો ઇલાહ છે ન મઅબૂદ.

૧૨૫. અર્થાત તેમની મૂર્તિપૂજા બુધ્ધિ અને ઇલ્મ તેમ જ ખુદાઇ તાલીમની વિરૂધ્ધ અને માત્ર મનેચ્છાનું અનુસરણ અને વહેમ પરસ્તી જ છે.

૧૨૬. અર્થાત અલ્લાહની કિતાબ અને તેના રસૂલ જેમણે સ્પષ્ટતાથી વારંવાર કહ્યું કે મૂર્તિઓ મઅબૂદ

નથી અને અલ્લાહ તઆલા સિવાય કોઇ પણ ઇબાદતને પાત્ર નથી.

૧૨૭. અર્થાત કાફિરો જેઓ મૂર્તિઓ પાસેથી જૂઠી આશાઓ ધરાવે છે કે તેઓ એમના ખપ લાગશે એ આશાઓ ઠગારી છે.

૧૨૮. જેને જે ચાહે તે આપે તેની જ ઇબાદત કરવી અને તેને જ રાજી રાખવું કામ લાગશે.

૧૨૯. અર્થાત જો કે ફરિશ્તાઓ અલ્લાહના દરબારમાં નિકટતા અને માન મરતબો ધરાવતા હોય છે છતાં તે લોકોની જ ભલામણ કરશે જેમના માટે અલ્લાહની ઇચ્છા અને મરજી હશે એટલે કે મુઅમિન એક ખુદાને માનનાર માટે, તેથી મૂર્તિઓ પાસેથી શફાઅતની આશા રાખવી તદ્દન ખોટી છે કે તેમને ન તો અલ્લાહની બારગાહમાં નિકટતા પ્રાપ્ત છે ન તેઓ શફાઅતને પાત્ર છે.

૧૩૦. અર્થાત કાફિરો હશ્રને નહિ માનનારાઓ.

૧૩૧. કે તેમને અલ્લાહની દીકરીઓ કહે છે.

૧૩૨. વાસ્તવિક્તા અને ખરી હકીકત યકીન (ખાત્રી કર્યા પછી) થી જણાય છે નહિ કે વહેમ અને અટકળ અનુમાન થી.

૧૩૩. અર્થાત કુરઆન પર ઇમાન લાવવાથી (જે ફરી બેઠો તેના તરફથી).

૧૩૪. આખેરત પર તો ઇમાન જ લાવ્યો નહિ કે જેથી તેનો તલબગાર બને.

૧૩૫. અર્થાતે તેઓ એટલા કમ અક્કલ અને અજ્ઞાન છે કે તેમણે દુનિયાને આખેરત પર પસંદગી આપી. અથવા એ અર્થ છે કે તેમના જ્ઞાનની પરાકાષ્ટા અટકળ અને અનુમાન છે જે તેઓ દોડાવે છે કે ફરિશ્તાઓ અલ્લાહની દીકરીઓ છે (મુઆઝલ્લાહ) અને તેઓ એમની શફાઅત કરશે અને એવા ખોટા ભરમમાં રહીને તેમણે ઇમાન અને કુરઆનની પરવાહ કરી નહિ.

૧૩૬. ગુન્હો તે કાર્ય છે જેને કરનાર સજાને પાત્ર ઠરે અને અમુક આલિમોએ કહ્યું છે કે ગુન્હો તે છે કે જેને કરનાર સવાબથી વંચિત બને. અમુકનું કહેવું છે કે નાજાઇઝ (મના થએલા) કામ કરવાને ગુન્હો કહે છે. ગમે તેમ પણ ગુન્હાના બે પ્રકાર છે સગીરા અને કબીરા (ન્હાનો અને મોટો). કબીરા તે જેનો અઝાબ સખત હોય અને અમુક આલિમોએ કહ્યું છે કે સગીરા તે કે જેના માટે અઝાબની ખબર આપવામાં આવી ન હોય અને કબીરા તે જેના માટે એવી ખબર આપવામાં આવી હોય. અને 'ફવાહિશ' તે છે જેના બદલ દુનિયામાં સજા (હદ) આપવામાં આવે.

૧૩૭. કે કબીરા ગુન્હાઓથી બચવાના કારણે એટલું તો માફ થઇ જાય છે.

૧૩૮. **શાને નુઝૂલ** :- આ આયત એવા લોકો માટે ઉતરી જેઓ નેકીઓ કરતા હતા અને પોતાના અમલોના વખાણ કરતા હતા અને અમારી નમાઝો અમારા રોઝા અમારી હજ વિગેરેને) ગાયા કરતા હતા.

૧૩૯. અર્થાત પોતાના અમલો પર ગર્વ કરીને એના વખાણ કરતા ફરો નહિ કારણ કે અલ્લાહ તઆલા પોતે પોતાના બંદાઓની હાલતોનો જાણકાર છે તે એમના અસ્તિત્વ આરંભથી લઇને અંતિમ દિવસ સુધીની બધી જ હાલતોને જાણે છે.

**મસઅલો** :- આ આયતમાં રિયા (દેખાવ) અને પોતે પોતાના વખાણ કરવાની મનાઇ કરવામાં આવી છે. પરંતુ જો અલ્લાહની નેઅમતના એકરાર અને અલ્લાહની ઇબાદત પર ખુશી વ્યક્ત કરવા અને તેનો આભાર માનવા ખાતર નેકીઓને જાહેર કરવામાં આવે તો જાઇઝ છે.

૧૪૦. અને તેનું જાણી લેવું પુરતું છે તે જ બદલો આપનાર છે બીજાઓને જણાવવાથી અને નામ

قال فما خطبكم ٢٧ النجم ٥٣

بمن اتقى ﴿٣٢﴾ أفرأيت الذي تولى ﴿٣٣﴾ وأعطى قليلا
وأكدى ﴿٣٤﴾ أعنده علم الغيب فهو يرى ﴿٣٥﴾ أم لم
ينبأ بما في صحف موسى ﴿٣٦﴾ وإبراهيم الذي وفى ﴿٣٧﴾ ألا تزر
وازرة وزر أخرى ﴿٣٨﴾ وأن ليس للإنسان إلا ما سعى ﴿٣٩﴾
وأن سعيه سوف يرى ﴿٤٠﴾ ثم يجزاه الجزاء الأوفى ﴿٤١﴾
وأن إلى ربك المنتهى ﴿٤٢﴾ وأنه هو أضحك وأبكى ﴿٤٣﴾
وأنه هو أمات وأحيا ﴿٤٤﴾ وأنه خلق الزوجين الذكر
والأنثى ﴿٤٥﴾ من نطفة إذا تمنى ﴿٤٦﴾ وأن عليه النشأة
الأخرى ﴿٤٧﴾ وأنه هو أغنى وأقنى ﴿٤٨﴾ وأنه هو رب
الشعرى ﴿٤٩﴾ وأنه أهلك عادا الأولى ﴿٥٠﴾ وثمود فما
أبقى ﴿٥١﴾ وقوم نوح من قبل إنهم كانوا هم أظلم

**તેમને તે સારી રીતે જાણે છે[૧૪૦] (૩૨) તો શું જે ફરી બેઠો તેને તમે જોયો ?[૧૪૧] (૩૩) અને કંઇક થોડું સરખું આપ્યું અને (બીજું) અટકાવી લીધું[૧૪૨] (૩૪) શું તેની પાસે ગૈબનું ઇલ્મ છે જેના વડે દેખી રહ્યો છે ?[૧૪૩] (૩૫) શું તેને તેની ખબર મળી નથી જે મૂસાના સહીફાઓમાંથી છે ?[૧૪૪] (૩૬) અને ઇબ્રાહીમના (સહીફાઓમાં) જેણે સંપૂર્ણત : આદેશોનું પાલન કર્યું[૧૪૫] (૩૭) કે કોઇ ભાર ઉપાડનાર જીવ બીજાનો ભાર નથી ઉપાડતો[૧૪૬] (૩૮) અને એ કે માનવી પોતાના પ્રયત્ન સિવાય બીજુ કશું મેળવશે નહિ[૧૪૭] (૩૯) અને એ કે તેનો પ્રયત્ન નજીકમાં જ જોવામાં આવશે[૧૪૮] (૪૦) પછી તેનો ભરપુર બદલો આપ-વામાં આવશે (૪૧) અને એ કે બેશક તમારા પરવરદિગાર તરફ જ અંત છે[૧૪૯] (૪૨) અને એ કે તે જ છે જેણે હસાવ્યા અને રડાવ્યા[૧૫૦] (૪૩) અને એ કે તે જ છે જેણે માર્યા અને જીવાડયા[૧૫૧] (૪૪) અને એ કે તેણે જ ડબલ જોડાંઓ બનાવ્યાં નર અને માદા (૪૫) વિર્યબિંદુ વડે જ્યારે નાખવામાં આવે[૧૫૨] (૪૬) અને એ કે તે પાછલું ઉઠાડવું તેના પર અવલંબિત છે[૧૫૩] (૪૭) અને એ કે તેણે જ તવંગરી અને કિનાઅત (થોડા પર સબર કરવી) આપ્યાં (૪૮) અને એ કે તે જ શેઅરા નામના તારાનો રબ છે[૧૫૪] (૪૯) અને એ કે તેણે જ આદ પહેલીનો નાશ કર્યો[૧૫૫] (૫૦) અને ષમૂદનો.[૧૫૬] તો કોઇને જીવતો છોડયો નહિ (૫૧) અને એમનાથી પહેલાં નૂહની કોમનો,[૧૫૭] બેશક તેઓ એમનાથી પણ વધારે અત્યાચારી**

કાઢવાથી શું લાભ ?

૧૪૧. **શાને નુઝૂલ** :- આ આયત વલીદ બિન મુગીરા વિષે ઉતરી જેણે દીનમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની તાબેદારી સ્વીકારી હતી મુશરિકોએ તેને શરમ અપાવી અને કહ્યું કે; તેં પૂર્વજોનો ધર્મ છોડી દીધો અને તુ ભટકી ગયો ? તેણે કહ્યું; મેં અલ્લાહના અઝાબની બ્હીકે આવું કર્યું છે. ત્યારે શરમ અપાવનાર કાફિરે તેને કહ્યું કે; જો તુ શિર્ક (મૂર્તિ પૂજા) તરફ પાછો ફરે અને આટલી દોલત મને આપે તો તારો અઝાબ હું મારા માથે લઇ લઉં. ત્યારે વલીદ પાછો ઇસ્લામથી ફરી ગયો અને શિર્કમાં સપડાયો અને જે માણસને પૈસા (દોલત) આપવાનું નક્કી થયું હતું તેને થોડું આપ્યું અને બીજું ન આપ્યું.

૧૪૨. **શાને નુઝૂલ** :- એવું પણ બયાન કરવામાં આવ્યું છે કે આ આયત આસ બિન વાઇલ વિષે ઉતરી તે ઘણી બાબતોમાં હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ સાથે સંમતિ દાખવતો હતો. અને એવું પણ કહેવાયું છે કે આ આયત અબૂજહલ બાબત ઉતરી કે તેણે કહ્યું હતું; અલ્લાહની કસમ ! મોહંમદ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) આપણને સર્વોત્તમ અખ્લાક(કેરેકટર)નું શિક્ષણ આપે છે. એ રીતે (આયતનો) અર્થ એ થશે કે થોડું સ્વીકાર્યું અને લાગુ પડતા હક્કમાંથી જુજ અદા કર્યો અને બાકીથી વેગળો રહ્યો એટલે કે ઇમાન લાવ્યો નહિ.

૧૪૩. કે બીજો માણસ તેના ગુન્હાનું વજન ઊંચકી લેશે અને એના અઝાબને પોતાના માથે ઉપાડી લેશે ?

૧૪૪. અર્થાત તવરાતની તખ્તીઓમાં.

૧૪૫. આ હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામના ગુણનું વર્ણન છે કે તેમને જે કંઇ આદેશ આપવામાં આવ્યો તે તેમણે બજાવ્યો એમાં પુત્રને ઝુબેહ કરવાનો પણ સમાવેશ થાય છે અને પોતાને આગમાં નંખાવી દેવાનો પણ અને એ સિવાય બીજા આદેશોનો પણ સમાવેશ થઇ જાય છે. ત્યાર પછી અલ્લાહ તઆલા તે બાબતોનું બયાન ફરમાવે છે જે હઝરત મૂસા અલયહિસ્સલામની કિતાબ અને હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામના સહીફાઓમાં વર્ણવવામાં આવી હતી.

૧૪૬. અને કોઇ પણ બીજાના ગુન્હા બદલ પકડવામાં આવતું નથી. આમાં તે માણસની વાતને રદિયો અપાયો છે જે વલીદ બિન મુગીરાના અઝાબને પોતાના માથે લેવાનું કહેતો હતો. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું છે કે હઝરત ઇબ્રાહીમના સમયથી પહેલાં લોકો માણસને બીજાના ગુન્હા બદલ પણ પકડી લેતા હતા. જો કોઇએ કોઇનું ખૂન કર્યું હોય તો ખૂનીના બદલે તેના પુત્ર કે ભાઇ અથવા તેની પત્ની કે ગુલામને મારી નાખતા હતા. હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામના સમયમાં આપે એવું કરવાની મનાઇ કરી અને અલ્લાહ તઆલાનો આ હુકમ પહોંચાડયો કે કોઇ બીજાના ગુન્હા બદલ પકડાશે નહિ.

૧૪૭. અર્થાત અમલ. મતલબ એ છે કે મનુષ્ય પોતાની નેકીઓનો જ લાભ મેળવે છે. આ વસ્તુ પણ હઝરત મૂસા અને હઝરત ઇબ્રાહીમના સહીફાઓમાં વર્ણવાએલી છે અને કહેવામાં આવ્યું છે કે આ માત્ર તે ઉમ્મતો પુરતું જ હતું. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હુમાએ કહ્યું છે કે; આપણી શરીઅતમાં આ હુકમ ''વઅલ્હકના બિહિમ ઝુર્રિય્યાતિહિમ'' (અને અમે જન્નતી લોકો સાથે તેમની ઔલાદને પણ જન્નતમાં મૂકી) વાળી આયત દ્વારા મન્સૂખ થઇ ગએલો છે.

હદીષ શરીફમાં છે કે એક માણસે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને પૂછ્યું કે; મારી માતાનું મૃત્યુ થયું છે જો હું તેણી તરફથી સદકો આપું તો શું એ લાભકારક બનશે ? હુઝૂરે ફરમાવ્યું; હા.

**મસાઇલ** :- અને ઘણી હદીષોથી પુરવાર થએલું છે કે મય્યતને સદકાઓ અને ઇબાદતોનો જે સવાબ પહોંચાડવામાં આવે છે તે તેમને મળે છે અને એ બાબતે ઉમ્મતના આલિમોની સર્વાનુમતિ છે અને એટલા માટે જ મુસલમાનોનો એ નિયમ છે કે તેઓ પોતાના મરણ પામેલાઓને ત્રીજ્યા, ચાલીસમા, ઉર્સ વિગે-રેના ફાતેહાઓ મારફત સવાબ પહોંચાડે છે, આ કાર્ય તદ્દન હદીષો અનુસાર છે.

આ આયતની તફસીરમાં એક કથન એવું પણ છે કે અહીં માનવીનો મતલબ કાફિર છે અને અર્થ એ છે કે કાફિરને પોતાના કર્મો સિવાય અન્ય કોઇ ભલાઇ મળશે નહિ કે તેને દુનિયામાં જ માલદારી અને તંદુરસ્તી વિગેરે દ્વારા એનો બદલો આપી દેવામાં આવશે જેથી આખેરતમાં તેનો કશો હિસ્સો બાકી રહે નહિ. અને તફસીરકારોએ એક અર્થ એવો પણ કહ્યો છે કે; ન્યાયની દ્રષ્ટિએ માનવીને તે જ મળશે જે તેણે કર્યું હશે અને પોતાની કૃપાથી તો અલ્લાહ જે ઇચ્છે તે આપે. અને તફસીરકારોનું એક કથન એવું પણ છે કે; મુઅમિન માટે બીજો મુઅમિન જે નેકી કરે છે તે નેકી જેના માટે કરવામાં આવી હોય તેની જ ગણાય છે કારણ કે તેને કરનાર નાયબ અને વકીલ તરીકે તેના સ્થાને હોય છે.

૧૪૮. આખેરતમાં.

૧૪૯. આખેરતમાં તેના તરફ જ જવાનું છે તે જ કર્મોનો બદલો આપશે.

૧૫૦. જેને ચાહયો તેને ખુશ કર્યો અને જેને ઇચ્છયો તેને દુ:ખી કર્યો.

૧૫૧. અર્થાત દુનિયામાં મૃત્યુ આપ્યું અને આખેરતમાં જીવન આપ્યું. અથવા એવો મતલબ છે કે

અને બંડખોર હતા[૧૫૮] (૫૨) અને તેણે ઉંધી થનાર વસ્તીને નીચે પાડી નાખી[૧૫૯] (૫૩) તો તેના પર છવાયું જે છવાયું[૧૬૦] (૫૪) તો અય સાંભળનાર ! પોતાના રબની કઇ કઇ નેઅમતોમાં શંકા કરીશ ? (૫૫) આ[૧૬૧] એક ડર સંભળાવનાર છે આગલા ડરાવનારાઓ ની જેમ[૧૬૨] (૫૬) નજીક આવી લાગી નજીક આવનાર[૧૬૩] (૫૭) અલ્લાહ સિવાય તેને કોઇ ખોલનાર નથી[૧૬૪] (૫૮) તો શું એ વાતથી તમને આશ્ચર્ય થાય છે ?[૧૬૫] (૫૯) અને હસો છો ? અને રડતા નથી ?[૧૬૬] (૬૦) અને તમે રમતમાં પડયા છો ? (૬૧) તો અલ્લાહને સિજદો કરો અને તેની બંદગી કરો[૧૬૭] (૬૨)

### અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૧૬૮]

કયામત નજીક આવી લાગી અને[૧૬૯] ચંદ્ર ચીરાઇ ગયો[૧૭૦] (૧) અને જો કોઇ નિશાની જુએ[૧૭૧] તો મોઢું ફેરવે[૧૭૨] અને કહે કે; આ તો ચાલ્યું આવતું જાદૂ છે (૨) અને તેમણે જૂઠાડયું[૧૭૩] અને પોતાની વાસનાઓની પાછળ ચાલ્યા[૧૭૪]. અને દરેક કામ નિર્માણ થઇ ચૂક્યું છે[૧૭૫] (૩) અને બેશક તેમની પાસે એવી ખબરો આવી ગઇ[૧૭૬] જેમાં પુરતો અટકાવ હતો[૧૭૭] (૪) બુધ્ધિ લગતી વાત અંતિમ કક્ષાની. પછી ડર સંભળાવનારાઓ શું કામ આપે ? (૫) તો તમે એમનાથી મોઢું ફેરવી લો.[૧૭૮] જે દિવસે

قال فما خطبكم ٢٧ — القمر ٥٤

وَأَطْغَىٰ ﴿٥٢﴾ وَالْمُؤْتَفِكَةَ أَهْوَىٰ ﴿٥٣﴾ فَغَشَّاهَا مَا غَشَّىٰ ﴿٥٤﴾
فَبِأَيِّ آلَاءِ رَبِّكَ تَتَمَارَىٰ ﴿٥٥﴾ هَٰذَا نَذِيرٌ مِّنَ النُّذُرِ الْأُولَىٰ ﴿٥٦﴾
أَزِفَتِ الْآزِفَةُ ﴿٥٧﴾ لَيْسَ لَهَا مِن دُونِ اللَّهِ كَاشِفَةٌ ﴿٥٨﴾
أَفَمِنْ هَٰذَا الْحَدِيثِ تَعْجَبُونَ ﴿٥٩﴾ وَتَضْحَكُونَ وَلَا تَبْكُونَ ﴿٦٠﴾
وَأَنتُمْ سَامِدُونَ ﴿٦١﴾ فَاسْجُدُوا لِلَّهِ وَاعْبُدُوا ۩ ﴿٦٢﴾

سورة القمر مكية وهي خمس وخمسون آية وثلاث ركوعات

بِسْمِ اللَّهِ الرَّحْمَٰنِ الرَّحِيمِ

اقْتَرَبَتِ السَّاعَةُ وَانشَقَّ الْقَمَرُ ﴿١﴾ وَإِن يَرَوْا آيَةً يُعْرِضُوا
وَيَقُولُوا سِحْرٌ مُّسْتَمِرٌّ ﴿٢﴾ وَكَذَّبُوا وَاتَّبَعُوا أَهْوَاءَهُمْ
وَكُلُّ أَمْرٍ مُّسْتَقِرٌّ ﴿٣﴾ وَلَقَدْ جَاءَهُم مِّنَ الْأَنبَاءِ مَا فِيهِ
مُزْدَجَرٌ ﴿٤﴾ حِكْمَةٌ بَالِغَةٌ فَمَا تُغْنِ النُّذُرُ ﴿٥﴾ فَتَوَلَّ

બાપદાદાઓને મૃત્યુ આપ્યું. અને તેમના વંશને જીવન આપ્યું અથવા એ કે કાફિરોને કુફ્રમાં બરબાદ કર્યા અને મુઅમિનો ને ઇમાન નું જીવન આપ્યું.

૧૫૨. ગર્ભાશયમાં.

૧૫૩. અર્થાત મૃત્યુ પછી જીવંત કરવું.

૧૫૪. જે ભર ઉનાળે જવઝા (મિથુન) પછી ઉદય થાય છે, જાહેલિયતવાળાઓ એની પૂજા કરતા હતા. આ આયતમાં કહેવામાં આવ્યું કે બધાંનો રબ અલ્લાહ છે તે તારાનો રબ પણ અલ્લાહ છે તેથી તે (અલ્લાહ)ની જ ઇબાદત કરો.

૧૫૫. ગરમ હવા વડે. આદ બે છે. એક હૂદની કોમ, તેમને આદ પહેલી કહેવામાં આવે છે. અને તેમની પાછલાઓને આદ બીજી. તેઓ પણ તેમની પાછળ જ થયા હતા.

૧૫૬. જે હઝરત સાલિહ અલયહિસ્સલામની કોમ હતી.

૧૫૭. ડૂબાડી દઇને વિનાશ કર્યો.

૧૫૮. કે હઝરત નૂહ અલયહિસ્સલામ તેમનામાં લગભગ એક હજાર વરસ રહ્યા પણ તેઓએ આપનું નિમંત્રણ સ્વીકાર્યું નહિ અને તેમની બંડખોરી ઓછી થઇ નહિ.

૧૫૯. એનો નિર્દેશ હઝર લૂતની કોમની વસ્તીઓ (ગામો) તરફ છે જેમને હઝરત જિબ્રઇલ અલયહિસ્સલામે અલ્લાહના હુકમથી ઊંચી કરીને ઊંધી વાળી દીધી અને વેરવિખેર કરી નાખી.

૧૬૦. અર્થાત નિશાની કરેલા પથ્થરો વરસાવ્યા.

૧૬૧. અર્થાત સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ.

૧૬૨. જેઓ પોતાની કોમો તરફ રસૂલ બનાવીને મોકલાયા.

૧૬૩. અર્થાત કયામત.

૧૬૪. અર્થાત તે જ એને જાહેર કરશે અથવા એ અર્થ છે કે તેની સખ્તીઓ અને ભયંકરતાને અલ્લાહ સિવાય બીજું કોઇ હટાવી શકતુ નથી અને અલ્લાહ તઆલા હટાવશે નહિ.

૧૬૫. અર્થાત કુરઆન શરીફને નકારો છો ?

૧૬૬. તેના (સવાબના) વાયદા અને (અઝાબની) વઇદ સાંભળીને.

૧૬૭. કે તેના સિવાય કોઇ ઇબાદતને પાત્ર નથી.

૧૬૮. સૂરએ કમર મક્કામાં ઉતરેલી છે ''સયુહ ઝમુલ જમઉ'' વાળી આયત સિવાય. એમાં ૩ રૂકૂઅ ૫૫ આયતો ૩૪૨ શબ્દો અને ૧૪૨૩ અક્ષરો છે.

૧૬૯. એના નજીક આવવાની નિશાની જાહેર થઇ કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના મુઅજિઝાથી...

૧૭૦. બે ટુકડા થઇ ગયા. ''શક્કુલ કમર'' જેનું બયાન આ આયતમાં છે કે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના મહાન મુઅજિઝાઓમાંનો એક મુઅજિઝો છે. મક્કાવાસીઓએ હુઝૂર પાસે એક મુઅજિઝાની માંગણી કરી હતી ત્યારે આપે ચંદ્રના બે ટુકડા કરીને દેખાડયા. ચંદ્રના બે ભાગ પડી ગયા અને દરેક ભાગ બીજાથી છુટો પડી ગયો અને કહ્યું કે; સાક્ષી બની જાવ. ત્યારે કુરેશવાળાઓએ કહ્યું કે; જો આ નજર બાંધી દેવાના કારણે હશે તો બહાર કોઇ પણ જગ્યાએ કોઇને પણ ચંદ્રના ટુકડા થએલા દેખાયા નહિ હોય, હવે જે કાફલાઓ આવવાના છે તેમની ભાળમાં રહો અને મુસાફરોને પૂછો, જો બીજી જગ્યાઓ પરથી પણ ચંદ્રના ટુકડા થતાં દેખાયા હોય તો બેશક આ મુઅજિઝો છે. જેમકે પછી સફરમાંથી આવનારાઓને પૂછ-વામાં આવ્યું તેમણે કહ્યું કે; અમે જોયું હતું કે તે દિવસે ચંદ્રના બે ટુકડા થઇ ગયા હતા. ત્યારે મુશરિકો માટે નકારવાની ગુંજાઇશ રહી નહિ અને તેઓ અજ્ઞાનતાની હઠમાં જાદુ જાદુ જ કહેતા રહ્યા. સિહાહની ઘણી બધી હદીષોમાં આ મહાન મુઅજિઝાનું વર્ણન છે અને એની ખબર એટલી ખ્યાતિએ લાધી ગઇ છે કે એનો ઇન્કાર કરવો બુધ્ધિ અને ન્યાય સાથે દુશ્મની કરવા સમાન અને બેદીની છે.

૧૭૧. મક્કાવાસીઓ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની નબુવ્વતની સત્યતા દર્શાવતી.....

૧૭૨. તેની સત્યતા સ્વીકારવાથી અને હુઝૂર પર ઇમાન લાવવાથી.

૧૭૩. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને અને આંખોથી નિહાળેલા આપના મુઅજિઝાઓને.

૧૭૪. તે જૂઠી વાતો પાછળ જે શયતાને તેમના હૃદયોમાં બેસાડી દીધી હતી કે જો નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના મુઅજિઝાઓની સત્યતાને સ્વીકારવામાં આવશે તો આપની આગેવાની સમગ્ર જગતમાં માન્ય ઠરશે અને કુરેશની જરા પણ આબરૂ અને કદર બાકી રહેશે નહિ.

૧૭૫. તે પોતાના સમય પર થવાનું જ છે કોઇ તેને અટકાવનાર નથી સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમનો દીન ગાલિબ થઇને જ રહેશે.

૧૭૬. પાછલી ઉમ્મતોની જેમનો પોતાના રસૂલોને જૂઠાડવા બદલ વિનાશ કરવામાં આવ્યો.

૧૭૭. કુફ્ર કરવાથી અને જૂઠાડવાથી અને અંતિમ કક્ષાની હિદાયત.

قال فما خطبكم ٢٧ القمر ٥٤

عَنْهُمْ يَوْمَ يَدْعُ الدَّاعِ إِلَىٰ شَيْءٍ نُّكُرٍ ﴿٦﴾ خُشَّعًا أَبْصَارُهُمْ
يَخْرُجُونَ مِنَ الْأَجْدَاثِ كَأَنَّهُمْ جَرَادٌ مُّنتَشِرٌ ﴿٧﴾ مُّهْطِعِينَ
إِلَى الدَّاعِ يَقُولُ الْكَافِرُونَ هَٰذَا يَوْمٌ عَسِرٌ ﴿٨﴾ كَذَّبَتْ
قَبْلَهُمْ قَوْمُ نُوحٍ فَكَذَّبُوا عَبْدَنَا وَقَالُوا مَجْنُونٌ وَ
ازْدُجِرَ ﴿٩﴾ فَدَعَا رَبَّهُ أَنِّي مَغْلُوبٌ فَانتَصِرْ ﴿١٠﴾ فَفَتَحْنَا
أَبْوَابَ السَّمَاءِ بِمَاءٍ مُّنْهَمِرٍ ﴿١١﴾ وَفَجَّرْنَا الْأَرْضَ عُيُونًا
فَالْتَقَى الْمَاءُ عَلَىٰ أَمْرٍ قَدْ قُدِرَ ﴿١٢﴾ وَحَمَلْنَاهُ عَلَىٰ ذَاتِ
أَلْوَاحٍ وَدُسُرٍ ﴿١٣﴾ تَجْرِي بِأَعْيُنِنَا جَزَاءً لِّمَن كَانَ كُفِرَ ﴿١٤﴾
وَلَقَد تَّرَكْنَاهَا آيَةً فَهَلْ مِن مُّدَّكِرٍ ﴿١٥﴾ فَكَيْفَ كَانَ
عَذَابِي وَنُذُرِ ﴿١٦﴾ وَلَقَدْ يَسَّرْنَا الْقُرْآنَ لِلذِّكْرِ فَهَلْ
مِن مُّدَّكِرٍ ﴿١٧﴾ كَذَّبَتْ عَادٌ فَكَيْفَ كَانَ عَذَابِي وَنُذُرِ ﴿١٨﴾

**બોલાવનાર[૧૭૯] એક તદ્દન અજાણી વાત તરફ બોલાવશે[૧૮૦]
(૬) (ત્યારે તેઓ) આંખો ઢાળીને કબરોમાંથી નીકળશે
જાણે કે તેઓ ફેલાએલાં તીડો છે[૧૮૧] (૭) બોલાવનાર તરફ
આગળ વધતા.[૧૮૨] કાફિરો કહેશે; 'આ દિવસ (તો) અઘરો
છે' (૮) એમનાથી[૧૮૩] પહેલાં નૂહની કોમે જૂઠાડયું તો
(તેમણે) અમારા બંદા[૧૮૪] ને જૂઠો કહ્યો અને બોલ્યા; 'એ
તો ગાંડો છે' અને તેને ધમકાવ્યો[૧૮૫] (૯) તો તેણે પોતાના
પરવરદિગાર પાસે દુઆ માંગી કે; 'હું તો દબાએલો છું
તુ મારો બદલો લે' (૧૦) તો અમે જોસભેર વહેતા પાણી
માટે[૧૮૬] આકાશનાં દ્વારો ખુલ્લા મૂકી દીધાં (૧૧) અને
ધરતીને નહેરો બનાવીને વહેતી કરી દીધી[૧૮૭] તો નક્કી
કરેલા પ્રમાણ મુજબ[૧૮૮] બન્ને પાણીઓ[૧૮૯] ભેગાં થઇ
ગયાં (૧૨) અને અમે નૂહને તખ્તાઓ અને
ખીલાઓવાળા (વહાણ)માં અસ્વાર કર્યો[૧૯૦] (૧૩) જે
અમારી દ્રષ્ટિ સમક્ષ વહેતું હતું[૧૯૧], જેની સાથે કુફ્ર કરવામાં
આવ્યું હતું તેના બદલા રૂપે[૧૯૨] (૧૪) અને અમે એને[૧૯૩]
ચિન્હરૂપે બાકી રાખ્યું તો છે કોઇ ધ્યાન કરનાર ?[૧૯૪] (૧૫)
તો મારો અઝાબ અને મારી ધમકીઓ કેવી (પુરવાર)
થઇ ? (૧૬) અને બેશક યાદ કરવા માટે અમે કુરઆનને
સહેલું બનાવી દીધું તો છે કોઇ યાદ કરનાર ?[૧૯૫] (૧૭)**

૧૭૮. કારણ કે તેઓ શિખામણ અને ડર વડે સ્વીકારનાર નથી.

૧૭૯. હઝરત ઇસરાફીલ અલયહિસ્સલામ બયતુલ મુકદ્દસના પથ્થર પર ઉભા રહીને.....

૧૮૦. જેની સખ્તાઇ જેવી સખ્તાઇ કદી નિહાળી નહિ હોય અને તે કયામત તથા હિસાબની ભયંકરતા છે.

૧૮૧. ખોફના કારણે હેરાન પરેશાન બધી દિશાઓમાંથી નીકળશે અને જાણતા નહિ હોય કે તેઓને ક્યાં જવાનું છે.

૧૮૨. અર્થાત હઝરત ઇસરાફીલ અલયહિસ્સલામના અવાજ તરફ.

૧૮૩. અર્થાત કુરેશથી.....

૧૮૪. નૂહ અલયહિસ્સલામ.....

૧૮૫. કે જો તમે પોતાની શિખામણ નસીહત અને વાએઝ પડતાં નહિ મૂકો તો અમે તમને મારી નાખશું પથ્થરમારો કરીને પુરા કરી દઇશું.

૧૮૬. જે ચાલીસ દિવસ સુધી થોભ્યું નહિ.

૧૮૭. અર્થાત ધરતીમાંથી એટલું બધું પાણી નીકળ્યું કે આખી ધરતી જાણે નહેર બની ગઇ.

૧૮૮. જે લવહે મહફૂઝમાં આલેખાએલું હતું કે પૂર આટલા પ્રમાણમાં ચઢશે.

૧૮૯. આકાશમાંથી વરસનાર અને જમીનમાંથી ઉભરો થઇ નીકળનાર.

૧૯૦. એક વહાણ.

આદે (પણ) જૂઠાડયું;[૧૯૬] તો મારી શિક્ષા અને મારી ધમકીનાં ફરમાનો કેવા (પુરવાર) થયાં ?[૧૯૭] (૧૮) બેશક અમે તેમની ઉપર એક સખત વંટોળ મોકલ્યો[૧૯૮] એવા દિવસે જેની નહૂસત તેમના પર હમેશાં રહી[૧૯૯] (૧૯) લોકોને એવી રીતે ઉથલાવી નાંખતો હતો જાણે કે તેઓ ઉખડી ગએલાં ખજૂરનાં વૃક્ષોના દાંડાઓ છે (૨૦) તો મારો અઝાબ અને અઝાબનાં ફરમાનો કેવાં (પુરવાર) થયાં ? (૨૧) અને બેશક અમે યાદ કરવા માટે કુરઆનને સરળ કરી દીધું તો છે કોઇ યાદ કરનાર (૨૨) ષમૂદે (પણ) રસૂલોને જૂઠાડયા[૨૦૦] (૨૩) તો બોલ્યા; 'શું આપણે આપણી અંદરના જ એક માણસની તાબેદારી કરીએ ?[૨૦૧] ત્યારે તો જરૂર આપણે ગાંડા અને ગુમરાહ કહેવાઇએ[૨૦૨] (૨૪) શું આપણા બધામાંથી એના પર જ[૨૦૩] ઝિક્ર ઉતારવામાં આવ્યું ?[૨૦૪] બલ્કે એ બહું જ જૂઠો તોફાની છે[૨૦૫]' (૨૫) બહું જ જલ્દી કાલે જાણી લેશે[૨૦૬] કે બહું જ જૂઠું તોફાની કોણ હતું (૨૬) અમે તેમની કસોટી માટે[૨૦૭] ઉંટણી મોકલનાર છીએ. તો અય સાલિહ ! રાહ જો[૨૦૮] અને સબ્ર કર[૨૦૯] (૨૭) અને તેમને સંભળાવી દે કે તેમની વચ્ચે પાણીના ભાગ છે,[૨૧૦] દરેક ભાગ પર તે હાજર થાય જેનો વારો હોય[૨૧૧] (૨૮) તો પોકાર્યો તેમણે પોતાના સાથીદારને[૨૧૨] તો તેણે[૨૧૩] લઇને તેની ઘુંટીઓ કાપી નાખી[૨૧૪] (૨૯) પછી મારો અઝાબ અને ડરનાં ફરમાનો કેવાં (પુરવાર) થયાં ?[૨૧૫] (૩૦) બેશક અમે તેમની ઉપર એક ગર્જના મોકલી[૨૧૬] તો તરત જ તેઓ વાડ બનાવનારની વધેલી ઘાસ જેવા બની ગયા જે સુકી અને ચગદાએલી હોય[૨૧૭] (૩૧) અને બેશક



إنا أرسلنا عليهم ريحا صرصرا في يوم نحس مستمر ١٩
تنزع الناس كأنهم أعجاز نخل منقعر ٢٠ فكيف كان
عذابي ونذر ٢١ ولقد يسرنا القرآن للذكر فهل من
مدكر ٢٢ كذبت ثمود بالنذر ٢٣ فقالوا أبشرا منا ع ٢٢
واحدا نتبعه إنا إذا لفي ضلل وسعر ٢٤ أألقي الذكر
عليه من بيننا بل هو كذاب أشر ٢٥ سيعلمون منزل ٧
غدا من الكذاب الأشر ٢٦ إنا مرسلوا الناقة فتنة لهم
فارتقبهم واصطبر ٢٧ ونبئهم أن الماء قسمة بينهم
كل شرب محتضر ٢٨ فنادوا صاحبهم فتعاطى فعقر ٢٩
فكيف كان عذابي ونذر ٣٠ إنا أرسلنا عليهم صيحة
واحدة فكانوا كهشيم المحتظر ٣١ ولقد يسرنا القرآن

૧૯૧. અમારી સંભાળમાં.

૧૯૨. અર્થાત હઝરત નૂહ અલયહિસ્સલામને.

૧૯૩. અર્થાત એ બનાવને. કે કાફિરોનો ડૂબાડી દઇને વિનાશ કરવામાં આવ્યો અને હઝરત નૂહ અલયહિસ્સલામને ઉગારી લેવામાં આવ્યા. અને અમુક તફસીરકારોના મંતવ્ય અનુસાર ''એને'' નો ઇશારો વહાણ તરફ છે. રિવાયતમાં છે કે અલ્લાહ તઆલાએ તે વહાણને જઝીરામાં અને અમુકના કહેવા મુજબ જુદી પર્વત પર લાંબી મુદ્દત સુધી બાકી રાખ્યું એટલા સુધી કે આપણી ઉમ્મતના આગલા લોકોએ તેને જોયું.

૧૯૪. જે શિખામણ સ્વીકારે અને બોધ ગ્રહણ કરે.

૧૯૫. આ આયતમાં કુરઆન શરીફ શિખવા શિખવાડવા તેમ જ એમાં મગ્ન રહેવાનો શોખ અપાવવામાં આવ્યો છે અને એવું પરિણામ પણ તારવી શકાય છે કે કુરઆન શરીફ યાદ કરનારની અલ્લાહ તઆલા તરફથી મદદ થાય છે અને તેને મોઢે યાદ કરવાનું સહેલુ કરી દેવામાં આવ્યું હોવાનું જ એ પરિણામ છે કે બાળકો સુધ્ધાં એને યાદ કરી લે છે એના સિવાય કોઇ ધાર્મિક પુસ્તક એવું નથી જે સરળતાથી યાદ થઇ જતું હોય કે યાદ કરવામાં આવતું હોય.

૧૯૬. પોતાના નબી હઝરત હૂદ અલયહિસ્સલામને જેના બદલામાં તેઓને અઝાબમાં સપડાવવામાં આવ્યા.

૧૯૭. જે અઝાબ ઉતરતાં પહેલાં સંભળાવવામાં આવ્યાં હતાં.

૧૯૮. ખૂબ ઝડપે ચાલનાર ખૂબ ઠંઠો ઝાપટો મારતો.

لِلذِّكْرِ فَهَلْ مِن مُّدَّكِرٍ ﴿٣٢﴾ كَذَّبَتْ قَوْمُ لُوطٍ بِالنُّذُرِ ﴿٣٣﴾
إِنَّا أَرْسَلْنَا عَلَيْهِمْ حَاصِبًا إِلَّا آلَ لُوطٍ نَّجَّيْنَاهُم بِسَحَرٍ ﴿٣٤﴾
نِّعْمَةً مِّنْ عِندِنَا كَذَٰلِكَ نَجْزِي مَن شَكَرَ ﴿٣٥﴾ وَلَقَدْ
أَنذَرَهُم بَطْشَتَنَا فَتَمَارَوْا بِالنُّذُرِ ﴿٣٦﴾ وَلَقَدْ رَاوَدُوهُ
عَن ضَيْفِهِ فَطَمَسْنَا أَعْيُنَهُمْ فَذُوقُوا عَذَابِي وَنُذُرِ ﴿٣٧﴾
وَلَقَدْ صَبَّحَهُم بُكْرَةً عَذَابٌ مُّسْتَقِرٌّ ﴿٣٨﴾ فَذُوقُوا عَذَابِي
وَنُذُرِ ﴿٣٩﴾ وَلَقَدْ يَسَّرْنَا الْقُرْآنَ لِلذِّكْرِ فَهَلْ مِن مُّدَّكِرٍ ﴿٤٠﴾
وَلَقَدْ جَاءَ آلَ فِرْعَوْنَ النُّذُرُ ﴿٤١﴾ كَذَّبُوا بِآيَاتِنَا كُلِّهَا
فَأَخَذْنَاهُمْ أَخْذَ عَزِيزٍ مُّقْتَدِرٍ ﴿٤٢﴾ أَكُفَّارُكُمْ خَيْرٌ مِّنْ
أُولَٰئِكُمْ أَمْ لَكُم بَرَاءَةٌ فِي الزُّبُرِ ﴿٤٣﴾ أَمْ يَقُولُونَ نَحْنُ
جَمِيعٌ مُّنتَصِرٌ ﴿٤٤﴾ سَيُهْزَمُ الْجَمْعُ وَيُوَلُّونَ الدُّبُرَ ﴿٤٥﴾

**અમે યાદ કરવા માટે કુરઆનને સહેલું કરી આપ્યું તો છે કોઇ યાદ કરનાર ? (૩૨) લૂતની કોમે (પણ) રસૂલોને જૂઠાડયા (૩૩) (તો) બેશક અમે તેમની ઉપર[૨૧૮] પથ્થરમારો મોકલ્યો,[૨૧૯] લૂતના ઘરવાળાંઓ સિવાય,[૨૨૦] અમે તેમને પાછલા પ્હોરે[૨૨૧] ઉગારી લીધાં (૩૪) પોતાની પાસેની નેઅમત આપીને. જે આભાર માને તેને અમે એવો જ બદલો આપીએ છીએ[૨૨૨] (૩૫) અને બેશક તેણે[૨૨૩] તેઓને અમારી પકડથી[૨૨૪] ડરાવ્યા તો તેમણે ડરના આદેશોમાં શંકા કરી[૨૨૫] (૩૬) તેઓએ તેને તેના મહેમાનો બાબતમાં ફોસલાવવા માંગ્યો[૨૨૬] તો અમે તેમની આંખો સપાટ કરી દીધી[૨૨૭] (અને) ફરમાવ્યું; 'ચાખો મારો અઝાબ અને ડરનાં ફરમાનો[૨૨૮] (૩૭) અને બેશક પ્રભાતમાં તેમની ઉપર સ્થાઇ અઝાબ આવ્યો[૨૨૯] (૩૮) તો મારો અઝાબ અને ડરનાં ફરમાનો ચાખો (૩૯) અને બેશક અમે કુરઆન યાદ કરવા માટે સરળ બનાવ્યું તો છે કોઇ યાદ કરનાર ? (૪૦) અને બેશક ફિરઔનવાળાઓ પાસે રસૂલ આવ્યા[૨૩૦] (૪૧) (તો) તેઓએ અમારી બધી નિશાનીઓને જૂઠાડી[૨૩૧] તો અમે તેમની[૨૩૨] પકડ કરી જે એક ઇજ્જતવાળા અને મહાન શક્તિશાળીને છાજતું હતું (૪૨) શું[૨૩૩] તમારા કાફિરો તેમનાથી ઉત્તમ છે ?[૨૩૪] અથવા કિતાબોમાં તમારા માટે છુટટી લખેલી છે ?[૨૩૫] (૪૩) અથવા એવું કહે છે[૨૩૬] કે અમે બધા ભેગા થઇને બદલો વાળી લઇશું ?[૨૩૭] (૪૪) હમણાં જ એ ટોળા[૨૩૮] ને નસાડવામાં આવે છે અને (તેઓ) પીઠ ફેરવીને ભાગશે[૨૩૯] (૪૫)**

૧૯૯. એટલે સુધી કે તેમનામાં કોઇ પણ બચ્યું નહિ બધા જ નાશ પામ્યા. અને તે દિવસ મહીનાનો છેલ્લો બુધવાર હતો.

૨૦૦ . પોતાના નબી હઝરત સાલિહ અલયહિસ્સલામના નિમંત્રણનો ઇન્કાર કરીને અને તેમના પર ઇમાન નહિ લાવીને.

૨૦૧. અર્થાત આપણે ઘણા બધા હોવા છતાં એક માણસના તાબે થઇ જઇએ ? આપણે એવું કરીશું નહિ કારણ કે જો એવું કરીએ.....

૨૦૨. આવું કહીને તેમણે હઝરત સાલિહ અલયહિસ્સલામની જ વાત તેમને પાછી વાળી આપી, તેમણે કહ્યું હતું કે; જો તમે મારી તાબેદારી નહિ કરો તો તમે ગુમરાહ અને બુધ્ધિહિન કહેવાશો.

૨૦૩. અર્થાત હઝરત સાલિહ અલયહિસ્સલામ પર.

૨૦૪. વહી મોકલવામાં આવી અને આપણામાં બીજું કોઇ એ લાયક હતું જ નહિ ?

૨૦૫. કે નબુવ્વતનો દાવો કરીને મોટો બનવા માંગે છે. અલ્લાહ તઆલા ફરમાવે છે.....

૨૦૬. જ્યારે કે અઝાબમાં સપડાવવામાં આવશે.

૨૦૭. આ ત્યારે કહેવાયું જ્યારે કે હઝરત સાલિહ અલયહિસ્સલામની કોમે આપને એવું કહ્યું હતું કે આપ પથ્થરમાંથી એક ઊંટણી કાઢો. આપે તેમના ઇમાન સ્વીકારવાની શરતે એ વાત મંજૂર રાખી હતી. જેમકે પછી અલ્લાહ તઆલાએ ઊંટણી મોકલવાનો વાયદો કર્યો અને હઝરત સાલિહ અલયહિસ્સલામને કહ્યું.....

૨૦૮. કે તેઓ શું કરે છે અને તેમની સાથે શું થાય છે.

૨૦૯. તેમની ઇજા બદલ.

૨૧૦. એક દિવસ તેમનો અને એક દિવસ ઊંટણીનો.

૨૧૧. જે દિવસ ઊંટણીનો હોય તે દિવસે ઊંટણી આવે અને જે દિવસ કોમના વારાનો હોય ત્યારે તે આવે.

૨૧૨. અર્થાત કેદાર બિન સાલિફને ઊંટણીને મારી નાખવા માટે.

૨૧૩. તિક્ષ્ણ ધારાવાળી તલ્વાર...

૨૧૪. અને તેને મારી નાંખી.

૨૧૫. જે અઝાબ આવતાં પહેલાં મારી તરફથી આવ્યાં હતાં અને પોતાના સમય પર સત્ય પુરવાર થયાં.

૨૧૬. અર્થાત ફરિશ્તાનો ભયંકર અવાજ.

૨૧૭. અર્થાત જે રીતે ગોવાળો જંગલમાં પોતાની બકરીઓની સંભાળ રાખવા ઘાસ કાંટાઓની વાડ બનાવે છે તેમાંથી થોડીક ઘાસ વધે છે અને તે જાનવરોના પગોમાં રગદોળાય છે અને પછી ટુકડે ટુકડા થઇ જાય છે તેવી જ હાલત તેમની થઇ ગઇ.

૨૧૮. એ જૂઠાડવાની સજા રૂપે.

૨૧૯. અર્થાત તેમના પર નાના નાના પથ્થરો વરસાવ્યા.

૨૨૦. અર્થાત હઝરત લૂત અલયહિસ્સલામ અને આપની બન્ને દીકરીઓ એ અઝાબમાંથી બચાવી લેવાયાં.

૨૨૧. અર્થાત સ્હવાર થતાં પહેલાં.

૨૨૨. અલ્લાહ તઆલાની નેઅમતોનો જે આભાર માને છે તેમને. અને આભાર માનનાર તે કહેવાય છે જે અલ્લાહ તઆલા અને તેના રસૂલો પર ઇમાન લાવે છે.

૨૨૩. અર્થાત હઝરત લૂત અલયહિસ્સલામે.

૨૨૪. અમારા અઝાબથી.

૨૨૫. અને તેમની સત્યતાને ટેકો આપ્યો નહિ.

૨૨૬. અને હઝરત લૂત અલયહિસ્સલામને કહ્યું કે; તમે અમારી અને તમારા મહેમાનોની વચમાં દખલગીરી કરો નહિ તેમને અમારા હવાલે કરો. આવું તેમણે ખરાબ ઇરાદે અને બદનિય્યતીથી કહ્યું હતું. અને તે મહેમાનો ફરિશ્તાઓ હતા. તેમણે હઝરત લૂત અલયિહસ્સલામને કહ્યું કે; આપ તેઓને છુટા મૂકી દો ઘરમાં આવવા દો. જ્યારે તેઓ ઘરમાં પ્રવેશ્યા કે તરત જ હઝરત જિબ્રઇલ અલયહિસ્સલામે હાથ વડે ખખડાવ્યું.....

૨૨૭. તરત જ તેઓ આંધળા બની ગયા અને આંખો એ રીતે અદ્રશ્ય બની ગઇ કે નિશાની પણ રહી નહિ, ચહેરાઓ સપાટ બની ગયા, આશ્ચર્યચકિત બનીને ફાંફાં મારતા હતા પણ દરવાજો હાથ લાગતો ન હતો. હઝરત લૂત અલયહિસ્સલામે તેમને બારણાની બહાર કાઢયા.

૨૨૮. જે તમને હઝરત લૂત અલયહિસ્સલામે સંભળાવ્યાં હતાં.

૨૨૯. જે અઝાબ આખેરત સુધી બાકી રહેશે.

بَلِ السَّاعَةُ مَوْعِدُهُمْ وَالسَّاعَةُ أَدْهَىٰ وَأَمَرُّ ﴿٤٦﴾
إِنَّ الْمُجْرِمِينَ فِي ضَلَالٍ وَسُعُرٍ ﴿٤٧﴾ يَوْمَ يُسْحَبُونَ فِي
النَّارِ عَلَىٰ وُجُوهِهِمْ ذُوقُوا مَسَّ سَقَرَ ﴿٤٨﴾ إِنَّا كُلَّ شَيْءٍ
خَلَقْنَاهُ بِقَدَرٍ ﴿٤٩﴾ وَمَا أَمْرُنَا إِلَّا وَاحِدَةٌ كَلَمْحٍ
بِالْبَصَرِ ﴿٥٠﴾ وَلَقَدْ أَهْلَكْنَا أَشْيَاعَكُمْ فَهَلْ مِنْ مُدَّكِرٍ ﴿٥١﴾
وَكُلُّ شَيْءٍ فَعَلُوهُ فِي الزُّبُرِ ﴿٥٢﴾ وَكُلُّ صَغِيرٍ وَكَبِيرٍ
مُسْتَطَرٌ ﴿٥٣﴾ إِنَّ الْمُتَّقِينَ فِي جَنَّاتٍ وَنَهَرٍ ﴿٥٤﴾ فِي
مَقْعَدِ صِدْقٍ عِنْدَ مَلِيكٍ مُقْتَدِرٍ ﴿٥٥﴾

سورة الرحمن مدنية وهي ثمان وسبعون آية وثلث ركوعات

بِسْمِ اللَّهِ الرَّحْمَٰنِ الرَّحِيمِ

الرَّحْمَٰنُ ﴿١﴾ عَلَّمَ الْقُرْآنَ ﴿٢﴾ خَلَقَ الْإِنْسَانَ ﴿٣﴾ عَلَّمَهُ

**બલ્કે તેમનો વાયદો કયામત પર છે[૨૪૦] અને કયામત ખૂબ કડવી અને સખત[૨૪૧] (૪૬) બેશક અપરાધીઓ ભટકેલા અને પાગલ છે[૨૪૨] (૪૭) જે દિવસે પોતાના મોઢાંઓ ભેર આગમાં ઘસેટવામાં આવશે અને કહેવામાં આવશે; ચાખો દોઝખની આંચ (૪૮) બેશક અમે દરેક વસ્તુ એક અંદાજા મુજબ બનાવી[૨૪૩] (૪૯) અને અમારૂં કામ તો વાત વાતમાં એક પલકારો મારવા સમાન છે[૨૪૪] (૫૦) અને બેશક અમે તમારી જેવા[૨૪૫] (કેટલાએ) તબાહ કરી નાખ્યા. તો છે કોઇ મનન કરનાર ?[૨૪૬] (૫૧) અને તેમણે જે કંઇ કર્યું (તે) બધું જ કિતાબોમાં (લખાએલું) છે[૨૪૭] (૫૨) અને દરેક નાની મોટી વસ્તુ લખાએલી છે[૨૪૮] (૫૩) બેશક પરહેઝગારો બગીચાઓ અને નહેરોમાં છે (૫૪) સત્યની મજલિસમાં મહાન શક્તિશાળી બાદશાહ સમક્ષ[૨૪૯] (૫૫)**

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૨૫૦]**

**રહેમાને (૧) પોતાના મેહબૂબને કુરઆન શિખવ્યું[૨૫૧] (૨) માનવતાના પ્રાણ મોહંમદને પેદા કર્યા (૩) જે**

૨૩૦. હઝરત મૂસા અને હઝરત હારૂન અલયહિસ્સલામ. પણ ફિરઔનીઓ તેમના પર ઇમાન લાવ્યા નહિ.

૨૩૧. જે હઝરત મૂસા અલયહિસ્સલામને આપવામાં આવી હતી.

૨૩૨. અઝાબ વડે....

૨૩૩. અય મક્કાવાસીઓ !

૨૩૪. અર્થાત તે કોમો કરતાં વધારે તાકાત અને શક્તિશાળા છે ? અથવા કુફ્ર અને દુશ્મનીમાં તેમનાથી ઉતરતા છે ?

૨૩૫. કે જેથી તમારા કુફ્ર બદલ પકડ નહિ થાય અને તમે અલ્લાહના અઝાબથી બચેલા રહેશો ?

૨૩૬. મક્કાના કાફિરો...

૨૩૭. સય્યિદે આલમ મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પાસેથી.

૨૩૮. મક્કાના કાફિરોનું...

૨૩૯. અને એ રીતે ભાગશે કે એક પણ ઉભો રહેશે નહિ.

**શાને નુઝૂલ** :- બદ્રના દિવસે જ્યારે અબૂ જહલ બોલ્યો; આપણે બધા એકત્ર થઇને બદલો લઇ લઇશું. ત્યારે આ આયત ઉતરી અને સય્યિદે આલમ સલ્લલ્લાહુ તઆલા અલયહિ વસલ્લમે બખ્તર પહેરીને આ આયત તિલાવત કરી. પછી એવું જ બન્યું કે હુઝૂરની ફતેહ અને કાફિરોનો પરાજ્ય થયો.

૨૪૦. અર્થાત આ અઝાબ પછી તેમને કયામતના અઝાબનો (પણ) વાયદો છે.

થયું અને જે થવાનું છે તેનું બયાન તેમને શિખવ્યુ[૨૫૨] (૪) સૂર્ય અને ચંદ્ર હિસાબ મુજબ છે[૨૫૩] (૫) અને લીલોતરી તેમ જ વૃક્ષો સિજદો કરે છે[૨૫૪] (૬) અને આકાશને અલ્લાહે બુલંદ કર્યું[૨૫૫] તેમ જ ત્રાજવું સ્થાપ્યું[૨૫૬] (૭) કે ત્રાજવામાં હેરફેર કરો નહિ[૨૫૭] (૮) અને ન્યાયસર તોલ કરો અને વજન ઘટાડો નહિ (૯) અને મખ્લૂક માટે પૃથ્વી બનાવી[૨૫૮] (૧૦) એમાં મેવાઓ અને ગિલાફદાર ખજૂરો (થાય છે)[૨૫૯] (૧૧) અને છાણાઓ સહીતનું અનાજ[૨૬૦] અને ખુશબુવાળાં ફૂલો (૧૨) તો અય જિન્નાત અને માનવીઓ ! તમે બન્ને પોતાના રબની કઇ નેઅમતને જૂઠાડશો ?[૨૬૧] (૧૩) તેણે માનવીને ઠીકરા જેવી ખખડતી માટીથી બનાવ્યો[૨૬૨] (૧૪) અને આગના અંગારથી જિન બનાવ્યો[૨૬૩] (૧૫) તો તમે બન્ને પોતાના રબની કઇ નેઅમતને જૂઠાડશો ? (૧૬) બન્ને પૂર્વોનો રબ અને બન્ને પશ્ચિમોનો રબ[૨૬૪] (૧૭) તો તમે બન્ને પોતાના રબની કઇ નેઅમતને જૂઠાડશો ? (૧૮) તેણે બે સમુદ્રો વહાવ્યા[૨૬૫] કે જોવામાં બન્ને એક જ જણાય છે[૨૬૬] (૧૯) અને છે બન્નેમાં આડ[૨૬૭] (જેથી) એક બીજા પર ચઢી શકતો નથી[૨૬૮] (૨૦) તો પોતાના રબની કઇ નેઅમતને જૂઠાડશો ? (૨૧)



الْبَيَانَ (٤) الشَّمْسُ وَالْقَمَرُ بِحُسْبَانٍ (٥) وَالنَّجْمُ
وَالشَّجَرُ يَسْجُدَانِ (٦) وَالسَّمَاءَ رَفَعَهَا وَوَضَعَ الْمِيزَانَ (٧)
أَلَّا تَطْغَوْا فِي الْمِيزَانِ (٨) وَأَقِيمُوا الْوَزْنَ بِالْقِسْطِ
وَلَا تُخْسِرُوا الْمِيزَانَ (٩) وَالْأَرْضَ وَضَعَهَا لِلْأَنَامِ (١٠) فِيهَا
فَاكِهَةٌ وَالنَّخْلُ ذَاتُ الْأَكْمَامِ (١١) وَالْحَبُّ ذُو الْعَصْفِ
وَالرَّيْحَانُ (١٢) فَبِأَيِّ آلَاءِ رَبِّكُمَا تُكَذِّبَانِ (١٣) خَلَقَ
الْإِنْسَانَ مِنْ صَلْصَالٍ كَالْفَخَّارِ (١٤) وَخَلَقَ الْجَانَّ
مِنْ مَارِجٍ مِنْ نَارٍ (١٥) فَبِأَيِّ آلَاءِ رَبِّكُمَا تُكَذِّبَانِ (١٦)
رَبُّ الْمَشْرِقَيْنِ وَرَبُّ الْمَغْرِبَيْنِ (١٧) فَبِأَيِّ آلَاءِ
رَبِّكُمَا تُكَذِّبَانِ (١٨) مَرَجَ الْبَحْرَيْنِ يَلْتَقِيَانِ (١٩) بَيْنَهُمَا
بَرْزَخٌ لَا يَبْغِيَانِ (٢٠) فَبِأَيِّ آلَاءِ رَبِّكُمَا تُكَذِّبَانِ (٢١)

૨૪૧. દુનિયાના અઝાબ કરતાં તેનો અઝાબ બહું જ સખત અને કડક છે.

૨૪૨. ન તો સમજે છે ન માર્ગ મેળવે છે. (તફસીરે કબીર).

૨૪૩. બુધ્ધિને બંધ બેસતી.

**શાને નુઝૂલ** :- આ આયત કદરી લોકોના રદિયામાં ઉતરી જેઓ અલ્લાહની કુદરતને નકારે છે અને જગતમાં બનતા બનાવોને ગૃહો અને નક્ષત્રો સાથે જોડવે છે.

**મસાઇલ** :- હદીષોમાં તેઓને આ ઉમ્મતના મજૂસીઓ કહેવામાં આવ્યા છે અને તેમની સાથે બેસવા તેમ જ વાતચીત કરવાની તે માંદા પડે તો તેમની ખબર લેવાની મરી જાય તો તેમના જનાઝામાં જવાની મનાઇ ફરમાવવામાં આવી છે. અને તેમને દજ્જાલના સાથી કહેવામાં આવ્યા છે. તેઓ મખલૂકમાં બદતરીન માણસો છે.

૨૪૪. જે વસ્તુને સર્જવાનો ઇરાદો થાય તે હુક્મની સાથે જ અસ્તિત્વમાં આવી જાય છે.

૨૪૫. આગલી ઉમ્મતોના કાફિરો.

૨૪૬. જેઓ બોધ ગ્રહણ કરે અને નસીહત પકડે.

૨૪૭. અર્થાત બંદાઓનાં બધાં જ કર્મો અમલ જાળવી રાખનાર ફરિશ્તાઓના ચોપડાઓમાં છે.

૨૪૮. લવહે મહફૂઝમાં.

૨૪૯. અર્થાત તેની બારગાહમાં નિકટતા ધરાવે છે.

૨૫૦. સૂરએ રહમાન મક્કામાં ઉતરેલી છે. એમાં ૩ રૂકૂઅ અને ૭૬ અથવા ૭૮ આયતો ૩૫૧ શબ્દો

અને ૧૬૩૬ અક્ષરો છે.

૨૫૧. **શાને નુઝૂલ** :- જ્યારે ''ઉસજુદુ લિર્રહમાન'' (રહમાનને સિજદો કરો) વાળી આયત ઉરી ત્યારે મકકાના કાફિરો બોલ્યા; રહમાન કોણ છે તે અમે જાણતા નથી. ત્યારે અલ્લાહે ''અર્રહમાન' સૂરત ઉતારી કે રહમાન જેનો તમે ઇન્કાર કરો છો તે તે જ છે જેણે કુરઆન ઉતાર્યુ અને એક કથન એવું છે કે જ્યારે મક્કાવાસીઓએ કહ્યું કે; મોહમ્મદ (મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)ને કોઇ માણસ શિખવાડે છે. ત્યારે આ આયત ઉતરી અને અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે આ કુરઆન રહમાને પોતાના હબીબને શિખવ્યું છે. (ખાઝિન)

૨૫૨. આ આયતમાં ''ઇન્સાન''નો નિર્દેશ સય્યિદે આલમ મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પ્રતિ છે અને ''બયાન''નો મતલબ જે કંઇ બની ચુક્યું અને જે કંઇ બનાવનું છે તે છે (માકાન વમા યકૂન). કારણ કે નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) આગલાઓ અને પાછલાઓની ખબરો આપતા હતા. (ખાઝિન)

૨૫૩. કે નક્કી કરેલા અંદાજ મુજબ પોતાના ગ્રહો અને મંઝિલોમાં પરિભ્રમણ કરે છે અને એમાં સૃષ્ટિ માટે લાભો છે સમયનો હિસાબ વરસો અને મહીનાઓની ગણત્રીનો આધાર એના પર જ છે.

૨૫૪. અલ્લાહના હુકમના તાબેદાર છે.

૨૫૫. અને પોતાના ફરિશ્તાઓનું રહેઠાણ અને પોતાના આદેશોનું કેન્દ્રિય સ્થાન બનાવ્યું.

૨૫૬. જેનાથી વસ્તુઓનું વજન કરવામાં આવે અને તેનું પ્રમાણ જણાય આવે જેથી લેણદેણમાં ન્યાય કરવામાં આવે.

૨૫૭. જેથી કોઇનો હક્ક મરાય નહિ.

૨૫૮. જે એમાં વસવાટ કરે છે જેથી એમાં આરામથી રહે અને લાભ ઉઠાવે.

૨૫૯. જેમાં ખૂબ બરકત છે.

૨૬૦. જેવાં કે ઘઉં જવ વિગેરે.

૨૬૧. આ સૂરત શરીફમાં આ આયત ૩૧ વાર આવેલી છે. વારંવાર અલ્લાહની નેઅમતોનું વર્ણન કરીને પૂછવામાં આવ્યું છે કે તમે તમારા રબની કઇ નેઅમતને જૂઠાડશો ? હિદાયત અને પ્રચારનો આ ઉત્તમ તરીકો છે જેથી સાંભળનારને સૂચના થાય અને તેને પોતાના અપરાધ અને નગુણાપણાનું ભાન થાય કે તેણે કેટકેટલી નેઅમતોને જૂઠાડી છે અને તેને શરમ આવે અને તે આભાર તરફ નમે અને એવું સમજી લે કે અલ્લાહ તઆલાની અસંખ્ય નેઅમતો તેના પર છે.

**હદીષ** :- સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું છે કે; આ સૂરત મેં જિન્નાતોને સંભાળાવી તેઓ તમારા કરતાં સારો જવાબ આપતા હતા જ્યારે હું આયત ''ફબિઅય્યિ''..... પઢતો ત્યારે તેઓ કહેતા હતા કે; અય અમારા પરવરદિગાર ! અમે તારી કોઇ નેઅમતને જૂઠાડતા નથી વખાણ તારા જ છે. (તિરમિઝી)

૨૬૨. અર્થાત સુકી માટીથી જે ખખડાવવાથી ખખડે પછી તે માટીને ભીંગાવી એટલે તે ગારા જેવી બની ગઇ પછી તેને ઓગાળી એટલે કે કાળા કાદુ જેવી થઇ ગઇ.

૨૬૩. અર્થાત ધુમાડા વગરના ચોખ્ખા અંગારથી.

૨૬૪. બન્ને પૂર્વો અને બન્ને પશ્ચિમો એટલે શિયાળા અને ઉનાળામાં સૂર્યને ઉદય અસ્ત થવાની બે જુદી

**તેમાંથી મોતી અને મરજાન નીકળે છે (૨૨) તો પોતાના રબની કઇ નેઅમતને જૂઠાડશો ? (૨૩) અને તેના જ છે તે ચાલનારાઓ જે પર્વતોની જેમ સમુદ્રમાં ઊંચા છે.[૨૬૯] (૨૪) તો પોતાના રબની કઇ નેઅમતને જૂઠાડશો ? (૨૫) પૃથ્વી પર જેટલા છે તે સર્વનો નાશ (થવાનો) છે[૨૭૦] (૨૬) અને બાકી છે તમારા રબની ઝાત મહાનતા અને બુઝુર્ગીવાળા[૨૭૧] (૨૭) તો પોતાના રબની કઇ નેઅમતને જૂઠાડશો ? (૨૮) જેટલા આકાશો અને પૃથ્વીમાં છે[૨૭૨] તે બધા તેની સ્હામે ભિક્ષુકો છે, તેને દરેક દિવસે એક કામ (હોય) છે[૨૭૩] (૨૯) તો પોતાના રબની કઇ નેઅમતને જૂઠાડશો ? (૩૦) બધું કામ પુરૂં કરીને જલ્દી અમે તમારા હિસાબનો ઇરાદો કરીએ છીએ અય બન્ને ભારે ટોળાંઓ ![૨૭૪] (૩૧) તો પોતાના રબની કઇ નેઅમતને જૂઠાડશો ? (૩૨) અય જિન્નાત અને માનવોનાં જુથો ! જો તમારાથી બની શકે કે આકાશો અને પૃથ્વીના કિનારાઓમાંથી નીકળી નાસો તો નીકળી જાવ, જ્યાં પણ નીકળીને જશો ત્યાં તેનું જ રાજ્ય છે[૨૭૫] (૩૩) તો પોતાના રબની કઇ નેઅમતને જૂઠાડશો ? (૩૪) તમારી ઉપર[૨૭૬] ઘુમાડા વિહોણી આગ છોડવામાં**

قال فما خطبكم ٢٧ — الرحمن ٥٥

يَخْرُجُ مِنْهُمَا اللُّؤْلُؤُ وَالْمَرْجَانُ ﴿٢٢﴾ فَبِأَيِّ آلَاءِ رَبِّكُمَا
تُكَذِّبَانِ ﴿٢٣﴾ وَلَهُ الْجَوَارِ الْمُنْشَآتُ فِي الْبَحْرِ كَالْأَعْلَامِ ﴿٢٤﴾
فَبِأَيِّ آلَاءِ رَبِّكُمَا تُكَذِّبَانِ ﴿٢٥﴾ كُلُّ مَنْ عَلَيْهَا فَانٍ ﴿٢٦﴾
وَيَبْقَىٰ وَجْهُ رَبِّكَ ذُو الْجَلَالِ وَالْإِكْرَامِ ﴿٢٧﴾ فَبِأَيِّ
آلَاءِ رَبِّكُمَا تُكَذِّبَانِ ﴿٢٨﴾ يَسْأَلُهُ مَنْ فِي السَّمَاوَاتِ
وَالْأَرْضِ كُلَّ يَوْمٍ هُوَ فِي شَأْنٍ ﴿٢٩﴾ فَبِأَيِّ آلَاءِ
رَبِّكُمَا تُكَذِّبَانِ ﴿٣٠﴾ سَنَفْرُغُ لَكُمْ أَيُّهَ الثَّقَلَانِ ﴿٣١﴾ فَبِأَيِّ
آلَاءِ رَبِّكُمَا تُكَذِّبَانِ ﴿٣٢﴾ يَا مَعْشَرَ الْجِنِّ وَالْإِنْسِ إِنِ
اسْتَطَعْتُمْ أَنْ تَنْفُذُوا مِنْ أَقْطَارِ السَّمَاوَاتِ وَالْأَرْضِ
فَانْفُذُوا لَا تَنْفُذُونَ إِلَّا بِسُلْطَانٍ ﴿٣٣﴾ فَبِأَيِّ آلَاءِ
رَبِّكُمَا تُكَذِّبَانِ ﴿٣٤﴾ يُرْسَلُ عَلَيْكُمَا شُوَاظٌ مِنْ نَارٍ

જુદી જગ્યાઓ.

૨૬૫. મીઠો અને ખારો.

૨૬૬. દેખાવમાં તેમની વચ્ચે કોઇ આડ કે આંતરો નથી.

૨૬૭. અલ્લાહ તઆલાની કુદરતની.

૨૬૮. દરેક પોતાની હદમાં રહે છે અને કોઇનો સ્વાદ બદલતો નથી.

૨૬૯. વહાણો. અને જે વસ્તુઓ વડે એ વહાણો બનાવવામાં આવ્યાં તે પણ અલ્લાહે જ સર્જી અને તેમને જોડવા તેમ જ કારીગરી કરવાની બુધ્ધિ પણ તેણે જ આપી અને સમુદ્રોમાં તે વહાણોનું તરવું એ પણ અલ્લાહની કુદરતથી જ છે.

૨૭૦. દરેક સજીવ કે નિર્જીવ બધાનો જ વિનાશ થવાનો છે.

૨૭૧. કે મખ્લૂકના વિનાશ પછી તે એમને ફરી જીવંત કરશે અને અનંત જીવન આપશે અને ઇમાનદારો પર મહેરબાની અને કૃપા કરશે.

૨૭૨. ફરિશ્તાઓ હોય કે જિન્નાત હોય કે મનુષ્યો હોય કે બીજી કોઇ મખ્લૂક હોય કોઇ પણ એવું નથી જેને તેની જરૂર હોય નહિ, બધાં જ તેની કૃપાના મોહતાજ છે તેમ જ જીભ અથવા પરિસ્થિતિ વડે તેના સાઇલ.

૨૭૩. અર્થાત પ્રત્યેક સમયે તે પોતાની કુદરતનાં ચિન્હો જાહેર કરે છે. કોઇને રોજી આપે છે કોઇને ભૂખ્યો રાખે છે, કોઇને જન્માવે છે કોઇને મૃત્યુ આપે છે, કોઇને માન મોભો આપે છે કોઇને અપમાનિત કરે

وَّنُحَاسٌ فَلَا تَنْتَصِرٰنِ ﴿٣٥﴾ فَبِاَیِّ اٰلَآءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿٣٦﴾
فَاِذَا انْشَقَّتِ السَّمَآءُ فَكَانَتْ وَرْدَةً كَالدِّهَانِ ﴿٣٧﴾ فَبِاَیِّ
اٰلَآءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿٣٨﴾ فَيَوْمَئِذٍ لَّا يُسْـَٔلُ عَنْ ذَنْۢبِهٖۤ
اِنْسٌ وَّلَا جَآنٌّ ﴿٣٩﴾ فَبِاَیِّ اٰلَآءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿٤٠﴾ يُعْرَفُ
الْمُجْرِمُوْنَ بِسِيْمٰهُمْ فَيُؤْخَذُ بِالنَّوَاصِيْ وَالْاَقْدَامِ ﴿٤١﴾
فَبِاَیِّ اٰلَآءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿٤٢﴾ هٰذِهٖ جَهَنَّمُ الَّتِیْ
يُكَذِّبُ بِهَا الْمُجْرِمُوْنَ ﴿٤٣﴾ يَطُوْفُوْنَ بَيْنَهَا وَبَيْنَ
حَمِيْمٍ اٰنٍ ﴿٤٤﴾ فَبِاَیِّ اٰلَآءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿٤٥﴾ وَلِمَنْ خَافَ
مَقَامَ رَبِّهٖ جَنَّتٰنِ ﴿٤٦﴾ فَبِاَیِّ اٰلَآءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿٤٧﴾ ذَوَاتَاۤ
اَفْنَانٍ ﴿٤٨﴾ فَبِاَیِّ اٰلَآءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿٤٩﴾ فِيْهِمَا عَيْنٰنِ
تَجْرِيٰنِ ﴿٥٠﴾ فَبِاَیِّ اٰلَآءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿٥١﴾ فِيْهِمَا مِنْ

**આવશે, અને જવાળા વગરનો ધુમાડો,[૨૭૭] તો પછી બદલો લઇ શકશો નહિ[૨૭૮] (૩૫) તો પોતાના રબની કઇ નેઅમતને જૂઠાડશો ? (૩૬) પછી જ્યારે આકાશ ફાટી જશે ત્યારે તે ગુલાબના ફૂલ જેવું બની જશે[૨૭૯] જાણે રાતી દાંડી (૩૭) તો પોતાના રબની કઇ નેઅમતને જૂઠાડશો ? (૩૮) તો તે દિવસે[૨૮૦] કોઇ માનવી કે જિન્નમાંથી કોઇ ગુનેહગારના ગુન્હા વિષે પૂછવામાં નહિ આવે[૨૮૧] (૩૯) તો પોતાના રબની કઇ નેઅમતને જૂઠાડશો ? (૪૦) અપરાધીઓ તેમની મુખાકૃતિઓથી ઓળખાઇ જશે[૨૮૨] તો (તેઓને) પેશાની અને પગ પકડીને જહન્નમમાં નાખવામાં આવશે[૨૮૩] (૪૧) તો પોતાના રબની કઇ નેઅમતને જૂઠાડશો ? (૪૨) આ છે તે જહન્નમ જેને જૂઠાડે છે અપરાધીઓ (૪૩) તેમાં અને અંતિમ કક્ષાના બળતા ઉકળતા પાણીમાં આવ-જા કરશે[૨૮૫] (૪૪) તો પોતાના રબની કઇ નેઅમતને જૂઠાડશો ? (૪૫) અને જે પોતાના રબ સમક્ષ ઉભા રહેવાથી ડરે[૨૮૬] તેના માટે બે જન્નતો છે[૨૮૭] (૪૬) તો પોતાના રબની કઇ નેઅમતને જૂઠાડશો ? (૪૭) ઘણી ડાળીઓવાળી[૨૮૮] (૪૮) તો પોતાના રબની કઇ નેઅમતને જૂઠાડશો ? (૪૯) તેમાં બે નહેરો વહે છે[૨૮૯] (૫૦) તો પોતાના રબની કઇ નેઅમતને જૂઠાડશો ? (૫૧) તેમાં પ્રત્યેક**

છે, કોઇને તવંગર બનાવે છે કોઇને નાદાર, કોઇના ગુન્હાઓ માફ કરે છે કોઇનું કષ્ટ હટાવે છે.

**શાને નુઝૂલ** :- કહેવામાં આવ્યું છે કે આ આયત યહૂદીઓના રદીયામાં ઉતરી જેઓ કહેતા હતા કે અલ્લાહ તઆલા શનિવારના દિવસે કશું કામ કરતો નથી. તેમની વાતની અસત્યતા જાહેર કરવામાં આવી.

વર્ણવવામાં આવ્યું છે કે એક બાદશાહે પોતાના વજીરને આ આયતનો મતલબ પૂછ્યો. તેણે એક દિવસની મહેતલ માંગી અને ખૂબ ચિંતા મગ્ન થઇને પોતાના ઘેર આવ્યો. તેના એક હબશી ગુલામે તેને ફિકરમાં જોઇને પૂછ્યું; અય મારા માલિક ! આપના માથે શી આપત્તિ પડી છે તે કહો. વજીરે વાત કહી ત્યારે ગુલામે કહ્યું કે; એનો મતલબ હું બાદશાહને સમજાવીશ. વજીરે તેને બાદશાહ સમક્ષ રજુ કર્યો ત્યારે ગુલામે કહ્યું; અય બાદશાહ ! અલ્લાહની શાન એવી છે કે તે રાત્રીને દિવસમાં દાખલ કરે છે અને દિવસને રાત્રીમાં અને મુર્દામાંથી જીવંત વસ્તુ કાઢે છે અને સજીવમાંથી નિર્જીવ અને માંદાને તંદરૂસ્તી આપે છે અને તંદરૂસ્ત ને માંદગી તેમ જ મુસીબતોમાં ઘેરાએલાને મુસીબતોમાંથી મુક્તિ આપે છે અને રાહતમાં રહેનારને મુસીબતોમાં સપડાવે છે તેમ જ તવંગરોને નાદાર કરે છે અને નાદારોને તવંગર બનાવે છે. બાદશાહને ગુલામનો જવાબ ગમ્યો અને વજીરને હુકમ આપ્યો કે તેને વજીરની પદવી આપે. ગુલામે વજીરને કહ્યું; અય મારા માલિક ! આ પણ અલ્લાહની એક શાન છે.

૨૭૪. જિન્નાત અને મનુષ્યોનાં.

૨૭૫. તમે તેનાથી ક્યાંયે નાસી જઇ શક્તા નથી.

૨૭૬. કયામતના દિવસે જ્યારે તમે કબરોમાંથી નીકળશો ત્યારે.

كُلِّ فَاكِهَةٍ زَوْجٰنِ ﴿٥٢﴾ فَبِاَيِّ اٰلَآءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿٥٣﴾
مُتَّكِـِٕيْنَ عَلٰى فُرُشٍۢ بَطَآىِٕنُهَا مِنْ اِسْتَبْرَقٍ ؕ وَجَنَا
الْجَنَّتَيْنِ دَانٍ ﴿٥٤﴾ فَبِاَيِّ اٰلَآءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿٥٥﴾ فِيْهِنَّ
قٰصِرٰتُ الطَّرْفِ ۙ لَمْ يَطْمِثْهُنَّ اِنْسٌ قَبْلَهُمْ وَلَا جَآنٌّ ﴿٥٦﴾
فَبِاَيِّ اٰلَآءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿٥٧﴾ كَاَنَّهُنَّ الْيَاقُوْتُ
ربع وَالْمَرْجَانُ ﴿٥٨﴾ فَبِاَيِّ اٰلَآءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿٥٩﴾ هَلْ جَزَآءُ
الْاِحْسَانِ اِلَّا الْاِحْسَانُ ﴿٦٠﴾ فَبِاَيِّ اٰلَآءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿٦١﴾
وَمِنْ دُوْنِهِمَا جَنَّتٰنِ ﴿٦٢﴾ فَبِاَيِّ اٰلَآءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿٦٣﴾
مُدْهَآمَّتٰنِ ﴿٦٤﴾ فَبِاَيِّ اٰلَآءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿٦٥﴾
فِيْهِمَا عَيْنٰنِ نَضَّاخَتٰنِ ﴿٦٦﴾ فَبِاَيِّ اٰلَآءِ رَبِّكُمَا
تُكَذِّبٰنِ ﴿٦٧﴾ فِيْهِمَا فَاكِهَةٌ وَّنَخْلٌ وَّرُمَّانٌ ﴿٦٨﴾

**મેવો બે બે જાતનો (૫૨) તો પોતાના રબની કઇ નેઅમતને જૂઠાડશો ? (૫૩) અને એવા પાથરણો પર તકિયાઓ લગાવી ને જેનું અસ્તર રેશમનું,[૨૯૦] અને બન્નેના મેવાઓ નમેલા કે નીચેથી જ તોડી લો[૨૯૧] (૫૪) તો પોતાના રબની કઇ નેઅમતને જૂઠાડશો ? (૫૫) તે પથારીઓ પર એવી સ્ત્રીઓ છે જે પતિ સિવાય અન્યને આંખ ઉપાડીને દેખતી નથી,[૨૯૨] તેમનાથી પહેલાં તેણીઓ ને કોઇ પુરૂષે કે જિન્નાતે અડકેલી નથી (૫૬) તો પોતાના રબની કઇ નેઅમતને જૂઠાડશો ? (૫૭) જાણે કે તે યાકૂત (લાલ) અને મરજાન (માણેક) છે[૨૯૩] (૫૮) તો પોતાના રબની કઇ નેઅમતને જૂઠાડશો ? (૫૯) નેકી નો બદલો શું છે ? પણ નેકી (જ)[૨૯૪] (૬૦) તો પોતાના રબની કઇ નેઅમતને જૂઠાડશો ? (૬૧) અને એ સિવાય બે જન્નતો બીજી પણ છે[૨૯૫] (૬૨) તો પોતાના રબની કઇ નેઅમતને જૂઠાડશો ? (૬૩) ખૂબ લીલા રંગમાં કાળાશ પડતી ઝલક દેખાડે છે (૬૪) તો પોતાના રબની કઇ નેઅમતને જૂઠાડશો ? (૬૫) તેમાં છલકાતી બે નહેરો છે (૬૬) તો પોતાના રબની કઇ નેઅમતને જૂઠાડશો ? (૬૭) તેમાં મેવાઓ અને ખજૂરો અને દાડમ છે (૬૮)**

૨૭૭. હઝરત મુતરજિમે (આલા હઝરતે) ફરમાવ્યું; જવાળામાં જો ધુમાડો હોય તો તેનો દરેક ભાગ સળગાવી દેનાર હોય નહિ કારણ કે તેમાં જમીનના ભાગો ભેગા છે જેનાથી ધુમાડો બને છે અને ધુમાડા માં જવાળા હોય તો તે પુરેપુરી કાળો અને અંધકારવાળો નહિ હોય કારણ કે તેમાં જવાળાનો રંગ ભેગો છે. તેમની ઉપર ધુમાડા વગરની જવાળા છોડવામાં આવશે જેનો દરેક ભાગ સળગાવી મૂકનાર હશે અને જવાળા વગરનો ધુમાડો જે સખત કાળો અને અંધકારમય હશે. અલ્લાહની પનાહ.

૨૭૮. તે અઝાબથી બચી શકશો નહિ અને પરસ્પર એક બીજાની મદદ કરી શકશો નહિ બલ્કે આ જવાળા અને ધુમાડો તેમને મહશર(ના મેદાન) તરફ લઇ જશે.

પહેલેથી જ એની ખબર આપી દેવી એ પણ અલ્લાહ તઆલાની મહેરબાની છે કે જેથી તેની આજ્ઞાઓનું ઉલ્લંઘન નહિ કરીને પોતાને તેનાથી બચાવી શકો.

૨૭૯. કે અમુક અમુક જગ્યાઓ પર થી ચીરાએલું અને રંગનું રાતું.

૨૮૦. અર્થાત જ્યારે કબરોમાંથી ઉઠાડવામાં આવશે અને આકાશ ફાટી પડશે.

૨૮૧. ફરિશ્તાઓ અપરાધીઓને તે દિવસે પૂછપરછ નહિ કરે તેમના ચહેરાઓ જોઇને જ ઓળખી લેશે અને પૂછપરછ બીજા સમયે થશે જ્યારે કે લોકો હશ્રના મેદાનમાં ભેગા થયા હશે.

૨૮૨. કે તેમનાં મોઢાંઓ કાળાં અને આંખો લીલી હશે.

૨૮૩. પગોને બરડા પાછળથી લાવીને પેશાનીઓ સાથે જગડી દેવામાં આવશે અને ઘસડી ને જહન્નમમાં નાખવામાં આવશે. અને એવું પણ કહેવાયું છે કે અમુક ને પેશાનીઓ પકડીને અને અમુકને પગ

**તો પોતાના રબની કઇ નેઅમતને જૂઠાડશો ? (૬૯) તેમાં સ્ત્રીઓ છે ટેવોની સુઘડ અને શિકલની રૂપાળી (૭૦) તો પોતાના રબની કઇ નેઅમતને જૂઠાડશો ? (૭૧) તંબુઓમાં પર્દાનશીન[૨૯૬] હૂરો છે (૭૨) તો પોતાના રબની કઇ નેઅમતને જૂઠાડશો ? (૭૩) એમની આગળ તેણીઓને કોઇ મનુષ્ય કે જિન્નાતે હાથ લગાડયો નથી (૭૪) તો પોતાના રબની કઇ નેઅમતને જૂઠાડશો ?[૨૯૭] (૭૫) રૂપાળા તકિયાઓ અને કોતરેલી ખુબસૂરત ગાદીઓ પર આઢેલો લગાડેલા (હશે) (૭૬) તો પોતાના રબની કઇ નેઅમતને જૂઠાડશો ? (૭૭) તમારા રબનું નામ મોટી બરકતવાળું છે જે મહાનતા અને બુઝુર્ગીવાળો છે (૭૮)**

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૨૯૮]**

**જ્યારે બનવાનું બની જશે[૨૯૯] (૧) ત્યારે તેને બનવા વિષે કોઇને ઇન્કારની ગુંજાઇશ નહિ હોય (૨) કોઇને નીચે પાડનાર[૩૦૦] કોઇને ઉપર ચઢાવનાર[૩૦૧] (૩) જ્યારે પૃથ્વી થરથર ધ્રુજી ઉઠશે[૩૦૨] (૪)**

قال فما خطبكم ٢٧ — الواقعة ٥٦

فَبِاَيِّ اٰلَآءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿٦٩﴾ فِيْهِنَّ خَيْرٰتٌ حِسَانٌ ﴿٧٠﴾
فَبِاَيِّ اٰلَآءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿٧١﴾ حُوْرٌ مَّقْصُوْرٰتٌ فِي
الْخِيَامِ ﴿٧٢﴾ فَبِاَيِّ اٰلَآءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿٧٣﴾ لَمْ يَطْمِثْهُنَّ
اِنْسٌ قَبْلَهُمْ وَلَا جَآنٌّ ﴿٧٤﴾ فَبِاَيِّ اٰلَآءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿٧٥﴾
مُتَّكِـِٕيْنَ عَلٰى رَفْرَفٍ خُضْرٍ وَّعَبْقَرِيٍّ حِسَانٍ ﴿٧٦﴾
فَبِاَيِّ اٰلَآءِ رَبِّكُمَا تُكَذِّبٰنِ ﴿٧٧﴾ تَبٰرَكَ اسْمُ رَبِّكَ
ذِي الْجَلٰلِ وَالْاِكْرَامِ ﴿٧٨﴾

سُوْرَةُ الْوَاقِعَةِ مَكِّيَّةٌ وَّهِيَ سِتٌّ وَّتِسْعُوْنَ اٰيَةً وَّثَلٰثُ رُكُوْعَاتٍ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اِذَا وَقَعَتِ الْوَاقِعَةُ ﴿١﴾ لَيْسَ لِوَقْعَتِهَا كَاذِبَةٌ ﴿٢﴾
خَافِضَةٌ رَّافِعَةٌ ﴿٣﴾ اِذَا رُجَّتِ الْاَرْضُ رَجًّا ﴿٤﴾

પકડીને ઘસેડવામાં આવશે.

૨૮૪. અને તેમને કહેવામાં આવશે......

૨૮૫. કે જ્યારે જહન્નમની આગમાં બળીને શેકાઇને ફરિયાદ કરશે ત્યારે તેમને બળતું ઉકળતું પાણી પીવડાવવામાં આવશે અને તેના અઝાબમાં સપડાવવામાં આવશે અલ્લાહની નાફરમાનીના આવા પરિણામથી ચેતવી આપવું એ અલ્લાહની મહેરબાની છે.

૨૮૬. અર્થાત જેને મેહશરના દિવસે પોતાના રબ સમક્ષ હિસાબ માટે ઉભું રહેવાનો ડર હોય અને (તેથી) તે ગુન્હાઓ ત્યજે તેમ જ આજ્ઞાઓનું પાલન કરે...

૨૮૭. જન્નતે અદન અન જન્નતે નઇમ. અને એવું પણ કહેવાયું છે કે એક જન્નત રબથી ડરવાનો બદલો અને બીજી વાસનાઓને ત્યજવાનો બદલો.

૨૮૮. અને દરેક ડાળીમાં જાત જાતના મેવાઓ.

૨૮૯. એક પાણીની બીજી પાક શરાબની અથવા એક તસ્નીમ બીજી સલસબીલ.

૨૯૦. અર્થાત સંગીન રેશમનું. જ્યારે અસ્તર એવું હશે તો ઉપરનું કપડું કેવુ હશે ? સુબ્હાનલ્લાહ.

૨૯૧. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું છે કે; વૃક્ષ એટલું નજીક હશે કે અલ્લાહ તઆલાના તે વ્હાલા બંદાઓ ઉઠતાં બેસતાં તેના ફળો તોડી શકશે.

૨૯૨. જન્નતી પત્નીઓ પોતાના પતિઓને કહેશે; મને મારા પરવરદિગારની ઇજ્જત અને જલાલની કસમ ! મને જન્નતમાં કોઇ વસ્તુ તારાથી વધારે સારી લાગતી નથી તો તે ખુદાના વખાણ છે કે જેણે તને

**અને પર્વતો ચુરો થઇને ભુક્કો બની જશે (૫) તો (એવા) થઇ જશે જાણે કે છાપરાના કાણામાંથી આવતા તડકામાં ધૂળની નાની ફેલાએલી રજકણો (૬) અને તમે ત્રણ પ્રકારના બની જશો (૭) તો જમણી બાજુવાળા[૩૦૩] કેવા જમણી બાજુ વાળા ?[૩૦૪] (૮) અને ડાબી બાજુવાળા[૩૦૫], કેવી ડાબી બાજુ વાળા ?[૩૦૬] (૯) અને જે આગળ વધી ગયા[૩૦૭] તેઓ તો (ખરેખર) આગળ જ વધી ગયા[૩૦૮] (૧૦) તેઓ જ (અલ્લાહના) દરબારમાં નિકટતા ધરાવનારાઓ છે (૧૧) રાહતના બગીચાઓમાં (૧૨) આગલાઓમાંનુ એક જુથ (૧૩) અને પાછલાઓમાંથી થોડા[૩૦૯] (૧૪) મઢેલી ગાદીઓ પર (બેઠેલા) હશે[૩૧૦] (૧૫) તેના પર આઢેલીને સામ સામે[૩૧૧] (૧૬) તેમની આજુબાજુ હમેશાં જીવનાર છોકરાઓ[૩૧૨] લઇને ફરશે[૩૧૩] (૧૭) કુજાઓ અને મોટાં વાસણો અને જામ તથા આંખો સમક્ષ વહેતી શરાબ (૧૮) કે જેનાથી તેમનું ન તો માથુ દુ:ખે ન તો હોશમાં ફેર પડે[૩૧૪] (૧૯) અને મેવાઓ જે પસંદ કરે તે (૨૦) અને જેની ઇચ્છા હોય તે પક્ષીઓનું માંસ[૩૧૫] (૨૧) અને મોટી આંખોવાળી હૂરો[૩૧૬] (૨૨) જાણે કે સંતાડેલા (સાચાં) મોતી[૩૧૭] (૨૩) તેમના આમાલનો બદલો[૩૧૮] (૨૪) તેમાં કોઇ વ્યર્થ વાત કે ગુન્હેગારી (નીવાત) સાંભળશે નહિ[૩૧૯] (૨૫)**

قال فما خطبكم ٢٧ الواقعة ٥٦

وَّبُسَّتِ الْجِبَالُ بَسًّا ﴿٥﴾ فَكَانَتْ هَبَآءً مُّنْۢبَثًّا ﴿٦﴾ وَّكُنْتُمْ
اَزْوَاجًا ثَلٰثَةً ﴿٧﴾ فَاَصْحٰبُ الْمَيْمَنَةِ ۙ مَآ اَصْحٰبُ الْمَيْمَنَةِ ﴿٨﴾
وَاَصْحٰبُ الْمَشْـَٔمَةِ ۙ مَآ اَصْحٰبُ الْمَشْـَٔمَةِ ﴿٩﴾ وَالسّٰبِقُوْنَ
السّٰبِقُوْنَ ﴿١٠﴾ اُولٰٓئِكَ الْمُقَرَّبُوْنَ ﴿١١﴾ فِيْ جَنّٰتِ النَّعِيْمِ ﴿١٢﴾
ثُلَّةٌ مِّنَ الْاَوَّلِيْنَ ﴿١٣﴾ وَقَلِيْلٌ مِّنَ الْاٰخِرِيْنَ ﴿١٤﴾ عَلٰى سُرُرٍ
مَّوْضُوْنَةٍ ﴿١٥﴾ مُّتَّكِـِٕيْنَ عَلَيْهَا مُتَقٰبِلِيْنَ ﴿١٦﴾ يَطُوْفُ عَلَيْهِمْ
وِلْدَانٌ مُّخَلَّدُوْنَ ﴿١٧﴾ بِاَكْوَابٍ وَّاَبَارِيْقَ ۙ وَكَاْسٍ
مِّنْ مَّعِيْنٍ ﴿١٨﴾ لَّا يُصَدَّعُوْنَ عَنْهَا وَلَا يُنْزِفُوْنَ ﴿١٩﴾
وَفَاكِهَةٍ مِّمَّا يَتَخَيَّرُوْنَ ﴿٢٠﴾ وَلَحْمِ طَيْرٍ مِّمَّا يَشْتَهُوْنَ ﴿٢١﴾
وَحُوْرٌ عِيْنٌ ﴿٢٢﴾ كَاَمْثَالِ اللُّؤْلُؤِ الْمَكْنُوْنِ ﴿٢٣﴾ جَزَآءًۢ بِمَا
كَانُوْا يَعْمَلُوْنَ ﴿٢٤﴾ لَا يَسْمَعُوْنَ فِيْهَا لَغْوًا وَّلَا تَاْثِيْمًا ﴿٢٥﴾

મારો પતિ અને મને તારી પત્ની બનાવી.

૨૯૩. સ્વચ્છતા અને સુંદરતામાં. હદીષ શરીફમાં છે કે જન્નતી સ્ત્રીઓના શરીરોની સફાઇની હાલત એવી છે કે તેણીઓની પીંડલીઓમાંનો ગર્ભ એ રીતે દેખાય છે જાણે કે કાચના જગમાં લાલ શરાબ.

૨૯૪. અર્થાત જેણે દુનિયામાં નેકી કરી તેનો બદલો આખેરતમાં અલ્લાહનું એહસાન છે. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું છે કે; જે લાઇલાહ ઇલ્લલ્લાહ... કહે છે અને શરીઅતે મોહંમદિયહ મુજબ ચાલે છે તેનો બદલો જન્નત છે.

૨૯૫. હદીષ શરીફમાં છે કે બે જન્નતો તો એવી છે કે ત્યાંના વાસણો અને સરસામાન ચાંદીનો છે અને બે જન્નતો એવી છે કે ત્યાંના વાસણો અને સરસામાન સોનાનો છે. અને એક કથન એવું છે કે પહેલી બે જન્નતો સોના ચાંદીની અને બીજી બે હીરા મોતીની.

૨૯૬. કે તે તંબુઓની બહાર નીકળતી નથી એ તેમની ખાનદાની અને આબરૂ છે. હદીષ શરીફમાં છે કે જો જન્નતી સ્ત્રીઓમાંથી કોઇ એકની એક ઝલક પૃથ્વી તરફ દેખાય જાય તો આકાશ અને પૃથ્વી વચ્ચેનું તમામ અવકાશ ઝળહળી ઉઠે અને સુગંધથી મહેકી ઉઠે. અને તેમના તંબુઓ હીરા માણેકના હશે.

૨૯૭. અને તેમના પતિઓ જન્નતમાં એશ આરામ કરતા હશે.....

૨૯૮. સૂરએ વાકિઅહ મક્કામાં ઉતરેલી છે સિવાય કે ''અફબિહાઝલ હદીષે'' અને ''સુલ્લતુમ મિનલઅવ્વલીન'' વાળી આયતો. એમાં ૩ રૂકૂઅ અને ૯૬ અથવા ૯૭ આયતો અને ૩૭૮ શબ્દો અને ૧૭૩૦ અક્ષરો છે. ઇમામ બગવીએ એક હદીષ રિવાયત કરી છે કે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે

ફરમાવ્યું; જે માણસ દરરોજ રાત્રે સૂરએ વાકિઅહ પઢશે તે હમેશાં ભૂખમરાથી જળવાએલો રહેશે. (ખાઝિન)

૨૯૯. અર્થાત જ્યારે કયામત આવી જશે જે જરૂર બનવાનું છે.

૩૦૦. જહન્નમમાં પાડી નાખીને.

૩૦૧. જન્નતમાં દાખલ કરાવીને. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ કહ્યું છે કે; જે લોકો દુનિયામાં ઊંચા હતા તેમને કયામત નીચા કરી દેશે અને જેઓ દુનિયામાં નીચા હતા તેમના મરતબાઓ ઊંચા કરશે. અને એવું પણ કહેવાયું છે કે ગુન્હેગારોને નીચા પાડશે અને ઇબાદતગુજારોને બુલંદ કરશે.

૩૦૨. એટલે સુધી કે તેની બધી ઇમારતો પડી જશે.

૩૦૩. જેમનાં આમાલનામાંઓ તેમના જમણા હાથોમાં આપવામાં આવશે.

૩૦૪. આ તેમના સન્માન ખાતર કહેવામાં આવ્યું. તેઓ મોટી શાન ધરાવે છે નેકબખ્ત છે જન્નતમાં દાખલ થશે.

૩૦૫. જેમનાં આમાલનામાંઓ ડાબા હાથોમાં આપવામાં આવશે.

૩૦૬. આ તેમના અપમાન ખાતર કહેવાયું કે તેઓ હતભાગી હશે અને જહન્નમમાં દાખલ કરાશે.

૩૦૭. નેકીઓમાં.

૩૦૮. જન્નતમાં દાખલ થવામાં. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું કે; તેઓ હિજરત કરવામાં આગળ વધી જનાર છે જેઓ આખેરતમાં (પણ) જન્નત તરફ સર્વ પ્રથમ આગળ ધપશે. એક કથન એવું છે કે તેઓ ઇસ્લામ (સ્વીકારવા) તરફ આગળ વધનાર (લોકો) છે. અને એક કથન એવું છે કે તેઓ મુહાજિરીન અને અન્સાર છે જેમણે બન્ને કિબ્લાઓ તરફ નમાઝ પઢી.

૩૦૯. અર્થાત આગળ વધી જનારાઓ આગલા લોકોમાં ઘણા છે અને પાછલાઓમાં થોડા છે. અને આગલાઓનો ઇશારો યા તો આગલી ઉમ્મતો તરફ છે હઝરત આદમ અલયહિસ્સલામના સમયથી લઇને આપણા સરકાર સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના સમય સુધીની ઉમ્મતો જેવું કે ઘણા તફસીરકારોએ કહ્યું છે. પરંતુ એ મંતવ્ય ઘણુ કમજોર છે. જો કે ઘણા તફસીરકારોએ એની કમજોરીના કારણોના જવાબમાં ઘણા ખુલાસાઓ આપેલા છે (છતાં) એની તફસીરમાં ખરૂં કથન એ છે કે ''આગલાઓ'' નો મતલબ ઉમ્મતે મોહંમદીયહના જ આગલા લોકો મુહાજિરીન અને અન્સારમાંના છે જેઓ (કુરઆનના ફરમાન અનુસાર) ''સાબિકીન અવ્વલીન'' છે. અને ''પાછલાઓ'' નો મતલબ તેમના પાછલાઓ છે. હદીષોથી પણ આ વાતને ટેકો મળે છે. મરફુઅ હદીષમાં છે કે; અહીં અવ્વલીન અને આખેરીનનો ઇશારો આ ઉમ્મતના જ આગલા પાછલા લોકો તરફ છે. અને એવું પણ બયાન કરવામાં આવ્યું છે કે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું, બન્ને પક્ષો (આગલાઓ અને પાછલાઓ) મારી જ ઉમ્મતના છે. (તફસીરે કબીર, બહરૂલ ઉલુમ વિ.)

૩૧૦. જેમની અંદર લાલ યાકૂત, મોતી વિ. જવાહેરાત મઢેલા હશે.

૩૧૧. સુખી જીવનનું પ્રદર્શન કરતા શાન શોકત સાથે એક બીજાને દેખીને ખુશ અને ઉલ્લાસિત થશે.

૩૧૨. જેઓ મરે નહિ અને ન તો વૃધ્ધ થાય ન તેમનામાં ફેરફાર થાય. તેમને અલ્લાહ તઆલાએ જન્નતવાળાઓની સેવા માટે બનાવ્યા છે.

હા એવા કથનો હશે કે ; સલામ, સલામ[૩૨૦] (૨૬) અને જમણી બાજુવાળા, અને કેવા જમણી બાજુ વાળા ?[૩૨૧] (૨૭) કાંટા વગરની બોરડીઓમાં (૨૮) અને કેળાંઓના ગુચ્છાઓમાં (૩૦) અને હમેશાં વહેતા પાણીમાં (૩૧) અને ઘણા બધા મેવાઓમાં (૩૨) જે ન તો પુરો થઇ જાય[૩૨૩] ન રોકી લેવામાં આવે[૩૨૪] (૩૩) અને બુલંદ બીછોનાઓમાં[૩૨૫] (૩૪) બેશક અમે તે સ્ત્રીઓ ને સારાં ઉઠાવ મુજબ બનાવી (૩૫) તો અમે તેણીઓ ને કુમારીઓ બનાવી પોતાના પતિઓને વ્હાલી (૩૬) તેમને પ્યાર આપતી સરખી ઉંમરની[૩૨૬] (૩૭) જમણી બાજુવાળાઓ માટે (૩૮) આગલાઓમાંનો એક વર્ગ (૩૯) અને પાછલાઓમાંનો એક વર્ગ[૩૨૭] (૪૦) અને ડાબી બાજુવાળા,[૩૨૮] કેવા ડાબી બાજુવાળા ?[૩૨૯] (૪૧) બળબળતી હવા અને ઉકળતા પાણીમાં (૪૨) અને દઝાડતા ધુમાડાના છાંયડે[૩૩૦] (૪૩) જે ન તો ટાઢકવાળો છે ન ઇજ્જત આપતો (૪૪) બેશક તેઓ એનાથી પહેલાં[૩૩૧] નેઅમતોમાં હતા (૪૫) અને આ મહાન ગુન્હાનો[૩૩૨] હઠાગ્રહ ધરાવતા હતા (૪૬) અને કહેતા હતા કે ; શું જ્યારે આપણે મરી જઇએ અને હાડકાંઓ તેમ જ મટોડી બની જઇએ તો શું અવશ્ય આપણે ઉઠાડવામાં આવીશું ? (૪૭)

قال فما خطبكم ٢٧ — الواقعة ٥٦

إِلَّا قِيلًا سَلَامًا سَلَامًا ﴿٢٦﴾ وَأَصْحَابُ الْيَمِينِ مَا أَصْحَابُ
الْيَمِينِ ﴿٢٧﴾ فِي سِدْرٍ مَخْضُودٍ ﴿٢٨﴾ وَطَلْحٍ مَنْضُودٍ ﴿٢٩﴾
وَظِلٍّ مَمْدُودٍ ﴿٣٠﴾ وَمَاءٍ مَسْكُوبٍ ﴿٣١﴾ وَفَاكِهَةٍ كَثِيرَةٍ ﴿٣٢﴾
لَا مَقْطُوعَةٍ وَلَا مَمْنُوعَةٍ ﴿٣٣﴾ وَفُرُشٍ مَرْفُوعَةٍ ﴿٣٤﴾ إِنَّا
أَنْشَأْنَاهُنَّ إِنْشَاءً ﴿٣٥﴾ فَجَعَلْنَاهُنَّ أَبْكَارًا ﴿٣٦﴾ عُرُبًا أَتْرَابًا ﴿٣٧﴾
لِأَصْحَابِ الْيَمِينِ ﴿٣٨﴾ ثُلَّةٌ مِنَ الْأَوَّلِينَ ﴿٣٩﴾ وَثُلَّةٌ مِنَ
الْآخِرِينَ ﴿٤٠﴾ وَأَصْحَابُ الشِّمَالِ مَا أَصْحَابُ الشِّمَالِ ﴿٤١﴾
فِي سَمُومٍ وَحَمِيمٍ ﴿٤٢﴾ وَظِلٍّ مِنْ يَحْمُومٍ ﴿٤٣﴾ لَا بَارِدٍ وَلَا
كَرِيمٍ ﴿٤٤﴾ إِنَّهُمْ كَانُوا قَبْلَ ذَٰلِكَ مُتْرَفِينَ ﴿٤٥﴾ وَكَانُوا
يُصِرُّونَ عَلَى الْحِنْثِ الْعَظِيمِ ﴿٤٦﴾ وَكَانُوا يَقُولُونَ
أَئِذَا مِتْنَا وَكُنَّا تُرَابًا وَعِظَامًا أَإِنَّا لَمَبْعُوثُونَ ﴿٤٧﴾

منزل ٧

૩૧૩. સેવાના સંપૂર્ણ ભાન સાથે.

૩૧૪. દુનિયાની શરાબથી વિરૂધ્ધ કે એને પીવાથી ઇન્દ્રીઓ બહેર મારી જાય છે.

૩૧૫. હઝરત ઇબ્ને અબબાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું, જો જન્નતીને પક્ષીઓના માંસની ઇચ્છા હશે તો તેની ઇચ્છા મુજબનું પક્ષી ઉડતું ઉડતું તેની સામે આવશે અને (તળાયને) રકાબીમાં (મૂકાઇને) તેની સમક્ષ રજુ થઇ જશે તેમાંથી જન્નતી જેટલી ઇચ્છશે તેટલું ખાશે પછી તે ઉડી જશે. (ખાઝિન)

૩૧૬. તેમના માટે હશે.

૩૧૭. એટલે કે મોતી જે રીતે છીપમાં છુપાએલું હોય છે કે ન તો તેને કોઇ હાથ અડકયો ન તો પવન કે તડકો લાગ્યો તેની સ્વચ્છતા અંતિમ કક્ષાની છે. એવી જ રીતે તે હૂરો પણ અબોટ હશે. એવું પણ બયાન કરવામાં આવ્યું છે કે તે હૂરોના સ્મિતથી જન્નતમાં અજવાળું થઇ જશે અને જ્યારે તેણીઓ ચાલશે ત્યારે તેમના હાથ પગોના ઘરેણાઓમાંથી અલ્લાહના વખાણ (તહમીદ તકદીસ) ના અવાજો નીકળશે અને સાચાં મોતીના હાર તેમના રૂપ અને ખૂબસૂરતીના કારણે હસી પડશે.

૩૧૮. કે દુનિયામાં તેમણે આજ્ઞાઓનું પાલન કર્યું હતું.

૩૧૯. અર્થાત જન્નતમાં કોઇ અણગમતી કે ખોટી વાત સાંભળવામાં આવશે નહિ.

૩૨૦. જન્નતી પરસ્પર એકબીજાને સલામ કરશે. ફરિશ્તાઓ જન્નતવાળાઓને સલામ કરશે. અને અલ્લાહ તઆલા તરફથી તેમની તરફ સલામ આવશે. આ હાલત તો નિકટતા ધરાવતા આગલાઓની હશે ત્યાર પછી જન્નતીઓનાં બીજાં જુથો અસ્હાબે યમીન (જમણી બાજુવાળા)નું વર્ણન કરવામાં આવે છે.

اَوَ اٰبَآؤُنَا الْاَوَّلُوْنَ ﴿٤٨﴾ قُلْ اِنَّ الْاَوَّلِيْنَ وَالْاٰخِرِيْنَ ﴿٤٩﴾
لَمَجْمُوْعُوْنَ ۙ اِلٰى مِيْقَاتِ يَوْمٍ مَّعْلُوْمٍ ﴿٥٠﴾ ثُمَّ اِنَّكُمْ اَيُّهَا
الضَّآلُّوْنَ الْمُكَذِّبُوْنَ ﴿٥١﴾ لَاٰكِلُوْنَ مِنْ شَجَرٍ مِّنْ زَقُّوْمٍ ﴿٥٢﴾
فَمَالِـُٔوْنَ مِنْهَا الْبُطُوْنَ ﴿٥٣﴾ فَشٰرِبُوْنَ عَلَيْهِ مِنَ الْحَمِيْمِ ﴿٥٤﴾
فَشٰرِبُوْنَ شُرْبَ الْهِيْمِ ﴿٥٥﴾ هٰذَا نُزُلُهُمْ يَوْمَ الدِّيْنِ ﴿٥٦﴾
ربع نَحْنُ خَلَقْنٰكُمْ فَلَوْلَا تُصَدِّقُوْنَ ﴿٥٧﴾ اَفَرَءَيْتُمْ مَّا
تُمْنُوْنَ ﴿٥٨﴾ ءَاَنْتُمْ تَخْلُقُوْنَهٗٓ اَمْ نَحْنُ الْخٰلِقُوْنَ ﴿٥٩﴾ نَحْنُ
قَدَّرْنَا بَيْنَكُمُ الْمَوْتَ وَمَا نَحْنُ بِمَسْبُوْقِيْنَ ﴿٦٠﴾ عَلٰٓى اَنْ
نُّبَدِّلَ اَمْثَالَكُمْ وَنُنْشِئَكُمْ فِيْ مَا لَا تَعْلَمُوْنَ ﴿٦١﴾ وَلَقَدْ
عَلِمْتُمُ النَّشْاَةَ الْاُوْلٰى فَلَوْلَا تَذَكَّرُوْنَ ﴿٦٢﴾ اَفَرَءَيْتُمْ
مَّا تَحْرُثُوْنَ ﴿٦٣﴾ ءَاَنْتُمْ تَزْرَعُوْنَهٗٓ اَمْ نَحْنُ الزّٰرِعُوْنَ ﴿٦٤﴾

**અને શું આપણા આગલા બાપ-દાદાઓ પણ ? (૪૮) તમે કહી દો; બેશક બધા જ આગલા અને પાછલા (૪૯) અવશ્ય ભેગા કરવામાં આવશે એક નક્કી થએલા દિવસની મર્યાદા પર[૩૩૩] (૫૦) પછી બેશક તમે અય ભટકેલાઓ[૩૩૪] જૂઠાડનારાઓ ! (૫૧) અવશ્ય થોરના ઝાડમાંથી ખાશો (૫૨) પછી તેનાથી પેટ ભરશો (૫૩) પછી એના પર ઉકળતું પાણી પીશો (૫૪) પછી એ રીતે પીશો જાણે ખૂબ તરસ્યા ઊંટો પીએ છે[૩૩૫] (૫૫) ન્યાયના દિવસે આ તેમની મહેમાની છે (૫૬) અમે તમને જન્માવ્યા,[૩૩૬] તો તમે કેમ સાચું માનતા નથી ?[૩૩૭] (૫૭) તો જુઓ તો ખરા કે તે વિર્ય જે પાડો છો[૩૩૮] (૫૮) શું તમે તેનું[૩૩૯] મનુષ્ય બનાવો છો કે અમે બનાવનાર છીએ ? (૫૯) અમે તમારામાં મરવાનું નક્કી કર્યું[૩૪૦] અને અમે એનાથી હારી બેઠા નથી (૬૦) કે તમારી જેવા બીજા બદલી આપીએ અને તમારી મુખાકૃતિઓ એવી કરી નાખીએ જેની તમને ખબર નથી[૩૪૧] (૬૧) અને બેશક તમને પ્રથમ સર્જન[૩૪૨] ની ખબર છે પછી કેમ વિચારતા નથી ?[૩૪૩] (૬૨) તો જુઓ તો ખરા કે શું વાવો છો ? (૬૩) શું તમે એની ખેતી બનાવો છો કે અમે બનાવીએ છીએ ?[૩૪૪] (૬૪)**

૩૨૧. તેમની અજબ શાન છે કે અલ્લાહ સમક્ષ સન્માનિત છે.

૩૨૨. જેમાં વૃક્ષો મૂળથી ટોચ સુધી ફળોથી લદાએલાં હશે.

૩૨૩. જ્યારે કોઇ ફળ તોડવામાં આવે ત્યારે તરત જ તેના સ્થાને તેવાં જ બીજાં બે ફળો લાગી જાય.

૩૨૪. જન્નતવાળાઓ ફળો તોડવાથી.

૩૨૫. જે હીરા જડીત ઊંચા તખતો પર હશે. અને એવું પણ કહેવામાં આવ્યું છે કે ''બીછોનાઓ'' નો મતલબ સ્ત્રીઓ છે એ રીતે અર્થ એ થશે કે સ્ત્રીઓ રૂપ અને ખૂબસૂરતીમાં ઊંચો મરતબો ધરાવતી હશે.

૩૨૬. યુવાન અને તેણીઓના પતિઓ પણ યુવાન. અને એ યુવાની હંમેશ માટેની હશે.

૩૨૭. આ જમણી બાજુવાળાઓનાં બે જુથોનું બયાન છે કે તેઓ આ ઉમ્મતના આગલા પાછલા બન્ને વર્ગોમાંના હશે. આગલો વર્ગ તો હુઝૂરના સહાબાનો છે અને પાછલો વર્ગ તેમની પાછળ થનારાઓનો. પાછલા રૂકૂઅમાં સાબેકીન અવ્વલીન (આગળ વધી જનારાઓ) નાં બે જુથોનું બયાન હતું અને અહીં જમણી બાજુવાળાઓનાં બે જુથોનું બયાન છે.

૩૨૮. જેમનાં આમાલનામાંઓ ડાબા હાથમાં આપવામાં આવશે.

૩૨૯. બદનસીબીમાં તેમની હાલત અજબ છે તેમના અઝાબનું બયાન થાય છે કે તેઓ એવી હાલતમાં હશે કે.....

૩૩૦. જે ખૂબ જ અંધકારમય અને કાળો હશે.

૩૩૧. દુનિયામાં.

**અમે ઇચ્છીએ તો[૩૪૫] એને ચગદાએલું કરી નાખીએ[૩૪૬] પછી તમે વાતો બનાવતા જ રહી જાઓ[૩૪૭] (૬૫) કે અમારા પર આપત્તિ જ આવી પડી[૩૪૮] (૬૬) બલ્કે અમે અભાગી રહ્યા (૬૭) તો કહો તો ખરા કે જે પાણી તમે પીઓ છો (૬૮) શું તેને તમે વાદળમાંથી ઉતાર્યુ કે અમે ઉતારનાર છીએ ?[૩૪૯] (૬૯) અમે ઇચ્છીએ તો એને ખારૂં બનાવી નાખીએ,[૩૫૦] પછી શા માટે આભાર માનતા નથી ?[૩૫૧] (૭૦) તો કહો તો ખરા કે જે આગ તમે સળગાવો છો[૩૫૨] (૭૧) શું તેનું વૃક્ષ તમે પેદા કર્યું[૩૫૩] અથવા અમે છીએ પેદા કરનાર (૭૨) અમે તેને[૩૫૪] જહન્નમનું સ્મૃતિ ચિન્હ બનાવ્યું[૩૫૫] અને જંગલમાં મુસાફરો નો લાભ[૩૫૬] (૭૩) તો અય મહબૂબ ! તમે પવિત્રતા બોલો પોતાના મહાનતાવાળા પરવરદિગારના નામની (૭૪) તો મને કસમ છે તે સ્થાનોની કે જ્યાં તારાઓ અસ્ત થાય છે[૩૫૭] (૭૫) અને તમે સમજો તો એ મહાન કસમ છે (૭૬) બેશક ! આ ઇજ્જતવાળુ કુરઆન છે[૩૫૮] (૭૭) જળવાએલા લખાણ[૩૫૯] માં (૭૮) એને વુઝૂ વગર ના (લોકો) અડકે નહિ[૩૬૦] (૭૯) ઉતારેલું છે સર્વે જગતના રબનું (૮૦) તો શું એ વાતમાં તમે આળસ કરો છો ?[૩૬૧] (૮૧) અને પોતાનું ભાગ્ય એ રાખો છો કે જૂઠાડો છો ?[૩૬૨] (૮૨)**



لَوْ نَشَآءُ لَجَعَلْنٰهُ حُطَامًا فَظَلْتُمْ تَفَكَّهُوْنَ ۝ اِنَّا لَمُغْرَمُوْنَ ۝
بَلْ نَحْنُ مَحْرُوْمُوْنَ ۝ اَفَرَءَيْتُمُ الْمَآءَ الَّذِيْ تَشْرَبُوْنَ ۝
ءَاَنْتُمْ اَنْزَلْتُمُوْهُ مِنَ الْمُزْنِ اَمْ نَحْنُ الْمُنْزِلُوْنَ ۝
لَوْ نَشَآءُ جَعَلْنٰهُ اُجَاجًا فَلَوْلَا تَشْكُرُوْنَ ۝ اَفَرَءَيْتُمُ
النَّارَ الَّتِيْ تُوْرُوْنَ ۝ ءَاَنْتُمْ اَنْشَاْتُمْ شَجَرَتَهَآ اَمْ نَحْنُ
الْمُنْشِـُٔوْنَ ۝ نَحْنُ جَعَلْنٰهَا تَذْكِرَةً وَّمَتَاعًا لِّلْمُقْوِيْنَ ۝
فَسَبِّحْ بِاسْمِ رَبِّكَ الْعَظِيْمِ ۝ فَلَآ اُقْسِمُ بِمَوٰقِعِ النُّجُوْمِ ۝
وَاِنَّهٗ لَقَسَمٌ لَّوْ تَعْلَمُوْنَ عَظِيْمٌ ۝ اِنَّهٗ لَقُرْاٰنٌ كَرِيْمٌ ۝
فِيْ كِتٰبٍ مَّكْنُوْنٍ ۝ لَّا يَمَسُّهٗٓ اِلَّا الْمُطَهَّرُوْنَ ۝ تَنْزِيْلٌ
مِّنْ رَّبِّ الْعٰلَمِيْنَ ۝ اَفَبِهٰذَا الْحَدِيْثِ اَنْتُمْ
مُّدْهِنُوْنَ ۝ وَتَجْعَلُوْنَ رِزْقَكُمْ اَنَّكُمْ تُكَذِّبُوْنَ ۝

૩૩૨. અર્થાત શિર્કનો.

૩૩૩. તે કયામતનો દિવસ છે.

૩૩૪. સત્ય માર્ગ ત્યજનારાઓ અને સત્યને...

૩૩૫. તેમને એવા ભૂખ્યા કરવામાં આવશે કે ભૂખથી વ્યાકુળ બનીને જહન્નમનો બળતો થોર ખાય જશે પછી જ્યારે તેનાથી પેટ ભરી લેશે ત્યારે તેમને તરસ્યા કરવામાં આવશે તેનાથી વ્યાકુળ બનીને એવું ઉકળતું પાણી પી જશે જે આંતરડાંઓના ટુકડા કરી નાખશે.

૩૩૬. શૂન્યમાંથી સર્જન કર્યું.

૩૩૭. મૃત્યુ પછી જીવંત થવાને.

૩૩૮. સ્ત્રીઓના ગર્ભાશયમાં.

૩૩૯. કે વિર્યબિંદુને માનવીની શિકલ આપીએ છીએ તો પછી મડદાંઓને જીવંત કરવાં અમારી કુદરત માટે શું કપરૂં છે ?

૩૪૦. બુધ્ધિના તકાદા અનુસાર અને તેની મરજી મુજબ. અને દરેકની ઉંમર અલગ અલગ નક્કી કરી, કોઇ બાળપણમાં જ મરી જાય છે કોઇ જવાન થઇને મરે છે અને કોઇ વૃધ્ધાવસ્થાએ પહોંચે છે. જે અમે ભાગ્યમાં આલેખીએ છીએ તે જ થાય છે.

૩૪૧. અર્થાત વિકૃત કરીને વાંદરા, ડુક્કર વિગેરેની શિકલ બનાવી દઇએ એ બધું અમારી કુદરતમાં છે.

પછી કેમ થાય નહિ કે જ્યારે પ્રાણ ગળા સુધી આવી જાય (૮૩) અને તમે[૩૬૩] તે સમયે જોઇ રહ્યા હોય (૮૪) અને અમે તમારાથી પણ તેની વધારે નજીક છીએ પરંતુ તમને દ્રષ્ટિ નથી[૩૬૪] (૮૫) તો કેમ થયું નહિ, જો તમને બદલો મળવાનો ન હોય[૩૬૫] (૮૬) કે એને પાછો લઇ આવત. જો તમે સાચા હોવ તો[૩૬૫] (૮૭) પછી જો તે મરનાર નિકટતાવાળાઓમાં હોય[૩૬૭] (૮૮) તો રાહત છે અને ફુલ[૩૬૮] અને આરામના બગીચાઓ[૩૬૯] (૮૯) અને જો[૩૭૦] જમણી બાજુવાળાઓમાંથી હોય (૯૦) તો અય મહબૂબ ! જમણી બાજુવાળાઓ તરફથી[૩૭૧] તમારા પર સલામ (૯૧) અને જો[૩૭૨] જૂઠાડનારાઓ ભટકેલાઓ માંથી હોય[૩૭૩] (૯૩) તો તેની મહેમાની ઉકળતું પાણી (૯૨) અને ભભુકતી આગમાં ધસી જવું[૩૭૪] (૯૪) બેશક એ ઉચ્ચ કક્ષાની સચોટ વાત છે (૯૫) તો અય મહબૂબ ! તમે તમારા મહાનતાવાળા રબના નામની પવિત્રતા બોલો[૩૭૫] (૯૬)

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૩૭૬]**

જે કંઇ આકાશો અને પૃથ્વીમાં છે[૩૭૭] તે અલ્લાહની પવિત્રતા બોલે છે અને તે જ ઇજ્જત અને હિકમતવાળો

قال فما خطبكم ٢٧     الحديد ٥٧

فَلَوْلَآ اِذَا بَلَغَتِ الْحُلْقُوْمَ (٨٣) وَاَنْتُمْ حِيْنَئِذٍ تَنْظُرُوْنَ (٨٤)
وَنَحْنُ اَقْرَبُ اِلَيْهِ مِنْكُمْ وَلٰكِنْ لَّا تُبْصِرُوْنَ (٨٥)
فَلَوْلَآ اِنْ كُنْتُمْ غَيْرَ مَدِيْنِيْنَ (٨٦) تَرْجِعُوْنَهَآ اِنْ
كُنْتُمْ صٰدِقِيْنَ (٨٧) فَاَمَّآ اِنْ كَانَ مِنَ الْمُقَرَّبِيْنَ (٨٨)
فَرَوْحٌ وَّرَيْحَانٌ ۵ وَّجَنَّتُ نَعِيْمٍ (٨٩) وَاَمَّآ اِنْ كَانَ
مِنْ اَصْحٰبِ الْيَمِيْنِ (٩٠) فَسَلٰمٌ لَّكَ مِنْ اَصْحٰبِ الْيَمِيْنِ (٩١)
وَاَمَّآ اِنْ كَانَ مِنَ الْمُكَذِّبِيْنَ الضَّآلِّيْنَ (٩٢) فَنُزُلٌ
مِّنْ حَمِيْمٍ (٩٣) وَّتَصْلِيَةُ جَحِيْمٍ (٩٤) اِنَّ هٰذَا لَهُوَ
حَقُّ الْيَقِيْنِ (٩٥) فَسَبِّحْ بِاسْمِ رَبِّكَ الْعَظِيْمِ (٩٦) ع

منزل ٧   ع ٣

سورة الحديد مدنية   بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ   تسع وعشرون آية واربع ركوعات

سَبَّحَ لِلّٰهِ مَا فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ ۚ وَهُوَ الْعَزِيْزُ

૩૪૨. કે અમે તમારૂં શૂન્યમાંથી સર્જન કર્યું.

૩૪૩. કે જે શૂન્યમાંથી સર્જન કરી શકે છે તે ખરેખર મરેલાને જીવંત કરવા શક્તિમાન છે.

૩૪૪. એમાં શંકા નથી કે દુંડીઓમાં દાણા બનાવનાર અલ્લાહ તઆલા જ છે તેનું જ એ કામ છે બીજા કોઇનું નહિ.

૩૪૫. જે તમે વાવો છો.

૩૪૬. સુકું ઘાસ ચુરેચુરા જે કશા ખપનું ન હોય.

૩૪૭. બાધા બનીને અને ચિંતામગ્ન થઇને.

૩૪૮. અમારો માલ બેકાર અને વ્યર્થ થઇ ગયો.

૩૪૯. પોતાની કુદરત વડે.

૩૫૦. કે તેને કોઇ પી શકે નહિ.

૩૫૧. અલ્લાહ તઆલાની નેઅમત અને તેના એહસાન અને મહેરબાની નો.

૩૫૨. બે લીલી લાકડીઓ વડે જેને ઝનદ અને ઝન્દહ કહો છો કે તેમને (એક બીજી સાથે) ઘસવાથી આગ ઝરે છે.

૩૫૩. મર્ખ અને ઇફાર જેનાથી ઝનદ અને ઝન્દહ કાપવામાં આવ છે.

૩૫૪. અર્થાત આગને.

૩૫૫. કે જોનાર એને જોઇને જહન્નમની મોટી આગને યાદ કરે અને અલ્લાહ તઆલા અને તેના

અઝાબ થી ડરે.

૩૫૬. કે પોતાની સફરો દરમ્યાન એનાથી લાભ મેળવે છે.

૩૫૭. કે તે કુદરતના પ્રાગટય અને અલ્લાહના જલાલનાં સ્થાનો છે.

૩૫૮. જે સય્યિદે આલમ મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પર ઉતારવામાં આવ્યું. કારણ કે એ અલ્લાહનું કલામ અને તેની વહી છે.

૩૫૯. જેમાં ફેરફાર શક્ય નથી.

૩૬૦. **મસાઇલ** :- જેને ગુસલની હાજત હોય અથવા જેને વુઝૂ ન હોય અથવા હેઝવાળી સ્ત્રી અથવા નિફાસવાળી ઔરત એમાંથી કોઇને પણ ગિલાફ વિગેરે વગર કુરઆન શરીફને અડકવું જાઇઝ નથી. વુઝૂ વગરના માટે મોઢે કુરઆન શરીફ પઢવું જાઇઝ છે પરંતુ ગુસલ જરૂરી હોય તેના માટે અને હેઝવાળી માટે એ પણ જાઇઝ નથી.

૩૬૧. અને માનતા નથી.

૩૬૨. હઝરત હસન રદીયલ્લાહુ તઆલા અન્હુએ ફરમાવ્યું; તે બંદાઓ ખૂબ જ ખોટમાં છે જેમનું ભાગ્ય અલ્લાહના કલામને જૂઠાડવું હોય.

૩૬૩. અય મય્યતના ઘરવાળાઓ !

૩૬૪. તમને સમજ નથી.

૩૬૫. મર્યા પછી જીવતા થઇને.

૩૬૬. કાફિરોને કહેવામાં આવ્યું કે જો તમારી માન્યતા મુજબ મૃત્યુ પછી જીવંત થવાનું અને આમાલનો હિસાબ થવો અને બદલો આપનાર મઅબૂદ એ કશું હોય નહિ તો પછી શું કારણ છે કે જ્યારે તમારા પ્રિયજનોનો જીવ તેમના ગળાઓ સુધી આવી જાય છે ત્યારે તમે તેને પાછો કેમ વાળી લેતા નથી ? અને જ્યારે એ તમારા અધિકારમાં નથી તો પછી સમજો કે કામ અલ્લાહના અધિકારમાં છે તેના પર ઇમાન લાવો. ત્યાર પછી મૃત્યુ સમયે મખ્લૂકની હાલતો તેમના તબક્કાઓ તેમના વર્ગો વિગેરેનું બયાન કરવામાં આવે છે.

૩૬૭. આગલાઓમાંથી જેમનું વર્ણન ઉપર થઇ ગયું તો તેના માટે.

૩૬૮. અબુલ આલિયહએ કહ્યું કે નિકટતાવાળાઓમાંથી જે કોઇ દુનિયામાંથી સિધાવી જાય છે તેની પાસે જન્નતમાં પુષ્પોની ડાળી લાવવામાં આવે છે તેની ખુશ્બુ સુંઘે છે ત્યારે તેનો જીવ નીકળે છે.

૩૬૯. આખેરતમાં.

૩૭૦. મૃત્યુ પામનાર.

૩૭૧. અર્થ એ છે કે અય સય્યિદે અમ્બિયા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ ! આપ તેમના સલામ સ્વીકારો અને તેમના માટે ચિંતા કરો નહિ તેઓ અલ્લાહ તઆલાના અઝાબથી બચેલા રહેશે અને આપ તેમને એવી હાલતમાં જ દેખશો જે આપને ગમતી હોય.

૩૭૨. મૃત્યુ પામનાર.

૩૭૩. અર્થાત ડાબી બાજુવાળાઓમાંનો.

૩૭૪. જહન્નમની. અને મરનારાઓની જે પરિસ્થિતિઓનું વર્ણન આ સૂરતમાં બયાન કરવામાં આવ્યું છે.....

**છે (૧) આકાશો અને પૃથ્વીનું રાજ્ય તેનું જ છે, જીવાડે છે[૩૭૮] અને મૃત્યુ આપે છે[૩૭૯] અને તે સર્વ કંઇ કરી શકે છે (૨) તે જ પહેલો[૩૮૦] તે જ છેલ્લો[૩૮૧] તે જ જાહેર[૩૮૨] તે જ ગુપ્ત[૩૮૩] અને તે જ સર્વ કંઇ જાણે છે (૩) તે જ છે જેણે આકાશો અને પૃથ્વીને છ દિવસોમાં બનાવ્યાં[૩૮૪] પછી અર્શ પર ઇસ્તેવા ફરમાવ્યો જેવો કે તેને શોભે છે. જે કંઇ જમીનની અંદર જાય છે[૩૮૫] અને જે કંઇ તેમાંથી બહાર નીકળે છે[૩૮૬] તે જાણે છે અને જે આકાશમાંથી ઉતરે છે[૩૮૭] અને જે તેમાં ચઢે છે[૩૮૮] (તેને પણ જાણે છે) અને તમે ગમે ત્યાં હોવ તે તમારી સાથે છે[૩૮૯] અને અલ્લાહ તમારાં કર્મો જોઇ રહ્યો છે[૩૯૦] (૪) આકાશો અને પૃથ્વીનું રાજ્ય તેનું જ છે અને સર્વ કામોનું પરતસ્થાન અલ્લાહ તરફ જ છે (૫) રાત્રીને દિવસના ભાગમાં લઇ આવે છે[૩૯૧] અને દિવસને રાતના ભાગમાં લાવે છે[૩૯૨] અને તે હૃદયોની વાત જાણે છે[૩૯૩] (૬) અલ્લાહ અને તેના રસૂલ પર ઇમાન લાવો અને તેના માર્ગમાં કંઇક તે વાપરો જેમાં તમને બીજાઓના વારસદાર બનાવ્યા[૩૯૪],**



الْحَكِيمُ ① لَهُ مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ يُحْيِ
وَيُمِيتُ وَهُوَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيرٌ ② هُوَ الْاَوَّلُ
وَالْاٰخِرُ وَالظَّاهِرُ وَالْبَاطِنُ وَهُوَ بِكُلِّ شَيْءٍ عَلِيمٌ ③
هُوَ الَّذِي خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ فِي سِتَّةِ
اَيَّامٍ ثُمَّ اسْتَوٰى عَلَى الْعَرْشِ يَعْلَمُ مَا يَلِجُ فِي
الْاَرْضِ وَمَا يَخْرُجُ مِنْهَا وَمَا يَنْزِلُ مِنَ السَّمَاءِ وَمَا
يَعْرُجُ فِيهَا وَهُوَ مَعَكُمْ اَيْنَ مَا كُنْتُمْ وَاللّٰهُ بِمَا
تَعْمَلُونَ بَصِيرٌ ④ لَهُ مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ
وَاِلَى اللّٰهِ تُرْجَعُ الْاُمُورُ ⑤ يُولِجُ الَّيْلَ فِي النَّهَارِ
وَيُولِجُ النَّهَارَ فِي الَّيْلِ وَهُوَ عَلِيمٌ بِذَاتِ الصُّدُورِ ⑥
اٰمِنُوا بِاللّٰهِ وَرَسُولِهِ وَاَنْفِقُوا مِمَّا جَعَلَكُمْ

منزل ٧

૩૭૫. **હદીષ** :- જ્યારે આ આયત ઉતરી ફસબ્બિહ બિસ્મિરબ્બોકલ અઝીમ (પોતાના મહાનતાવાળા રબના નામની પવિત્રતા બોલો) ત્યારે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું, એને પોતાના રૂકૂઅમાં શામિલ કરી લો. (સુબ્હાન રબ્બીયલ અઝીમ) પછી જ્યારે 'સબ્બિહિસ્મે રબ્બેકલ અઅલા' (પોતાના બુલંદ ખુદાના નામની પવિત્રતા બોલો) વાળી આયત ઉતરી ત્યારે આપે ફરમાવ્યું; એને પોતાના સિજદાઓમાં દાખલ કરો. (અબૂ દાવૂદ)

**મસઅલો** :- આ આયતથી સાબિત થયું કે રૂકૂઅ અને સિજદાની તસ્બીહો કુરઆન શરીફમાંથી લેવામાં આવી છે.

૩૭૬. સૂરએ હદીદ મદની છે (અમુકે મક્કી કહી છે) એમાં ૪ રૂકૂઅ ૨૯ આયતો ૫૪૪ શબ્દો ૨૪૭૬ અક્ષરો છે.

૩૭૭. સજીવ હોય કે નિર્જીવ.

૩૭૮. સૃષ્ટિને સર્જીને અથવા એ અર્થ છે કે મડદાંઓને જીવતાં કરીને.

૩૭૯. અર્થાત જીવતાઓને મૃત્યુ આપે છે.

૩૮૦. સર્વપ્રથમ દરેક વસ્તુથી પહેલાં આરંભહિન કે તે હતો અને કશું ન હતું.

૩૮૧. દરેક વસ્તુના નાશ અને નાબૂદી પછી (બાકી) રહેનાર બધું જ ફના થઇ જશે પણ તે હમેશાં રહેશે તેના માટે અંત નથી.

૩૮૨. દલીલો અને સાબિતીઓથી (જગ જાહેર છે) અથવા એવો અર્થ છે કે દરેક વસ્તુ પર છવાએલો છે.

مستخلفين فيه فالذين امنوا منكم وانفقوا
لهم اجر كبير ﴿٧﴾ وما لكم لا تؤمنون بالله والرسول
يدعوكم لتؤمنوا بربكم وقد اخذ ميثاقكم ان
كنتم مؤمنين ﴿٨﴾ هو الذي ينزل على عبده
ايت بينت ليخرجكم من الظلمت الى النور
وان الله بكم لرءوف رحيم ﴿٩﴾ وما لكم الا تنفقوا
في سبيل الله ولله ميراث السموت والارض
لا يستوي منكم من انفق من قبل الفتح
وقتل اولئك اعظم درجة من الذين انفقوا
من بعد وقتلوا وكلا وعد الله الحسنى
والله بما تعملون خبير ﴿١٠﴾ من ذا الذي يقرض

**તો જેઓ તમારામાં ઇમાન લાવ્યા અને તેના માર્ગમાં વાપર્યું તેમના માટે મહાન સવાબ છે (૭) અને તમને થયું છે શું કે ઇમાન લાવતા નથી અલ્લાહ પર અને હાલત એ છે કે આ રસૂલ તમને નોંતરી રહ્યા છે કે; અલ્લાહ પર ઇમાન લાવો[૩૯૫]. અને બેશક તે[૩૯૬] તમારી પાસેથી આરંભમાં જ વચન લઇ ચૂક્યો છે[૩૯૭] જો તમને યકીન હોય તો (૮) તે જ છે જે પોતાના બંદા પર[૩૯૮] સ્પષ્ટ આયતો ઉતારે છે જેથી તમને અંધકારમાંથી[૩૯૯] અજવાળા તરફ લઇ જાય[૪૦૦] અને બેશક અલ્લાહ તમારા પર જરૂર મહેરબાન રહેમવાળો છે (૯) અને તમને શું છે કે અલ્લાહના માર્ગમાં વાપરો નહિ અને પરિસ્થિતિ એ છે કે આકાશો અને ધરતીમાં તમામ (વસ્તુઓ)નો વારસ અલ્લાહ જ છે[૪૦૧]. તમારામાં સરખા નથી તેઓ જેમણે મક્કાના વિજયથી પહેલાં વાપર્યું અને જિહાદ કર્યું[૪૦૨] તેઓ મરતબામાં તેમનાથી મોટા છે જેમણે વિજય પછી વાપર્યું અને જિહાદ કર્યું. અને એ તમામને[૪૦૩] અલ્લાહ જન્નતનો વાયદો આપી ચૂક્યો[૪૦૪]. અને અલ્લાહને તમારા કામોની ખબર છે (૧૦) કોણ છે જે અલ્લાહને કરજ**

૩૮૩. ઇન્દ્રીઓ તેને સમજી શકતી નથી અથવા એવો અર્થ છે કે દરેક વસ્તુનો જાણકાર છે.

૩૮૪. દુનિયાના દિવસોના હિસાબે કે તેનો પ્રથમ રવીવાર અને છેલ્લો જુમ્આ છે. હસન રદીયલ્લાહુ તઆલા અન્હુએ ફરમાવ્યું કે જો તે ઇચ્છત તો પળવારમાં સર્જી નાખત પણ તેના રહસ્યનો તકાદો એવો થયો કે ૬ ને મૂળ બનાવીને તેના પર પાયો નાખે.

૩૮૫. તે બી હોય કે પાણીનું ટીપું હોય કે ખજાનો હોય કે મડદુ હોય.

૩૮૬. તે વનસ્પતી હોય કે ધાતુ હોય કે કોઇ અન્ય વસ્તુ.

૩૮૭. રહમત અને અઝાબ અને ફરિશ્તાઓ અને વરસાદ.

૩૮૮. કર્મો અને દુઆ.

૩૮૯. પોતાના ઇલ્મ અને કુદરત વડે સામાન્ય રીતે અને કૃપા તેમ જ મહેરબાનીની વડે ખાસ કરીને.

૩૯૦. તેથી તમને તમારાં કર્મો અનુસાર બદલો આપશે.

૩૯૧. એવી રીતે કે રાત્રીને ટૂંકી કરીને દિવસને વધારે છે.

૩૯૨. દિવસને ટૂંકો કરીને અને રાતને લંબાવી આપીને.

૩૯૩. દિલના અકીદાઓ અને હ્રદયના ભેદો બધું જ જાણે છે.

૩૯૪. જેઓ તમારી પહેલાં હતા અને તમારા પાછલાઓને તમારા વારસદાર બનાવશે. મતલબ એ છે કે જે ધનદોલત તમારા કબ્જામાં છે તે બધું જ અલ્લાહનું છે તેણે તમને વાપરવા આપેલું છે, વાસ્તવમાં

اللَّهَ قَرْضًا حَسَنًا فَيُضَاعِفَهُ لَهُ وَلَهُ أَجْرٌ كَرِيمٌ ﴿١١﴾
يَوْمَ تَرَى الْمُؤْمِنِينَ وَالْمُؤْمِنَاتِ يَسْعَىٰ نُورُهُم بَيْنَ
أَيْدِيهِمْ وَبِأَيْمَانِهِم بُشْرَاكُمُ الْيَوْمَ جَنَّاتٌ تَجْرِي مِن
تَحْتِهَا الْأَنْهَارُ خَالِدِينَ فِيهَا ۚ ذَٰلِكَ هُوَ الْفَوْزُ الْعَظِيمُ ﴿١٢﴾
يَوْمَ يَقُولُ الْمُنَافِقُونَ وَالْمُنَافِقَاتُ لِلَّذِينَ آمَنُوا
انظُرُونَا نَقْتَبِسْ مِن نُّورِكُمْ قِيلَ ارْجِعُوا وَرَاءَكُمْ
فَالْتَمِسُوا نُورًا فَضُرِبَ بَيْنَهُم بِسُورٍ لَّهُ بَابٌ
بَاطِنُهُ فِيهِ الرَّحْمَةُ وَظَاهِرُهُ مِن قِبَلِهِ الْعَذَابُ ﴿١٣﴾
يُنَادُونَهُمْ أَلَمْ نَكُن مَّعَكُمْ ۖ قَالُوا بَلَىٰ وَلَٰكِنَّكُمْ
فَتَنتُمْ أَنفُسَكُمْ وَتَرَبَّصْتُمْ وَارْتَبْتُمْ وَغَرَّتْكُمُ
الْأَمَانِيُّ حَتَّىٰ جَاءَ أَمْرُ اللَّهِ وَغَرَّكُم بِاللَّهِ الْغَرُورُ ﴿١٤﴾

**આપે સારૂં કરજ ?[૪૦૫] તો તે તેના માટે ડબલ કરી આપે અને તેને ઇજ્જતનો સવાબ છે (૧૧) જે દિવસે તમે ઇમાનવાળા પુરૂષો અને ઇમાનવાળી સ્ત્રીઓને[૪૦૬] જોશો કે તેમનું નૂર[૪૦૭] તેમની આગળ અને તેમની જમણે દોડે છે[૪૦૮] તેમને કહેવામાં આવી રહ્યું છે કે; આજે તમારી સર્વથી વધુ ખુશીની વાત તે જન્નતો છે જેમની નીચે નહેરો વહે તમે તેમાં હમેશાં રહેશો. એ જ મહાન સફળતા છે (૧૨) જે દિવસે કહેશે મુનાફિક પુરૂષો અને મુનાફિક સ્ત્રીઓ મુસલમાનોને કે; અમને આંખ ઊંચકી ને જુઓ કે (જેથી) અમે તમારા નૂરમાંથી અમુક હિસ્સો મેળવીએ. કહેવામાં આવશે; પોતાની પાછળ જાવ[૪૦૯], ત્યાં નૂર ઢુંઢો. તેઓ પાછા જશે ત્યારે તરત જ તેમની[૪૧૦] વચમાં એક દીવાલ ખડી કરી દેવામાં આવશે[૪૧૧] જેમાં એક દરવાજો છે[૪૧૨] તેની અંદરની બાજુ રહમત છે[૪૧૩] અને તેની બહારની બાજુ અઝાબ છે (૧૩) મુનાફિકો[૪૧૪] મુસલમાનોને પોકારશે; શું અમે તમારી સાથે ન હતા ?[૪૧૫] તેઓ કહેશે; કેમ નહિ, પણ તમે તો તમારા પ્રાણોને ફિત્નામાં સંડોવ્યા[૪૧૬] અને મુસલમાનોનું અનિષ્ટ ઇચ્છતા અને શંકા ધરાવતા હતા[૪૧૭]. અને જૂઠી લાલચે તમને છેતરામણમાં નાખ્યા[૪૧૮] એટલે સુધી કે અલ્લાહનો હુકમ આવી લાગ્યો[૪૧૯] અને તમને અલ્લાહના હુકમ વિષે આ મહા પ્રપંચીએ અભિમાનમાં રાખ્યા[૪૨૦] (૧૪)**

તમે એના માલિક નથી, નાયબ અને અધિકૃત વ્યક્તિ જેવા છો તેથી તેને અલ્લાહના માર્ગમાં વાપરો અને જે રીતે નાયબ કે અધિકૃત વ્યક્તિને માલિકના હુક્મ મુજબ વાપરવામાં કશો બાધ નડતો નથી તે રીતે તમને પણ કશો વાંધો હોવો જોઇએ નહિ.

૩૯૫. અને દલીલો તેમ જ સાબિતીઓ રજુ કરે છે અને અલ્લાહની કિતાબ સંભળાવે છે તો હવે તમને શું વાંધો હોય શકે છે ?

૩૯૬. અર્થાત અલ્લાહ તઆલા.

૩૯૭. જ્યારે તેણે તમને હઝરત આદમ અલયહિસ્સલામની પીઠમાંથી કાઢયા હતા કે અલ્લાહ તઆલા તમારો પરવરદિગાર છે તેના સિવાય કોઇ મઅબૂદ નથી.

૩૯૮. સય્યિદે આલમ મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પર.

૩૯૯. કુફ્ર અને શિર્કના.

૪૦૦. અર્થાત ઇમાનના નૂર તરફ.

૪૦૧. તમે ફના થઇ જશો અને દોલત તેના રાજ્યમાં જ રહી જશે અને તમને વાપરવાનો સવાબ પણ નહિ મળે અને જો તમે અલ્લાહના માર્ગમાં વાપરો તો સવાબ પણ મળશે.

૪૦૨. જ્યારે કે મુસલમાનો ઓછા અને અશક્ત હતા તેવા સમયે જેમણે વાપર્યું અને જિહાદ કર્યું તેઓ મુહાજેરીન અને અન્સારમાંથી સાબેકીન અવ્વલીન છે તેમના વિષે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું છે કે; તમારામાંથી જો કોઇ ઉહદ પર્વત જેટલું સોનું (અલ્લાહના માર્ગમાં) વાપરે તો પણ તેમના

فَالْيَوْمَ لَا يُؤْخَذُ مِنْكُمْ فِدْيَةٌ وَّلَا مِنَ الَّذِيْنَ
كَفَرُوْا ۭ مَاْوٰىكُمُ النَّارُ ۭ هِيَ مَوْلٰىكُمْ ۭ وَبِئْسَ الْمَصِيْرُ ﴿١٥﴾
اَلَمْ يَاْنِ لِلَّذِيْنَ اٰمَنُوْٓا اَنْ تَخْشَعَ قُلُوْبُهُمْ لِذِكْرِ
اللّٰهِ وَمَا نَزَلَ مِنَ الْحَقِّ ۙ وَلَا يَكُوْنُوْا كَالَّذِيْنَ
اُوْتُوا الْكِتٰبَ مِنْ قَبْلُ فَطَالَ عَلَيْهِمُ الْاَمَدُ فَقَسَتْ
قُلُوْبُهُمْ ۭ وَكَثِيْرٌ مِّنْهُمْ فٰسِقُوْنَ ﴿١٦﴾ اِعْلَمُوْٓا اَنَّ اللّٰهَ منزل ٧
يُحْيِ الْاَرْضَ بَعْدَ مَوْتِهَا ۭ قَدْ بَيَّنَّا لَكُمُ الْاٰيٰتِ
لَعَلَّكُمْ تَعْقِلُوْنَ ﴿١٧﴾ اِنَّ الْمُصَّدِّقِيْنَ وَالْمُصَّدِّقٰتِ
وَاَقْرَضُوا اللّٰهَ قَرْضًا حَسَنًا يُّضٰعَفُ لَهُمْ وَلَهُمْ
اَجْرٌ كَرِيْمٌ ﴿١٨﴾ وَالَّذِيْنَ اٰمَنُوْا بِاللّٰهِ وَرُسُلِهٖٓ
اُولٰۗىِٕكَ هُمُ الصِّدِّيْقُوْنَ ڰ وَالشُّهَدَاۗءُ عِنْدَ رَبِّهِمْ ۭ

**તો આજે ન તો તમારી પાસેથી કંઇ ફિદયો લેવામાં આવશે[૪૨૧] અને ન તો ખુલ્લા કાફિરો પાસેથી. તમારૂં ઠેકાણું આગ છે તે તમારી મિત્ર છે, અને કેટલું ખરાબ પરિણામ (૧૫) શું ઇમાનવાળાઓ માટે હજુ તે સમય આવ્યો નથી કે તેમનાં હૃદયો અલ્લાહની યાદ અને ઉતરેલા સત્ય[૪૨૨] માટે નમી પડે ? અને તેમની જેવા બની જાય નહિ જેમને આગળ કિતાબ દેવામાં આવી[૪૨૩] પછી તેમની ઉપર મુદ્દત લાંબી થઇ[૪૨૪] ત્યારે તેમનાં હૃદયો સખત બની ગયાં[૪૨૫] અને તેમનામાં ઘણા ફાસિક છે ?[૪૨૬] (૧૬) જાણી લો કે અલ્લાહ ધરતીને તેના મૃત્યુ પછી[૪૨૭] સજીવ કરે છે. બેશક ! અમે તમારા માટે નિશાનીઓ વર્ણવી દીધી કે જેથી તમને સમજ પડે (૧૭) બેશક સદકો આપનાર પુરૂષો અને સદકો આપનાર સ્ત્રીઓ અને તેઓ જેમણે અલ્લાહને સારૂં કરજ આપ્યું[૪૨૮] તેમના માટે ડબલ છે અને તેમના માટે ઇજ્જતનો સવાબ છે[૪૨૯] (૧૮) અને તેઓ જે અલ્લાહ અને તેના બધા જ રસૂલો પર ઇમાન લાવે તેઓ જ પુરેપુરા સાચા છે અને અન્યો પર[૪૩૦] સાક્ષી પોતાના રબ પાસે. તેમના માટે તેમનો**

એક મુદ (સાડા ચાર શેર) કે અડધા મુદ (અનાજ અલ્લાહના માર્ગમાં) વાપરવા જેટલું પણ થાય નહિ. મુદ એક માપ છે જેનાથી જવ માપવામાં આવે છે.

**શાને નુઝૂલ** :- કલ્બીએ કહ્યું છે કે; આ આયત હઝરત અબૂબક્ર સિદ્દીક રદીયલ્લાહુ તઆલા અન્હુ વિષે ઉતરી કારણ કે આપ પહેલા તે માણસ છે જેમણે ઇસ્લામનો સ્વીકાર કર્યો અને પ્રથમ તે વ્યક્તિ છે જેમણે અલ્લાહના માર્ગમાં દોલત વાપરી અને રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની તરફદારી કરી.

૪૦૩. અર્થાત મક્કાના વિજય પહેલાં વાપરનાર અને ત્યાર બાદ વાપરનાર બધાંને.

૪૦૪. હા ! મરતબાઓમાં ફેર છે વિજય પહેલાં વાપરનારાઓનો મરતબો ઊંચો છે.

૪૦૫. અર્થાત દિલની ખુશીથી અલ્લાહના માર્ગમાં વાપરે. એ વાપરવાને કર્ઝ એટલા માટે કહ્યું કે એના માટે જન્નતનો વાયદો આપવામાં આવ્યો છે.

૪૦૬. પુલ સિરાત પર.

૪૦૭. અર્થાત તેમના ઇમાન અને ઇતાઅતનું નૂર.

૪૦૮. અને તેમને જન્નત તરફ દોરે છે.

૪૦૯. જ્યાંથી આવ્યા હતા ત્યાં અર્થાત હિસાબના સ્થાને જ્યાં અમને નૂર આપવામાં આવ્યું ત્યાં જઇને નૂર માંગો. અથવા એ અર્થ છે કે તમે અમારૂં નૂર પામી શકતા નથી નૂર માંગવા માટે પાછા જાવ. પછી તેઓ નૂર ઢુંઢવા પાછા જશે પણ કશું પામશે નહિ ત્યારે ફરી પાછા મુઅમિનો પાસે આવશે.

૪૧૦. અર્થાત મુઅમિનો અને મુનાફિકોની વચમાં.

**સવાબ[૪૩૧] અને તેમનું નૂર છે[૪૩૨]. અને જેમણે કુફ્ર કર્યું અને અમારી આયતો જૂઠાડી તેઓ દોઝખી છે (૧૯) જાણી લો કે દુનિયાનું જીવન તો નથી પણ ખેલકૂદ[૪૩૩] અને શૃંગાર અને તમારી પરસ્પર બડાઇ મારવી અને માલ ઔલાદમાં એક બીજાથી વધારે ઇચ્છવું[૪૩૪]. તે વરસાદની જેમ જેની ઉગાડેલી વનસ્પતી ખેડૂતોને ગમી પછી તે સુકાઇ ગઇ[૪૩૫] કે તુ તેને પીળી (પડેલી) જૂએ પછી ચગદાએલી બની ગઇ[૪૩૬], અને અલ્લાહ તરફથી માફી અને તેની ખુશી[૪૩૮]. અને દુનિયાનું જીવન તો છેતરપિંડીના માલ[૪૩૯] સિવાય (બીજું કશુંય) નથી (૨૦) આગળ ધપો પોતાના પરવરદિગારની માફી અને તે જન્નત તરફ[૪૪૦] જેની પહોળાઇ જાણે કે આકાશ અને પૃથ્વીનો ફેલાવો [૪૪૧], તેમના માટે સર્જાઇ છે જે અલ્લાહ અને તેના બધા જ રસૂલો પર ઇમાન લાવે. આ અલ્લાહની કૃપા છે, જેને ઇચ્છે તેને આપે. અને અલ્લાહ મહા કૃપાળુ છે (૨૧) નથી પહોંચતી કોઇ મુસીબત ધરતી**



لهم اجرهم ونورهم والذين كفروا وكذبوا بايتنا
اولئك اصحب الجحيم ⑲ اعلموا انما الحيوة
الدنيا لعب ولهو وزينة وتفاخر بينكم و
تكاثر في الاموال والاولاد كمثل غيث اعجب
الكفار نباته ثم يهيج فتره مصفرا ثم يكون
حطاما وفي الاخرة عذاب شديد ومغفرة
من الله ورضوان وما الحيوة الدنيا الا متاع
الغرور ⑳ سابقوا الى مغفرة من ربكم وجنة
عرضها كعرض السماء والارض اعدت للذين
امنوا بالله ورسله ذلك فضل الله يؤتيه من
يشاء والله ذو الفضل العظيم ㉑ ما اصاب من

૪૧૧. અમુક તફસીરકારોએ કહ્યું છે કે; તે અઅરાફ છે.

૪૧૨. ત્યાંથી જન્નતીઓ જન્નતમાં પ્રવેશશે.

૪૧૩. એટલે કે તે દીવાલની અંદર તરફ જન્નત છે.

૪૧૪. તે દીવાલની પાછળથી.

૪૧૫. દુનિયામાં. નમાઝો પઢતા હતા રોઝા રાખતા હતા.

૪૧૬. નિફાક અને કુફ્ર ધારણ કર્યું.

૪૧૭. દીને ઇસ્લામમાં.

૪૧૮. અને તમે ઠગારી આશાઓમાં રહ્યા કે મુસલમાનો પર આપત્તિઓ પડશે, તેઓનો વિનાશ થશે.

૪૧૯. અર્થાત મૃત્યુ.

૪૨૦. અર્થાત શયતાને છેતરપિંડી કરી કે; અલ્લાહ મહા ધીરજવાન છે તમને શિક્ષા નહિ કરે ન તો મૃત્યુ પછી ઉઠવાનું છે ન હિસાબ થવાનો છે. અને તમે તેની છેતરામણમાં ફસાઇ ગયા.

૪૨૧. જે આપીને તમે પોતાનો જીવ અઝાબથી છોડવો. અમુક તફસીરકારોએ એવો અર્થ કહ્યો છે કે; આજે તમારી પાસેથી ન તો ઇમાન કબૂલ કરવામાં આવે ન તો તવબહ.

૪૨૨. ઉમ્મુલ મુઅમિનીન હઝરત આઇશહ સિદ્દીકહ રદીયલ્લાહુ તઆલા અન્હા કહે છે કે; હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ (એક સમયે) ઘરની બહાર નીકળ્યા ત્યારે મુસલમાનોને પરસ્પર હસતા જોયા. ફરમાવ્યું; તમે હસો છો ? હજુ તમારા પરવરદિગાર તરફથી અમાન (શાંતિની ખબર) આવી નથી

مُّصِيبَةٍ فِي الْأَرْضِ وَلَا فِي أَنفُسِكُمْ إِلَّا فِي
كِتَابٍ مِّن قَبْلِ أَن نَّبْرَأَهَا إِنَّ ذَٰلِكَ عَلَى اللَّهِ
يَسِيرٌ ﴿٢٢﴾ لِّكَيْلَا تَأْسَوْا عَلَىٰ مَا فَاتَكُمْ وَلَا تَفْرَحُوا بِمَا آتَاكُمْ
وَاللَّهُ لَا يُحِبُّ كُلَّ مُخْتَالٍ فَخُورٍ ﴿٢٣﴾ الَّذِينَ يَبْخَلُونَ
وَيَأْمُرُونَ النَّاسَ بِالْبُخْلِ وَمَن يَتَوَلَّ فَإِنَّ اللَّهَ هُوَ
الْغَنِيُّ الْحَمِيدُ ﴿٢٤﴾ لَقَدْ أَرْسَلْنَا رُسُلَنَا بِالْبَيِّنَاتِ وَأَنزَلْنَا
مَعَهُمُ الْكِتَابَ وَالْمِيزَانَ لِيَقُومَ النَّاسُ بِالْقِسْطِ وَ
أَنزَلْنَا الْحَدِيدَ فِيهِ بَأْسٌ شَدِيدٌ وَمَنَافِعُ لِلنَّاسِ
وَلِيَعْلَمَ اللَّهُ مَن يَنصُرُهُ وَرُسُلَهُ بِالْغَيْبِ إِنَّ اللَّهَ قَوِيٌّ
عَزِيزٌ ﴿٢٥﴾ وَلَقَدْ أَرْسَلْنَا نُوحًا وَإِبْرَاهِيمَ وَجَعَلْنَا فِي
ذُرِّيَّتِهِمَا النُّبُوَّةَ وَالْكِتَابَ فَمِنْهُم مُّهْتَدٍ وَكَثِيرٌ

**માં[૪૪૨] અને ન તો તમારા જીવોમાં[૪૪૩] પણ (એ કે) તે એક કિતાબમાં (આલેખાએલી) છે[૪૪૪] અમે તેને સર્જીએ ત્યાર પહેલાંથી[૪૪૫] બેશક આ [૪૪૬] (તો) અલ્લાહ માટે (સાવ) સરળ છે (૨૨) એટલા માટે કે ખેદ કરો નહિ[૪૪૭] તેનો જે હાથમાંથી ચાલ્યું જાય અને હર્ષઘેલા બનો નહિ[૪૪૮] તે બદલે જે તમને આપ્યું[૪૪૯] અને કોઇપણ ઇતરાઇ જનાર બડાઇ મારનાર અલ્લાહને ગમતો નથી (૨૩) તેઓ જે પોતે કંજુસાઇ કરે[૪૫૦] અને બીજાઓને કંજુસાઇ કરવાનું કહે[૪૫૧] અને જે મોઢું ફેરવે.[૪૫૨] તો બેશક અલ્લાહ જ બેપરવાહ છે બધી ખૂબીઓથી વખણાએલો (૨૪) બેશક! અમે અમારા રસૂલોને દલીલો સાથે મોકલ્યા અને તેમની સાથે કિતાબ[૪૫૩] તેમજ ન્યાયનું ત્રાજવું[૪૫૪] ઉતાર્યુ કે (જેથી) લોકો ન્યાય પર સ્થાયી થાય.[૪૫૫] અને અમે લોઢું ઉતાર્યું[૪૫૬], તેમાં સખત આંચ[૪૫૭] અને લોકોના ફાયદાઓ (છે)[૪૫૮] અને (આ) એટલા માટે કે અલ્લાહ જુએ તેને જે વગર દેખ્યે તેની[૪૫૯] અને તેના રસૂલોની મદદ કરે છે બેશક! અલ્લાહ તઆલા શકિતશાળી ચઢિયાતો છે[૪૬૦] (૨૫) અને બેશક અમે મોકલ્યા નૂહને અને ઇબ્રાહીમને અને તેમના વંશમાં નબુવ્વત અને કિતાબ રાખી[૪૬૧] તો એમનામાં[૪૬૨] કોઇ માર્ગ પર**

અને તમારા હસવા બાબત આ આયત ઉતરી છે. ત્યારે સહાબાએ પૂછ્યું કે; યા રસુલલ્લાહ ! એ હસવાનો કફ્ફારો શું છે ? ફરમાવ્યું; એટલું જ રડવું. અને ''ઉતરનાર સત્ય''નો મતલબ કુરઆન શરીફ છે.

૪૨૩. અર્થાત યહૂદીઓ અને ખ્રિસ્તીઓની રીત રસમો અપનાવે નહી.

૪૨૪. અર્થાત તે સમય જે તેમની અને તેમના પૈગમ્બરોની વચમાં હતો.

૪૨૫. અને અલ્લાહની યાદ માટે નરમ થયાં નહિ દુનિયા તરફ નમી પડયાં અને તેમણે શિખામણો તરફથી મોઢું ફેરવી લીધું.

૪૨૬. દીનમાંથી નીકળી જનાર.

૪૨૭. વરસાદ વરસાવીને અને લીલોતરી ઉગાડીને તે સુકાઇ ગઇ હતી ત્યાર પછી. એવી જ રીતે તે હૃદયોને પણ સખત થઇ ગયા પછી નરમ બનાવે છે અને તેમને ઇલ્મ તેમ જ હિકમત વડે જીવન અર્પે છે. અમુક તફસીરકારોએ કહ્યું છે કે; ઝિક્ર હૃદયોમાં જે અસર કરે છે તેનું આ દ્રષ્ટાંત છે કે જે રીતે વરસાદથી ધરતીને જીવન પ્રાપ્ત થાય છે એવી જ રીતે અલ્લાહના ઝિક્રથી હૃદયો જીવંત બને છે.

૪૨૮. અર્થાત દિલ અને નિય્યતની નિખાલસતાપૂર્વક હકદારોને સદકો આપ્યો અને અલ્લાહના માર્ગમાં વાપર્યું.

૪૨૯. અને તે જન્નત છે.

૪૩૦. આગળ પસાર થઇ ગએલી ઉમ્મતો પર.

૪૩૧. જેનો વાયદો કરવામાં આવ્યો છે.

૪૩૨. જે હશ્રમાં તેમની સાથે હશે.

૪૩૩. જેમાં સમય બગાડવા સિવાય બીજું કશું ય નથી.

૪૩૪. અને એ વસ્તુઓમાં વ્યસ્ત રહેવું અને એની સાથે દિલ લગાડવું એ જ દુનિયા છે. પરંતુ ઇબાદતો અને જે વસ્તુઓ ઇબાદત કરવામાં સહાયક બનતી હોય તે આખેરતનાં કામો છે. હવે આ દુનિયાના જીવનનું એક દ્રષ્ટાંત વર્ણવવામાં આવે છે;

૪૩૫. તેની લીલાશ જતી રહી પીળી પડી ગઇ કોઇ આસ્માની અથવા પૃથ્વીની આફતના કારણે.

૪૩૬. ચૂરેચૂરા. એ જ હાલત દુનિયાના જીવનની છે જેનાથી દુનિયાનો તલબગાર ખુશ ખુશ થાય છે અને તેની સાથે ઘણી બધી આશાઓ બાંધે છે પણ તે તો બહું જ ઉતાવળે પસાર થઇ જાય છે.

૪૩૭. તેના માટે જે દુનિયાનો તલબગાર બન્યો અને જીવન ખેલકૂદમાં વેડફી નાખ્યું અને તેણે આખેરતની પરવાહ કરી નહિ. એવી હાલત કાફિરની થાય છે.

૪૩૮. જેણે દુનિયાને આખેરત પર પસંદગી આપી નહિ.

૪૩૯. આ તેના માટે છે જે દુનિયાનો જ બની રહે અને એના પર ભરોસો રાખે અને આખેરતની ફિકર કરે નહિ. હઝરત ઝુન્નૂન રદીયલ્લાહુ તઆલા અન્હુએ ફરમાવ્યું; અય મુરીદો ! દુનિયા ન ઇચ્છો અને જો ઇચ્છો તો એનાથી પ્રેમ કરો નહિ ભાથુ અહીંથી લો અને આરામ કરવાનું સ્થાન તો બીજું છે.

૪૪૦. અલ્લાહની ખુશીના તલબગાર બનો તેની આજ્ઞાઓનું પાલન કરો અને તેનું કહ્યું માનીને જન્નત તરફ આગળ ધપો.

૪૪૧. અર્થાત જન્નતની પહોળાઇ એટલી બધી છે કે સાતેય આકાશો અને સાતેય જમીનોનાં પડ એક બીજા સાથે જોડવી દેવામાં આવે અને જેટલું પહોળું થાય તેટલી જન્નતની પહોળાઇ છે પછી લંબાઇની હદ કેટલી હશે ?

૪૪૨. દુકાળની, વરસાદ નહિ વરસવાની, પાક નહિ થવાની, ફળ ફળાદી ઓછાં ઉતરવાની, ખેતીઓ બરબાદ થવાની.

૪૪૩. બીમારીઓની અને સંતાનોની ફિકરની.

૪૪૪. લવહે મહફૂઝમાં.

૪૪૫. અર્થાત જમીનને અથવા જીવોને અથવા મુસીબતોને.

૪૪૬. અર્થાત એ વસ્તુઓ મોટી સંખ્યામાં હોવા છતાં તેનું લખવું.

૪૪૭. દુનિયાના અસ્બાબનો.

૪૪૮. અર્થાત ઇતરાવ નહિ.

૪૪૯. દુનિયાનો અસ્બાબ અને એવું સમજો કે અલ્લાહ તઆલાએ જે નિર્ધાર્યું છે તે અવશ્ય થવાનું જ છે ખેદ કરવાથી કોઇ ખોવાએલી વસ્તુ પાછી મલી જવાની નથી અને ન તો નાશ પામનારી વસ્તુ ઇતરાવા લાયક છે તેથી હર્ષ થાય ત્યારે શુકર અને ખેદ થાય ત્યારે સબર કરો. અહીં ''ખેદ'' નો મતલબ માનવીની તે હાલત છે જેમાં સબર તેમ જ અલ્લાહની મરજીમાં પોતાની મરજી તેમ જ સવાબની આશા બાકી રહેતી ન હોય અને ''હર્ષઘેલુ'' બનવાનો મતલબ એવું ઇતરાઇ જવું છે જેમાં મસ્ત બનીને માનવી શુકર કરવાનુ વિસરી જાય. પણ તે રંજ અને ગમ જેમાં બંદો અલ્લાહ તરફ કેન્દ્રિત થાય અને તેની મરજીથી રાજી થાય. એવી જ રીતે તે ખુશી જેના બદલ અલ્લાહ તઆલાનો શુકર ગુઝાર બને તેની મનાઇ નથી. હઝરત ઇમામ

مِنْهُمْ فٰسِقُوْنَ ﴿٢٦﴾ ثُمَّ قَفَّيْنَا عَلٰٓى اٰثَارِهِمْ بِرُسُلِنَا
وَقَفَّيْنَا بِعِيْسَى ابْنِ مَرْيَمَ وَاٰتَيْنٰهُ الْاِنْجِيْلَ ۙ وَجَعَلْنَا
فِيْ قُلُوْبِ الَّذِيْنَ اتَّبَعُوْهُ رَاْفَةً وَّرَحْمَةً ؕ وَرَهْبَانِيَّةَ
ابْتَدَعُوْهَا مَا كَتَبْنٰهَا عَلَيْهِمْ اِلَّا ابْتِغَآءَ رِضْوَانِ اللّٰهِ
فَمَا رَعَوْهَا حَقَّ رِعَايَتِهَا ۚ فَاٰتَيْنَا الَّذِيْنَ اٰمَنُوْا مِنْهُمْ
اَجْرَهُمْ ۚ وَكَثِيْرٌ مِّنْهُمْ فٰسِقُوْنَ ﴿٢٧﴾ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا
اتَّقُوا اللّٰهَ وَاٰمِنُوْا بِرَسُوْلِهٖ يُؤْتِكُمْ كِفْلَيْنِ مِنْ رَّحْمَتِهٖ
وَيَجْعَلْ لَّكُمْ نُوْرًا تَمْشُوْنَ بِهٖ وَيَغْفِرْ لَكُمْ ؕ وَاللّٰهُ غَفُوْرٌ
رَّحِيْمٌ ﴿٢٨﴾ لِّئَلَّا يَعْلَمَ اَهْلُ الْكِتٰبِ اَلَّا يَقْدِرُوْنَ عَلٰى
شَيْءٍ مِّنْ فَضْلِ اللّٰهِ وَاَنَّ الْفَضْلَ بِيَدِ اللّٰهِ يُؤْتِيْهِ
مَنْ يَّشَآءُ ؕ وَاللّٰهُ ذُو الْفَضْلِ الْعَظِيْمِ ﴿٢٩﴾

**આવ્યું અને એમનામાં ઘણા ફાસિક છે (૨૬) પછી અમે તેમની પાછળ[૪૬૩] એ જ માર્ગ પર પોતાના બીજા રસૂલો મોકલ્યા અને તેમની પાછળ મરયમના પુત્ર ઇસાને મોકલ્યો અને તેને ઇન્જીલ આપી અને તેના અનુયાયીઓના દિલોમાં નરમી અને મહેરબાની મૂકી,[૪૬૪] અને રાહિબ (સન્યાસી) બનવું[૪૬૫] એ તો એમણે દીનમાં પોતાના તરફથી કાઢયું, અમે એમના માટે નક્કી કર્યું ન હતું. હા ! એ બિદઅત તેમણે અલ્લાહની ખુશી મેળવવા ઉપજાવી કાઢી પછી જે રીતે તેને નિભાવવું જોઇએ તે રીતે નિભાવ્યું નહિ[૪૬૬] તો અમે તેમના ઇમાનવાળાઓને[૪૬૭] તેમનો સવાબ આપ્યો અને તેમનામાં ઘણા ફાસિક છે[૪૬૮] (૨૭) અય ઇમાનવાળાઓ ![૪૬૯] અલ્લાહથી ડરો અને તેના રસૂલ[૪૭૦] પર ઇમાન લાવો તે પોતાની મહેરબાનીના બે ભાગ તમને આપશે[૪૭૧] અને તમારા માટે નૂર કરી આપશે[૪૭૨] જેમાં (તમે) ચાલો અને તમને માફ કરી દેશે. અને અલ્લાહ માફ કરનાર મહેરબાન છે (૨૮) આ એટલા માટે કે કિતાબવાળા કાફિરો જાણી લે કે અલ્લાહની મહેરબાની પર તેમનો કશો કાબૂ નથી[૪૭૩] અને એ કે કૃપા અલ્લાહના હાથમાં છે જેને ઇચ્છે તેને આપે છે. અને અલ્લાહ મહાન કૃપાળુ છે (૨૯)**

જાફર સાદિક રદીયલ્લાહુ તઆલા અન્હુએ ફરમાવ્યું; અય આદમના ફરઝંદ ! કોઇ વસ્તુના નહિ હોવાથી શા માટે ખેદ કરે છે ? એ (ખેદ) તેને તારી પાસે લાવી આપશે નહિ, અને કોઇ પ્રસ્તુત વસ્તુ પર શા માટે ઇતરાઇ છે ? મૃત્યુ એને તારી પાસે રહેવા દેશે નહિ.

૪૫૦. અને અલ્લાહના માર્ગમાં તેમ જ સારાં કામોમાં વાપરે નહિ અને દોલતના હકકો પુરા કરવામાં નાસીપાસ થાય.

૪૫૧. એની તફસીરમાં તફસીરકારોનું એક કથન એવું પણ છે કે; આ યહૂદીઓની હાલતનું વર્ણન છે અને કંજૂસાઇ કરવાનો મતલબ તે છે જે તેઓ હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના આગલી કિતાબમાં વર્ણવાએલા વખાણ સંતાડતા હતા.

૪૫૨. ઇમાન લાવવાથી અથવા દોલત વાપરવાથી અથવા અલ્લાહ અને રસૂલની તાબેદારી કરવાથી.

૪૫૩. આદેશો ઉપદેશોનું વર્ણન કરનાર.

૪૫૪. ત્રાજવાનો મતલબ ન્યાય છે. અર્થ એ છે કે અમે ન્યાય કરવાનો હુકમ આપ્યો. અને એક કથન એવું છે કે ત્રાજવાનો મતલબ વજન કરવાનું સાધન છે. બયાન કરવામાં આવ્યું છે કે હઝરત જિબ્રઇલ અલયહિસ્સલામ હઝરત નૂહ અલયહિસ્સલામ પાસે ત્રાજવું લાવ્યા અને કહ્યું કે; તમારી કોમને આનાથી જોખવાનું કહો.

૪૫૫. અને કોઇ બીજાનો હક્ક મારો નહિ.

૪૫૬. અમુક તફસીરકારોએ કહ્યું છે કે ઉતારવાનો અર્થ અહિં સર્જવાનો છે અર્થ એ છે કે અમે લોઢું

બનાવ્યું અને લોકો માટે ખાણોમાં ઉત્પન્ન કર્યું અને તેમને એને લગતી કારીગરીની જાણકારી આપી. અને એવું પણ બયાન કરવામાં આવ્યું છે કે અલ્લાહ તઆલાએ ચાર બરકતવાળી વસ્તુઓ આકાશમાંથી ધરતી તરફ ઉતારી લોઢું, આગ, પાણી અને મીઠું.

૪૫૭. અને ખૂબ તાકાત કે એનાથી હથિયારો અને લડાઇનો સામાન બનાવવામાં આવે છે.

૪૫૮. કે કારીગરી અને હુન્નર ઉદ્યોગમાં તે બહું ઉપયોગી થાય છે. તારતમ્ય એ છે કે અમે રસૂલોને મોકલ્યા અને તેમની સાથે એ વસ્તુઓ (પણ) મોકલી કે જેથી લોકો સત્ય અને ન્યાય મુજબ વર્તે.

૪૫૯. અર્થાત તેના દીનની.

૪૬૦. તેને કોઇની મદદની આવશ્યકતા નથી દીનની મદદ કરવાનો જે હુક્મ આપવામાં આવ્યો તે લોકોના ફાયદા માટે જ છે.

૪૬૧. અર્થાત તવરાત, ઇન્જીલ, ઝબૂર અને કુરઆન.

૪૬૨. અર્થાત તેમના વંશમાં જેમનામાં નબી અને કિતાબો મોકલી.

૪૬૩. અર્થાત હઝરત નૂહ અને હઝરત ઇબ્રાહીમ પછી હઝરત ઇસા અલયહિસ્સલામના સમય સુધી એક પછી એક.

૪૬૪. કે તેઓ પરસ્પર એકબીજા સાથે પ્રેમ અને મહોબ્બત ધરાવતા હતા.

૪૬૫. પર્વતો અને ગુફાઓ તેમજ સુના મકાનોમાં એકાંતવાસી થઇ જવું અને મઠો બનાવવા અને જગતવાસીઓ સાથે સંબંધો તોડી નાખવા અને ઇબાદત કરવામાં પોતાની ઉપર વધારાનાં કષ્ટો લઇ લેવાં દુનિયા ત્યજી દેવી નિકાહ નહિ કરવા, ખૂબ જાડાં કપડાંઓ પહેરવાં, હલકી કક્ષાનો ખોરાક અને તે પણ ખૂબ ઓછો ખાવો.

૪૬૬. બલ્કે તેને વ્યર્થ કરી નાખ્યું અને ''ત્રણ'' તેમ જ ''ત્રણ થઇને એક'' માં સપડાયા અને હઝરત ઇસા અલયહિસ્સલામનો દીન છોડીને પોતાના રાજાઓના ધર્મોમાં જોડાઇ ગયા અને અમુક જ લોકો તેમના માંથી દીને મસીહી પર અડગ રહ્યા અને તેમણે પણ જ્યારે હુઝૂરનો સમય મેળવ્યો ત્યારે આપની ઉપર ઇમાન લાવ્યા નહિ.

**મસઅલો** :- આ આયતથી જણાયું કે બિદઅત એટલે કે દીનમાં કોઇ નવી વાત કાઢવી, તો જો તે વાત નેક હોય અને તેનાથી અલ્લાહની ખુશી મેળવવાનો હેતુ હોય તો તે સારી છે તે બદલ સવાબ મળે છે અને તેને ચાલું રાખવું જોઇએ. એવી બિદઅતને 'બિદઅતે હસનહ' કહે છે. હા ! દીનમાં ખરાબ વાત કાઢવી ''બિદઅતે સય્યિઅહ'' કહેવાય છે તે મના અને નાજાઇઝ છે. અને ''બિદઅતે સય્યિઅહ'' હદીષમાં તેને કહેવાયું છે જે સુન્નતની વિરૂધ્ધ હોય તેને ઉજાપવી કાઢવાથી કોઇ સુન્નત નાબૂદ થતી હોય. આનાથી હજારો મસ્અલાઓનો ફેંસલો થઇ જાય છે જે વિષે આજકાલ લોકો મતભેદ ધરાવે છે અને પોતાના મનની ઇચ્છાથી એવાં સારાં કામોને બિદઅત કહી રોકે છે જેનાથી દીનને શક્તિ અને ટેકો પ્રાપ્ત થાય છે અને મુસલમાનોને આખેરતના લાભો મળે છે અને તેઓ ઇબાદત અને ફરમાંબરદારીમાં શોખપૂર્વક મગ્ન રહે છે એવાં કામોને બિદઅત કહેવું કુરઆન મજીદની આ આયતની તદ્દન વિરૂધ્ધ છે.

૪૬૭. જેઓ દીન પર અડગ રહ્યા હતા.

૪૬૮. જેમણે સન્યાસીપણું છોડી દીધું અને હઝરત ઇસા અલયહિસ્સલામના દીનથી ફરી બેઠા.

૪૬૯. હઝરત મૂસા અલયહિસ્સલામ અને હઝરત ઇસા અલૈહિસ્સલામ પર ઇમાન ધરાવનારાઓ !

આ સંબોધન અહલે કિતાબને છે તેમને કહેવામાં આવે છે.....

૪૭૦. સય્યિદે આલમ મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ.....

૪૭૧. અર્થાત તમને ડબલ બદલો આપશે કારણ કે તમે આગલી કિતાબ અને આગલા નબી પર પણ ઇમાન લાવ્યા અને સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ અને કુરઆન મજીદ પર પણ.

૪૭૨. પુલસિરાત પર.

૪૭૩. તેઓ એમાંથી કશું મેળવી શકતા નથી ન તો ડબલ બદલો ન નૂર ન માફી, કારણ કે તેઓ સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પર ઇમાન લાવ્યા નહિ તેથી તેમનું આગલા નબીઓ પર ઇમાન લાવવું પણ કશા ખપનુ નથી.

**શાને નુઝૂલ** :- જ્યારે ઉપરની આયત ઉતરી અને એમાં અહલે કિતાબ ઇમાનવાળાઓને સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પર ઇમાન લાવવા બદલ ડબલ સવાબનો વાયદો આપવામાં આવ્યો ત્યારે અહલે કિતાબ કાફિરોએ કહ્યું; જો અમે હુઝૂર પર ઇમાન લાવીએ તો ડબલ બદલો મળે અને ન લાવીએ તો એક બદલો તો અવશ્ય મળશે. તે બાબત આ આયત ઉતરી અને તેમના એ ખ્યાલને રદિયો આપી દેવામાં આવ્યો.